Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૩૪
તા.૧૯-૦૬-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ જેઠ સુદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૫ સૂર્યાસ્ત : ૦૭:૨૭

તાપમાન: ડીસા ૩૮.૧ | અમદાવાદ ૪૦.૪ | ગાંધીનગર ૩૯.૦ | વડોદરા ૩૭.૭ | સુરત ૩૨.૮ | નલિયા ૩૫.૪

ચાંદી : ૪૧,૦૦૦ સોનું : ૩૨,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ    પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭    જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# પૂર્વોત્તરમાં ‘જળપ્રલય’ : મૃત્યુઆંક વધીને ૨૩ થયો

## આસામ-ત્રિપુરા-મણીપુરમાં ભારે વરસાદ-પૂર-ભેખડો ધસી પડતા ભારે તબાહી

ન્યુ દિલ્હી/મણિપુર

ભારે વરસાદના કારણે આ દિવસોમાં ઉત્તર-પૂર્વના ઘણા રાજ્યોમાં પૂરનું કહર ચાલુ છે. આ વિનાશક પૂરથી ઉત્તર પૂર્વમાં છેલ્લાં ૨૪ કલાકમાં છ લોકો મૃત્યુ પામ્યા છે. આ મૃત્યુ પછી મૃત્યુ આંક વધીને ૨૩ થયો છે. મીડિયા રિપોર્ટ અનુસાર, આસામમાં શનિવાર થી પાંચ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે મણિપુરમાં એક માણસ મૃત્યુ પામ્યો છે. આસામમાં સતત વરસાદના કારણે રાજ્યના ઘણા વિસ્તારોનો ભૂપ્રદેશ ખૂબ જ ખરાબ થઇ ગયો છે. રાજ્યમાં સતત વરસાદને કારણે રાજ્યની રાજધાની ગુવાહાટીમાં બ્રહ્મપુત્રા નદીનું પાણીનું સ્તર ઝડપથી વધી રહ્યું છે. ૨-૩ દિવસમાં તે જોખમી નિશાન પાર કરવાનું અનુમાન છે. કાર્બી આંગલોન્ગ વેસ્ટ, ગોલાગાટ, કરીમગંજ, હૈલાકાંડી અને કછાર જીલ્લાઓમાં આ વિનાશક પૂરથી ૪.૪૮ લાખથી વધુ લોકોને અસર થઈ છે. શનિવારથી પૂરને કારણે, ઉધરબોન્ડમાં બે લોકો અને કછાર જીલ્લાના સદર મહેસૂલ વિભાગના એક વ્યક્તિનું મોત થયું હતું. હૈલાકાંડી અને કરીમગંજ જિલ્લાઓમાં મહેસૂલ વિભાગના ડિવિઝન ખાતે એક એક વ્યક્તિનું મોત થયું હતું. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એએસડીએમએ) અનુસાર, પાંચ જિલ્લાઓમાં સત્તાવાળાઓ ૪૮૧ રાહત શિબિરોમાં અને વિતરણ કેન્દ્રો ચલાવી રહ્યા છે. જયાં ૧,૭૩,૨૪૫ લોકો આ સમયે આશ્રય લઈ રહ્યા છે. આસામ અને ત્રિપુરાની પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં ઈન્ડિયન એર ફોર્સ એ અત્યાર સુધીમાં ૮ ટન રાહત સામગ્રીનું વિતરણ કર્યું છે.એએસડીએમએ જણાવ્યું છે કે ૭૧૬ ગામો પૂરની લપેટમાં છે અને ૩,૨૯૨ હેક્ટર પાક ખરાબ થઈ ગયો છે. નોર્થ-ઈસ્ટ સીમાંત રેલ્વેના ચીફ પબ્લિક રિલેશન્સ ઓફિસર પ્રણવ જ્યોતિ શર્માએ જણાવ્યું હતું કે લુમડિંગ-બદરપુર વિભાગમાં ટ્રેન સેવા બંધરખલ દમચારા સ્ટેશન વચ્ચે ભૂસ્ખલનને કારણે સ્થગિત થઈ હતી. મણિપુરમાં સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે ઈમ્ફાલમાં આજે સવારે વરસાદમાં ઘટાડો થયો હતો પરંતુ થોબાલ, ઈમ્ફાલ વેસ્ટ અને બિષ્ણુપુરની સ્થિતિ હજુ સુધી સુધરી નથી. રાજયમાં પૂરથી નુકસાન થયેલા ઘરોની સંખ્યા વધીને ૨૨,૬૨૪ થઈ ગઈ છે. ૧.૮ લાખથી વધુ લોકો પૂરથી અસરગ્રસ્ત થયા છે.

જરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો જારી રાખવા નિર્ણય

## ભારતભરમાં ટ્રાન્સપોર્ટરની હડતાળ શરૂ : અને સમસ્યા

નવી દિલ્હી

ઓલ ઈન્ડિયા કન્ફેડરેશન ઓફ ગુડ્સ ઓપરેટર્સના નેતૃત્વમાં ટ્રાન્સપોર્ટરો આજથી દેશવ્યાપી હડતાળ પર ઉતરી ગયા છે. જેથી તેની અસર દેખાવવાના સંકેત મળી રહ્યા છે. અચોક્કસ મુદ્દતની હડતાળ પાડવામાં આવી રહી છે. હડાતળ દરમિયાન જીવનજરૂરી અને ખાવાપીવાની ચીજોનો પુરવઠો જારી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જયારે તમામ પ્રકારના કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ ચીજ વસ્તુઓનો પુરવઠો બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ જેવા અન્ય સંગઠનોસોમવારના બદલે આગામી મહિનાથી હડતાળ પાડનાર છે જેથી વર્તમાન હડતાળને સારો પ્રતિસાદ મળી રહ્યો નથી. જો કે જાણકાર લોકોનુ કહેવુ છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં સપ્લાય ચેઈન તુટી જવાના કારણે સમગ્ર દેશમાં કારોબાર પર તેની અસર થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ઓલ ઈન્ડિયા કન્ફેડરેશન ઓફ ગુડ્સ ઓપરેટર્સ એસોસિએશનના પ્રમુખ ડી. ચેન્નારેડીએ કહ્યુ છે કે ડિઝલની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે.

## વિચાર વૈભવ...

### દુકાળ પડે ત્યારે કોદરા મોંઘા

પ્રતિષ્ઠાનો બોજ લઈને વર્ષોથી ચાલ્યા કરું છું. અતિશય લાંબી માલગાડીના એન્જિનની માફક ક્યારેક હાંફ ચઢે છે. રઝળપાટનો ક્યાંય અંત દેખાતો નથી. ઋતુનાં આવર્તનો હવે કોઠે પડી ગયાં છે. હવે વર્ષા ભીંજવી શકતી નથી, ગ્રીષ્મ પ્રજાળી શકતી નથી અને હેમંત થથરાવી શકતી નથી.

બપસણી લીલ પર ઉભો છું તો ય લોકો મને સ્થિર ઊભેલા માણસ તરીકે જુએ છે. દોરડી બળે ત્યારે રહી જતી રાખોડીનો કોઈ વળ નથી હોતો. જીવનની બધી આંટીઘૂંટીઓ સ્મશાન ભસ્મ સાથે નદીના પાણીમાં વહી જાય છે. એક નિઃશેષ ભાગાકારનો દાખલો પૂરો થાય છે. અપૂર્ણ માણસોએ જ અપૂર્ણાંકની શોધ કરી હોય એમ જણાય છે.

કલપ લગાડીને એ પોતાના વાળની શ્યામલ પ્રતિષ્ઠા જાળવી રાખવા મથે છે. ચોકઠું પહેરીને એ પોતાના ચહેરાની ઈજ્જત માંડ જાળવી રાખે છે. સ્મિત વેરીને પોતાના ગુસ્સાને બદનામ થતો બચાવી લે છે. કહે છે કે સૂર્યને ઘણીવાર પોરો ખાવાનું મન થાય છે. એ બિચારો એમ નથી કરી શકતો કારણ કે નિયમિતપણાની સદીઓથી જામેલી પ્રતિષ્ઠા ગુમાવવા એ તૈયાર નથી.

ઘડિયાળનું લોલક અટકી જાય તો ય કાળ અટકતો નથી. વહેતો જ રહે છે કારણ કે ‘અનાદિ’ અને ‘અનંત’ જેવાં વિશેષણો દ્વારા મળેલી પ્રતિષ્ઠા એ ટકાવી રાખવા માગે છે. લાંબી માલગાડીનું એન્જિન જીવનભર હાંફતું રહે છે. ગાલની પ્રતિષ્ઠા જળવાઈ રહે તે માટે તમાચા ખાનારા આ જગતમાં ઓછા નથી.

- ગુણવંત શાહ

## વિઠલાપુરમાં સગીરને ઢોર માર મારનાર આરોપી પાલનપુરથી ઝડપાયો

### આરોપી સગીર હોવાથી જુવેનાઈલ કોર્ટમાં રજૂ કરાશે

ચાણસ્મા

બહુચરાજી નજીકના વિઠલાપુર ગામે એક વાલ્મીકી સમાજના સગીરનું અપહરણ કરી અને તેને ઢોર માર મારવાના બહુ ચર્ચિત કિસ્સામાં પોલીસે ચાર આરોપીઓ વિરૂધધ અપહરણ અને એટ્રોસીટીનો ગુનો દાખલ કર્યો હતો. જેમાં અગાઉ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે નાસતા ફરતા એક આરોપીની ગઈકાલે પાલનપુર ખાતેથી અટકાયત કરવામાં આવી હતી. જ્યારે અન્ય નાસતા ફરતા એક આરોપીને પકડી પાડવા ભારે શોધખોળ હાથ ધરી છે.

દલિત યુવાનને માર મારવાનો વિડીયો વાયરલ થયો હતો. જેના આધારે વિઠલાપુર અને એદલા ગામના ચાર ક્ષત્રિય યુવાનો વિરૂધ્ધ મહેસાણા જિલ્લા પોલીસ અધિક્ષકની સુચનાથી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. અને અત્યારનો ભોગ બનનાર પરિવારને સમાજ કલ્યાણ ખાતા દ્વારા રૂા.૫૦ હજારની સહાય ચુકવવામાં આવી હતી. જ્યારકે ધારા ધોરણ મુજબ વધુ રૂા. એક લાખ ૫૦ હજારની સહાય ગુનાનુ ચાર્જશીટ થયા બાદ

અનુસંધાન પાના નં.૬

## ગુજરાત સ્તરના યોગ દિવસની ઉજવણી અમદાવાદમાં કરાશે

અમદાવાદ

વિશ્વ યોગ દિવસ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ગુજરાતમાં રાજયસ્તરના વિશ્વ યોગ દિવસની ઉજવણી અમદાવાદમાં સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ૧૦ હજારથી પણ વધુ લોકો ઉપસ્થિત રહેશે. સમગ્ર અમદાવાદ શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં પાંચ લાખથી પણ વધુ લોકો કાર્યક્રમમાં ભાગ લેશે.

## પાલનપુરની લડબી નદીમાં બિલ્ડરોને બચાવવાનો કારસો રચાઈ રહ્યો હોવાની રાવ

### કલેક્ટરના આદેશ છતાં ગેરકાયદેસર બાંધકામો ધમધમી રહ્યા હોવાની બૂમરાણ

પાલનપુર

પાલનપુરના મધ્ય ભાગમાંથી પસાર થતી મધ્યકાલીન લડબી નદીના પટમાં અનેક બિલ્ડરોએ મોટા માથાઓએ દબાણ કરી દીધા છે. આ દબાણોને કારણે લડબી નદીનું વહેણ રોકાઈ ગયું છે. ત્યારે પાલનપુરના નાગરિકો દ્વારા આંદોલનની ચીમકી અપાતા આખરે સરકાર અને તંત્ર જાગ્યું અને નદીનો ફરીથી રિસર્વે કરી દબાણો પર માર્કિંગ કરાયા છતાં પણ પાલનપુર નગરપાલિકાના સત્તાધીશો મોટા બિલ્ડરોને છાવરી રહ્યા હોવાની રાવ ઉઠી છે.

છેલ્લા વીસ દિવસથી પાલનપુરની જનતા લડબી નદીના મામલે લડત ચલાવી રહી છે. છતાં તંત્રના પેટનું પાણી પણ હાલતું નથી. મોટા ભૂ માફિયાઓના દબાણો લડબી નદીના પટમાં છે. ત્યારે તંત્રએ નોટિસો આપવાનું નાટક ભજવ્યું છે.

અનુસંધાન પાના નં.૬

### સીએમ રૂપાણીને રજૂઆત કરાશે

પાલનપુરમાં લોકોની સુખાકારી માટે લડબી બચાવો અભિયાન આદર્યું છે. ત્યારે તંત્રની નિષ્કાળજીને સામે હવે પાલનપુરના નાગરિકો રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીને રજૂઆત કરશે. અને લડબી નદીના વહેણને પુન જીવિત કરવા માટે રજૂઆત કરશે. અને લડબી નદીના પટમાં ગેરકાયદેસર દબાણો હટાવવાની પણ રજૂઆત કરશે.

## સાર સમાચાર...

### કોની મંજુરીથી ધરણા થઇ રહ્યા છે : દિલ્હીમાં હાઈકોર્ટનો પ્રશ્ન

નવીદિલ્હી

દિલ્હીમાં ધરણા પ્રદર્શનના રાજકારણનો મામલો દિન પ્રતિદિન વધુ ગંભીર બની રહ્યો છે. અચોક્કસ ઉપવાસના આજે છઠ્ઠા દિવસે દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાની તબિયત લથડી ગઈ હતી અને તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તબીબોએ કહ્યું હતું કે, લોહીમાં તેમનું કેટોન સપાટી ૭.૪ થઈ ગઈ છે. આરોગ્ય ચકાસણી રાજનિવાસ ખાતે કરવામાં આવી ત્યારે તેમના લોહીમાં કેટોનની સપાટી ૭.૪ રહી હતી. રાજનિવાસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને તેમના કેબિનેટના મંત્રીઓ ધરણા પ્રદર્શન કરી રહ્યા છે.

## પાલનપુરમાં બચતના નામે લોકોને રૂપિયા ૩ કરોડમાં નવડાવનારા દસ શખ્સો સામે ફરિયાદ

### પીયર્સ ઈન્ડિયા લીમીટેડ, નેકસઝેન કિશન પ્રા.લી અને મનીષા મોટર્સ ફાયનાન્સ કંપનીઓનું ઉઠમણું

પાલનપુર

પાલનપુર ખાતે આઠ વર્ષ અગાઉ ગુરૂ આર્શિવાદ કોમ્પલેક્ષમાં ચાલતી પીયર્સ ઈન્ડિયા લીમીટેડ કંપની, નેકસઝેન કિશન પ્રા. લી. અને મનીષા મોટર્સ એન્ડ જનરલ ફાયનાન્સ કંપનીમાં લોકોએ રીકરીંગ તેમજ ફિકસ ડિપોઝીટ કરાવી હતી. જોકે, તે બાદ આ કંપનીઓ ઉઠી જતાં ગ્રાહકોના રૂપિયા ત્રણ કરોડ સલવાઈ ગયા છે. આ અંગે પાલનપુરના જસલેણીના મહિલા એજન્ટે કંપનીના દસ વ્યકિતઓ સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી છે. બનાસકાંઠા જિલ્લામાં બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલી ક્રેડીટ સોસાયટીઓ, સંસ્થાઓ દ્વારા ઉંચા વ્યાજની લોભામણી સ્કિમો

અનુસંધાન પાના નં.૬

### કોની સામે ફરિયાદ નોંધાઇ

આલોક કૃષ્ણકાંત ત્રિપાઠી (રહે. કલ્યાણપુર)
અસરફ શંખેશ્વરકર (મુ રહે. કોલ્હાપુર હાલ રહે. નાગપુર)
ઉપેન્દ્ર તીવારી (ત્રિવેદી)
દિનેશકુમાર હિરાલાલ મકવાણા (રહે. વીસનગર જી. મહેસાણા)
પ્રકાશકુમાર શંકરભાઈ પટણી (રહે. કાણોદર તા. પાલનપુર)

## અંબાજીમાં લવ જેહાદ કેસના આરોપીને ઝડપી લેવા હિન્દુ સંગઠનોની માંગ


સંજય જોષી

### ત્રણ દિવસમાં યુવતી નહિ મળે તો ઉગ્ર આંદોલનની ચિમકી

પાલનપુર

યાત્રાધામ અંબાજીમાં લવ જેહાદનો કિસ્સો બહાર આવ્યો છે. જ્યાં ચાર માસ અગાઉ એક વિધર્મી યુવક હિન્દુ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયો હતો. તેણીના માતા- પિતાએ આ અંગે અંબાજી પોલીસ મથક સહિત ઉચ્ચ અધિકારીઓને અરજી કરી હતી.

પરંતુ યુવતીનો કોઇ પત્તો ન લાગતાં આખરે હિંદુ સંગઠનોનો સાથ લીધો છે. જેમણે યુવતીને પરત લાવી આરોપીને ઝડપી લેવા માટે ગતરોજ જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર

અનુસંધાન પાના નં.૬

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ. પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

## બેસણું


સ્વ.સોનાબેન રૂપાભાઈ ચૌધરી
સ્વ.તા.૧૮-૬-૨૦૧૮

અમારા માતૃશ્રી સોનાબેન રૂપાભાઈ ચૌધરીનું દુઃખદ અવસાન તા.૧૮/૦૬/૨૦૧૮ ને સોમવારના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં, સદ્‌ગતનું બેસણું સમાજના રીતરિવાજ મુજબ તા.૨૧/૦૬/૨૦૧૮ ગુરૂવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ફાર્મ હાઉસ, લાખણી રોડ, મુ.જાલોઢા, તા.દિયોદર, જિ.બ.કાં.

લિ.

ઈશ્વરભાઈ રૂપાભાઈ ચૌધરી (પુત્ર)
પદમાભાઈ રૂપાભાઈ ચૌધરી (પુત્ર)
પ્રકાશભાઈ ઈશ્વરભાઈ ચૌધરી (પૌત્ર)
કૈલાશભાઈ પદમાભાઈ ચૌધરી (પૌત્ર)
જગદીશભાઈ ઈશ્વરભાઈ ચૌધરી (પૌત્ર)
સંજયભાઈ પદમાભાઈ ચૌધરી (પૌત્ર)

## ધાનેરા ફાયરીંગ પ્રકરણમાં એફ.એસ.એલ.ની ટીમ દ્વારા તપાસનો ધમધમાટ : નમુના લેવાયા

**બંને ઈજાગ્રસ્તો અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ: ચાર જણા વિરૂદ્ધ ફરીયાદ દાખલ**

તા.પ્રતીનીધી ધાનેરા

ગત રવિવારે ધાનેરા ખાતે ખેતરના રસ્તા બાબતે થયેલ ફાયરિંગ મામલે એફએસએલની ટીમે તપાસ હાથ ધરી છે.તપાસ ટીમે ઘટનાસ્થળેથી લોહીના નમૂના લઈ બનાવની જગ્યાનું બારીકાઈથી નિરીક્ષણ પણ કર્યું હતું.આ ચકચારી ઘટના સંદર્ભે ધાનેરા પોલિસ મથકમાં માળી સમાજના ચાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે અને બંને પક્ષના ઈજાગ્રસ્તો હાલ અમદાવાદ ખાતે સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.ગત રવિવારે ધાનેરાથી રામસણ તરફ જતા કાચા નેળિયામાં આવેલ ખેતરના રસ્તા બાબતે બે પક્ષો વચ્ચે તકરાર થઈ હતી જે વખતે સોમાભાઈ માળીએ ફાયરીગ કરતા મહેશ પટેલ નામના યુવાનને બંદૂકના છરા વાગ્યા હતા.સામા પક્ષે સોમાભાઈ માળી અને સુરેશભાઈ માળી ઉપર પણ જીવલેણ હુમલો કરતા તેમને પણ ગંભીર ઈજાઓ થઈ હતી.ધાનેરાથી રામસણ તરફ જતા કાચા નેળિયા નજીક સોમાભાઈ માળી તેમજ રમેશભાઈ નારણભાઈ પટેલના ખેતર આવેલ છે.સોમાભાઈ માળીના ખેતરમાંથી રમેશભાઈ પટેલના ખેતર તરફ જવાનું નેળિયું આવેલ છે.જોકે આ નેળિયાના રસ્તા બાબતે બંને પક્ષ કોર્ટનો સહારો પણ લઈ ચુક્યા છે. આ રસ્તા બાબતે અવાર નવાર બંને પક્ષે બોલાચાલી પણ થતી આવે છે.જોકે ગત રવિવારે બનેલા બનાવે આખા ધાનેરાને હચમચાવી દીધું છે. રવિવારે આ બન્ને સેઢા પાડોશીઓ વચ્ચે રસ્તા બાબતે ફરી તકરાર થઈ હતી.


એન.કે.મોદી

અનુસંધાન પાના નં.૬

## ગતકડું....

- દેવન વ્યાસ


અત્યંત ભારે સ્કૂલ બેગ ઉપાડી મને સ્કૂલે મુકી જાય અને પાછો લઈ આવે તેવો મજુર લાવી આપોને...!



# ઉજજવલા યોજના અંતર્ગત માંગરોળ તાલુકાની ૩૪૭૪ મહિલાઓને નિઃશુલ્ક ગેસ કિટ અર્પણ કરાઈ

**જે રાજ્ય-દેશમાં મહિલાઓને સમાન દરજ્જો અને સમાન હકો અપાયા છે, ત્યાં સર્વાધિક વિકાસ થયો છે : ગણપતસિંહ વસાવા**


(વસંત બારોટ)

સુરત

'અગાઉ ગામડામાં કોઈ પરિવારની માતા-બહેનને ચૂલે રસોઈ કરતી વેળાએ પારવાર તકલીફો પડતી હતી. ચૂલાના ધૂમાડાના કારણે આંખોમાં બળતરા અને ફેંફસામાં ગંભીર અસર પહોંચતી હતી. આઝાદી બાદ કોઈ સરકારે મહિલાઓના કલ્યાણ અંગે વિસ્તૃત રીતે વિચાર્યું નહોતું. પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓની મુસીબતને ધ્યાને રાખીને ઉજ્જવલા યોજનાનો આરંભ કર્યો છે. જેનાથી અનેક ગરીબ પરિવારો લાભાન્વિત થયા છે. ગરીબ પરિવારોની મહિલાને નિઃશુલ્ક ગેસ કનેકશન આપીને ધૂમાડાથી મુક્તિ આપી મહિલાઓને સન્માન અપાવ્યું છે.' એમ માંગરોળના મોસાલી ગામે યોજાયેલા નારી શક્તિ સંમેલન અને ઉજ્જવલા યોજના અન્વયે એલપીજી ગેસ વિતરણ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતાં વન, આદિજાતિ વિકાસ, મહિલા અને બાળ કલ્યાણમંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું.

મોસાલી માર્કેટ યાર્ડ ખાતે રાજ્ય મહિલા અને બાળ કલ્યાણ વિભાગના ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં વનમંત્રી અને પ્રસંગે રાજ્ય મહિલા આયોગના ચેરમેન શ્રીમતી લીલાબેન અંકોલીયાના હસ્તે

**અનુસંધાન પાના નં.૬**

નાની મહુડી રબારી વસાહત પ્રા.શાળામાં

# સતત પાંચમા દિવસે પણ શિક્ષણનો બહિષ્કાર

**બાળકોના ભાવિને લઈને વહીવટીતંત્ર કે સરકાર કોઈ પગલા ભરશે ખરા ?**


ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકાની રબારી વસાહત નાની મહુડી પ્રાથમિક શાળામાં છેલ્લા પાંચ દિવસથી ગ્રામજનાન બાળકોને ભણવા મુક્તા નથી. જેને લઈને બાળકોનું ભણતર બગડી રહ્યું છે. આ બાબતે ગ્રામજનોએ આવેદનપત્ર આપી જિલ્લા શિક્ષણાધિકારી, ટીડીઓ મામલતદારને અનેક વખત રજુઆત કરવા છતાં પણ હજુ સુધી આચાર્ય સામે કોઈ પગલા લેવામાં આવેલ નથી. જેને લઈને ગ્રામજનોમાં ખુબ જ આક્રોશ જોવા મળી રહ્યો છે. જો આચાર્યની બદલી નહી કરવામાં આવે તો બાળકોને શાળામાંથી ઉઠાડી દેવાની ગ્રામજનોએ ચિમકી ઉચ્ચારી છે. જોવાનું રહ્યું કે આગામી દિવસોમાં સરકારી તંત્ર કે વહીવટીતંત્ર દ્વારા પગલા લેવાશે કે નહીં ? જિલ્લા શિક્ષણાધિકારીએ મોબાઈલ ફોન ઉપર વાતચીત કરતા જણાવેલ કે નાની મહુડી રબારી વસાહતનું આવેદનપત્ર આવેલ છે. જે પર આજે નિર્ણય લઈ લઈશું.

ગુજરાતના ૨૭૦૦ થી વધુ ગામડા ગૌચર વિહોણા બન્યા

# પાલનપુરમાં ઓબીસી, એસસી, એસટી એકતા મંચ દ્વારા ગાય - ગૌચર બચાવવા ધરણાં


(સંજય જોષી)



પાલનપુર

ભારતમાં આદીઅનાદી કાળથી મોગલ શાસન, અંગ્રેજ શાસન, રાજા રજવાડાના સમયમાં આપણી ગાય માતા અને તેમની ગૌચર જમીન સુરક્ષિત હતી અને તેમને વિશેષ મહત્વ આપવામાં આપ્યું હતું. જોકે, આજે દુઃખ સાથે કહેવું પડે છે કે, હિન્દુઓની કહેવાતી આ ગુજરાત સરકારમાં ૨૭૦૦ થી વધુગામડાઓ ગૌચર વિહોણા બન્યા છે. ત્યારે હક્ક અને અધિકારની ગૌચર જમીન સુરક્ષિત રહે તે માટે સરકાર પોતાની નીતિ સ્પષ્ટ કરે તેમ પાલનપુરમાં સોમવારે યોજાયેલા ધરણામાં ઓ.બી.સી. એસ.સી. એસ.ટી એકતા મંચના ઉપ પ્રમુખ મુકેશભાઈ ભરવાડે જણાવ્યુ હતું.

ઓ.બી.સી. એસ.સી. એસ.ટી એકતા મંચ અને માલધારી સમાજ સમાજ દ્વારા ગાય માતા અને ગૌચર બચાવવા સરકારને ભીંસમાં લેવામાં આવી રહી છે. જ્યાં પાલનપુર ખાતે સોમવારે ધરણાં યોજી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ અંગે ઓ.બી.સી. એસ.સી. એસ.ટી એકતા મંચના ઉપ પ્રમુખ મુકેશભાઈ ભરવાડે જણાવ્યુ હતું કે, ભારતમાં આદીઅનાદી કાળથી મોગલ શાસન, અંગ્રેજ શાસન, રાજા રજવાડાના સમયમાં આપણી ગાય માતા અને તેમની ગૌચર જમીન સુરક્ષિત હતી અને તેમને વિશેષ મહત્વ આપવામાં આપ્યું હતું. જોકે, આજે દુઃખ સાથે કહેવું પડે છે કે, હિન્દુઓની કહેવાતી **અનુસંધાન પાના નં.૬**

**એક હજાર ગાયો સાથે વિધાનસભાનો ઘેરાવો કરાશે : મુકેશ ભરવાડ**
**( ઉપ પ્રમુખ, ઓબીસી, એસસી, એસટી એકતા મંચ )**

ભાવનગરના વલભીપુર તાલુકાના ચમારડી ગામના માલધારીનું મોત નથી પરતું હત્યા છે. રેવાભાઈ સાસલાના આંદોલન દરમ્યાન ફરજ પર જે અધિકારીઓ હતા. તેમની બેદરકારી બદલ કાયદેસર ની કાર્યવાહી થવી જોઈએ. ગાયો માટે લડતા રેવાભાઈને સરકાર તાત્કાલિક શહીદ જાહેર કરે. રેવાભાઈના તાત્કાલીક ૨૫ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે. બીજી તરફ સરકાર અમારી ગૌચરની જમીન ખાલી નહિ કરે તો ૧ હજાર ગાયો લઈને વિધાનસભાનો ઘેરાવો કરવામાં આવશે.

## ગૌચર મુદ્દે અન્યાય કેમ ?

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના મોરીયા ગામમાં આવેલી સર્વે નંબર ૧૯૫ ગૌચરની જમીન ૧૪.૭૦ હેકટર ચો.મી. ૮.૯૦.૩૧ ગૂંઠા ગૌચરની જમીન બનાસડેરી ટ્રસ્ટને કઈ રીતે આપવામાં આવેલી છે. તેની જાણ ગ્રામજનો અને સરપંચને ખબર નથી. પહેલા મેડિકલની વાત કરી પછી બનાસ ડેરી સંચાલિત ટ્રસ્ટને ૨૫ એકર ગૌચર જમીન ગામની પશુઓની સંખ્યા ૧૬૮૧ છે. ૨૦૧૨ના સર્વે ગણતરી પ્રમાણે મોરીયા ગામની ગૌચર જમીન ઓછી છે. જેની લેખીત રજૂઆત ગ્રામજનો અને સરપંચ દ્વારા કલેકટરને કરાઈ છે.

બનાસકાઠાના પૂરગ્રસ્ત, જમીન વિહોણા ખેડૂતોને પશુસહાય ચૂકવવમાં આવી નથી. અને જે ચુકવેલ છે. તેમા વાલા-દવાલાની નીતિ અપનાવી છે. સમગ્ર જિલ્લો પૂરગ્રસ્ત હતો. છતાં અમીરગઢ, પાલનપુર, વડગામ, દાંતાને પૂરગ્રસ્ત જાહેરે કરેલ નથી. શહેરી વિસ્તારના ગૌચર પર જે વેપારીકરણ થયેલ છે. સરકાર દ્વારા તો તાત્કાલીક અસરથી ગૌચર ખાલી કરાવી માલધારી સમાજોને એનો પજેશન આપો નહી તો અગામી સમયમાં જે પરિસ્થિતિનું નિર્માણ થશે તેની સરકારની જવાબદારી થશે.

# ડીસાની ડી.એન.પી.ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓને સાયકલનું વિતરણ


ભરત સુંદેશા

ડીસા

રાજ્ય સરકાર દ્વારા માધ્યમિક વિભાગમાં અભ્યાસ કરતી બાળકીઓને શાળાએ પહોંચવામાં સરળતા રહે તે આશયથી સાયકલનું વિતરણ કરવામાં આવે છે. ત્યારે આ યોજના અંતર્ગત ડીસાની ડીસા નગરપાલિકા સંચાલિત ડી.એન.પી.ગર્લ્સ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓને સાયકલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સરકાર દ્વારા "બેટી બચાવો અને બેટી પઢાઓ" પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે અને સરકારના આભીગમને પગલે સરકાર દ્વારા અનેક યોજનાઓ પણ બહાર પાડવામાં આવી છે.. ત્યારે દીકરીઓ શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહિત બને તે આશયથી સરકાર દ્વારા ધોરણ ૯માં અભ્યાસ કરતી એટલે કે માધ્યમિક વિભાગમાં પ્રવેશ મેળવતી વિદ્યાર્થીનીઓને શાળાએ આવવા જવામાં સરળતા રહે તે માટે વિના મુલ્યે સાયકલનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આજે ડીસાની ડી.એન.પી.ગર્લ્સ હાઈસ્કુલ ખાતે પણ લગભગ ૩૫૦ જેટલી વિદ્યાર્થીનીઓને સાયકલનું વિતરણ કરવામાં આવ્યું હતું.. આ પ્રસંગે ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, પાલિકાના નવીન પ્રમુખ

આભાર - નિહારીકા રવિયા શિલ્પાબેન માળી, શિક્ષણ સમિતિના ચેરમેન અશોકભાઈ પઢીયાર, બાંધકામ સમિતિના ચેરમેન રાજુભાઈ ઠાકોર સહીત અન્ય આગેવાનો હાજર રહ્યા હતા.. આજે સાયકલ મેળવ્યા બાદ શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના ચહેરા પણ ખુશીથી ખીલી ઉઠ્યા હતા.

# ડીસાથી બહુચરાજી પગપાળા સંઘના આયોજનની મીટીંગ મળશે

ડીસા

ડીસા મોઢ મોદી સમાજના ભાઈ બહેનો દ્વારા ડીસાથી બહુચરાજી જતાં ૪૦ માં પગપાળા સંઘના આયોજન અંગે તમામ પ્રકારની સેવાઓની વ્યવસ્થા ગોઠવવા ચર્ચા - વિચારણા કરવા તેમજ આ ૪૦ માં પગપાળા સંઘના ભવ્ય નગરયાત્રા નીકાળવા માટેની ખાસ મીટીંગ જેઠ સુદ-૧૨ ને તા.૨૪/૬/૨૦૧૮ ને રવિવારે સાંજે ૫ વાગે શ્રી મોઢ મોદી સમાજની વાડી લાઠી બજાર ડીસા ખાતે રાખવામાં આવી છે. તો આ શુભ પ્રસંગે ડીસા મોઢ ઘાંચી સમાજના પ્રમુખ ઈશ્વરલાલ કાનુડાવાલાએ ડીસાના તમામ આનંદના ગરબા મંડળોમાં તેમજ સમાજના ભાઈઓ-બહેનોએ હાજર રહેવા અનુરોધ કર્યો છે.

# ડીસામાં ઠાકોર સમાજ દ્વારા જોગમાયા માતાની પરંપરાગત શોભાયાત્રા યોજાઈ


ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેરમાં વસતા ઠાકોર સમાજની વર્ષો જૂની પરંપરા આજે પણ અકબંધ છે.. ડીસા શહેરના ઓગડવાસ વિસ્તારમાં આવેલા જોગમાયાના મંદિરથી દર વર્ષે જેઠ માસમાં માં જોગમાયાની શોભાયાત્રા નીકળે છે અને આ શોભાયાત્રાની વિશેષતા એ છે કે આ શોભાયાત્રામાં ઠાકોર સમાજના ભક્તો માતાજી પ્રત્યેની આશ્થા શશીર પાર ચાબુક ખાઈને પ્રદર્શિત કરે છે.

શરીર પર ચાબુકના વાર સહન કરી રહેલા આ લોકો છે ડીસા શહેરમાં વસતા ઠાકોર સમાજના લોકો.... આ દ્રશ્યો જોઈને તમને લાગશે કે અહી લોકોને સજા આપવામાં આવી રહી છે.. પરંતુ આ સજા નહી બલ્કે એક પ્રકારની આસ્થા છે.. બનાસકાંઠા જિલ્લામાં વસતા ઠાકોર સમાજમાં જોગમાયા પ્રત્યે અતૂટ શ્રદ્ધા છે.. અને દર વર્ષે જેઠ માસમાં ઠાકોર સમાજના લોકો જોગમાયાની શોભાયાત્રા

**અનુસંધાન પાના નં.૬**

# ધનિયાણા ચોકડી નજીકથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઇ

**પૂર્વ પોલીસની ટીમે રૂા.૨.૫૯ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો**

પાલનપુર

પાલનપુર પૂર્વ પોલીસ મથકની ટીમ ગતરોજ બપોરના સુમારે ધનિયાણા ચોકડી નજીક વોચમાં હતી. દરમિયાન વિદેશી દારૂ ભરેલી એક કાર ઝડપી લીધી હતી. જેમાંથી વિદેશી દારૂ સહિત રૂપિયા ૨.૫૯ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ એક શખ્સની અટકાયત કરી હતી.

પાલનપુર પૂર્વ પોલીસ મથકના પીઆઈ એન. ડી. અસારી સ્ટાફના મોહનસિંહ સહિત ધનિયાણા ચોકડી નજીક વોચમાં હતા. તે દરમિયાન અંબાજી તરફથી આવી રહેલી ફોર્ડ કલાસીક કાર નં. જીજે. ૧૮. બીએ. ૯૪૨૮ને ઉભી રખાવી તલાસી લેતાં અંદરથી રૂપિયા ૫૯,૬૦૦ની વિદેશી દારૂ તેમજ બિયરની ૪૬૮ બોટલો મળી આવી હતી. આ અંગે રૂપિયા ૨ લાખની કાર મળી કુલ રૂપિયા ૨,૫૯,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને કાર ચાલક મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે સર્વોદયનગરમાં રહેતા મનીષ ઉર્ફે બકો ઈશ્વરભાઈ પટેલ સામે પ્રોહિબિશનની કલમ મુજબ ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**થરાદના કરબુણ ગામની સીમમાંથી ૬૦૦ બોટલ ભરેલી સ્કોર્પિયો જીપ ઝડપાઈ**


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં રહેલી થરાદ પોલીસને રાજસ્થાનના શીલું ગામેથી એક સફેદ કલરની સ્કોર્પિયો જીપ નંબર GJ12P 7288 માં વિદેશી દારૂ ભરીને ગુજરાત થરાદ તરફ આવનાર હોવાની ખાનગી બાતમી મળી હતી. આથી પોલીસે કરબુણ ગામના કાચા નેળીયા નજીક

**અનુસંધાન પાના નં.૬**

# થરાદમાં ભારતીય કિસાન સંઘ દ્વારા આવેદનપત્ર અપાયું


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

સોમવારે ભારતીય કિશાન સંઘ બનાસકાંઠા જિલ્લા દ્વારા થરાદ નાયબ કલેકટરને ખેડૂતોના પ્રશ્નોને લઈને આવેદનપત્ર આપ્યું હતું .જેમાં પ્રધાનમંત્રી પાક વિમામાં બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોના પાક ધિરાણમાંથી બેંકો દ્વારા વિમા પ્રીમિયમ કાપીને ઈન્સ્યોરન્સ કંપનીમાં જમા થઈ ગયેલ છે જીલ્લામાં અંદાજે ૬૮૦૦૦ જેટલા ખેડૂતોના રૂપિયા ૩૦૦ કરોડ જેટલું ધિરાણ સાથે લગભગ રૂપિયા ૮ કરોડ જેટલું વીમા પ્રીમિયમ ભરેલું છે જીલ્લામાં દોઢ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર કરેલ હતું પરંતુ આજદિન સુધી વીમા કંપની દ્વારા ખેડૂતોને વળતર ચુકવવામાં આવેલ નથી. ભારતીય કિશાન સંઘ દ્વારા વારંવાર લેખિત તથા મૌલિક રજૂઆત આવેદનપત્રો આપી માંગણી કરેલ છે. જીલ્લા કલેકટરએ પણ વીમા કંપનીને નોટીસ આપેલ છે. પરંતુ વીમા કંપનીએ આજદિન સુધી ખેડૂતોને વળતર આપેલ નથી. આથી જો ખેડૂતોને ન્યાય નહીં મળે તો આગમી દિવસોમાં નાછૂટકે ખેડૂતો ના હિત માટે ઉગ્ર આદોલન સાથે જલદ કાર્યક્રમ આપવાની ભારતીય કિશાન સંઘ બનાસકાંઠા દ્વારા ચીમકી આપવામાં આવી હતી.

# ધાનેરાની કુવારલા પ્રાથમિક શાળાના શૌચાલયની દીવાલ પડી




એન.કે.મોદી

**ચોથા ધોરણમાં ભણતી વિદ્યાર્થીનીને ઈજા**

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના કુવારલા ગામે આવેલ પ્રાથમીક શાળામાં ચોથા ધોરણમાં ભણતી વિદ્યાર્થીની વીમળાબેન, જલાભાઈ કોળીની દિકરી (ઉ.વ.૯) લઘુ શંકા કરવા જતાં અચાનક શૌચાલયની દિવાલ પડતાં તેને ઈજાઓ થતાં ધાનેરા સરકારી દવાખાને ૧૦૮ મારફત લાવેલ.

આ બાબતે કુવારલા સરપંચ દરગાભાઈ પટેલનો સંપર્ક સાધતાં તેઓએ જણાવેલ કે આ શાળામાં ગત વર્ષે ભારે પૂર આવવાથી મુતરડીઓ અને શાળાનો કોટ અમુક જગ્યાએથી પડી ગયેલ છે અને હાલમાં ઉભો છે તે જર્જરીત છે જે બાબતે મે વારંવાર લેખીત મૌખીક રજુઆત કરવા છતાં

**અનુસંધાન પાના નં.૬**

# ડીસા ઉત્તર પોલીસે ગાયત્રી મંદિર નજીકથી વિદેશી દારૂ સહિત ૬,૩૧,૭૦૦ નો મુદામાલ ઝડપ્યો


ભરત સુંદેશા

ડીસા

ગાંધીના ગુજરાત માં દારૂ બધી હોવાછતાં રાજસ્થાન થી વિદેશી દારૂ મોટા પ્રમાણ ગુજરાત માં પ્રવેશ તો હોય છે ત્યારે ડીસા ઉત્તર પોલીસે બાથમીને આધારે ગાયત્રી મંદિર નજીક થી ૬,૩૧,૭૦૦ વિદેશી દારૂ સહિત મુદામાલ ઝડપી પાડ્યો હતો. ગુજરાતએ રાજસ્થાન ને અડીને આવેલું છે ત્યારે અવાર નવાર બુટલેગરો દ્વારા રાજસ્થાન થી ગુજરાત માં દારૂ પ્રવેશ કરાવતા હોય છે ત્યારે આજે ડીસા ઉત્તર પોલીસ ને બાથમી મળી હતી કે રાજસ્થાન થી ગુજરાત માં વિદેશી દારૂ ભરેલી સ્વીફ્ટ ગાડી આવી રહી છે ત્યારે ડીસા ઉત્તર પોલીસે ગાયત્રી મંદિર નજીક વોચ ગોઠવી હતી જેમાં સ્વીફ્ટ ગાડીચાલક આકાશસિંહ રાજપૂત રહે રાણીવાડા તથા ગોવર્ધનસિંહ રાજપૂત ની તપાસ કરતા ગાડી માંથી ૨૯,૨૦૦ નો વિદેશી દારૂ મળી આવ્યો હતો ઉત્તર પોલીસે ગાડી કિંમત ૬,૦૦,૦૦૦ સહિત બે મોબાઈલ કિંમત ૨૫૦૦ કુલ મુદામાલ ૬,૩૧,૭૦૦ સાથે બે આરોપી ની ધરપકર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# અમીરગઢ તાલુકાના જુનીરોહ ગામે ઓવરબ્રીજની બંને બાજુ વધુ પડતી ગોળાઈને કારણે અકસ્માતની ભીતિ

**આગામી સમયમાં ભયંકર અકસ્માત સર્જાય તો જવાબદાર કોણ ?**


વિશાલ નાઈ

પ્રતિ. અમીરગઢ

અમીરગઢ તાલુકાના જુનીરોહ ગામે આવેલ બનાસનદી પર સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ખર્ચીને ઓવરબ્રીજ (પુલ)નું કામ કરવામાં આવી રહ્યું છે. ત્યારે કોન્ટ્રાકટર દ્વારા પુલની બંને બાજુએ માપ કરતા વધુ પ્રમાણમાં ગોળાઈ આપવાથી આવનારા સમયમાં ભયંકર અકસ્માત સર્જાવાની ભીતી સેવાઈ રહી છે. આ પુલની બીજી બાજુએ દસથી વધુ ગામો જેવા કે આવલ, ડાભેલા, ગઢડા ગરાસીયા પુરા, રબારીયા, ખારી, ઝાલા, સવનીયા રામગઢ ફાર્મ વગેરે તથા રસ્તો રાજસ્થાનને જોડતો માર્ગ છે. મળતી માહિતી અનુસાર આ ગામોમાં અંદાજે ૩૦૦૦૦ થી પણ વધુ વસ્તી ધરાવતા ગામો છે. અને આ ગોળાઈના કારણે જો આવનારા સમયમાં કોઈ મોટી હોનારત સર્જાય તો તેની જવાબદારી કોની ? એ એક સળગાતો પ્રશ્ન છે. આ અંગે વધુ માહિતી આપતા સમાજ સેવક ઉત્તમસિંહ કાકુસીંહ ડાભી દ્વારા જણાવવામાં આવ્યુ હતુ કે સરકાર દ્વારા કરોડો રૂપિયા ગ્રાન્ટ ખર્ચીને આવા પુલો બનાવવામાં આવે છે પરંતુ કોન્ટ્રાકટર તથા સરકારી બાબુઓની મીલી ભગતથી આવા કાર્યોમાં ગેરરીતી આચરવામાં આવે છે. જો સરકાર કે કોન્ટ્રાકટર દ્વારા પુલો પર આવી ભયજનક ગોળાઈના કારણે અકસ્માત સર્જાય તો જવાબદાર કોણ ? તંત્ર કે કોન્ટ્રાકટર ? તેવો વેધક પ્રશ્ન કર્યો હતો સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આ પુલનું કામ જયારથી ચાલુ થયુ છે ત્યારથી કોઈ એન્જીનીયર કે કોન્ટ્રાકટર ખાલી નામ માત્ર જોવા પૂરતા આવે છે. અને જગ્યા પર ફરકતા પણ નથી તો કોની દેખરેખ નીચે આ પુલનુ કામ ચાલી રહ્યુ છે એ પણ એક તપાસનો વિષય છે. જિલ્લા વિકાસ અધિકારી આ મુદે તપાસ હાથ ધરાવે તેવો જન્મત પ્રવર્તે છે.

# કંબોઈ પ્રા.શાળા અને પેટા શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

કંબોઈ પ્રા શાળા અને પેટા શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો સને ૨૦૧૮/૧૯નો કંબોઈ પે.કેન્દ્ર શાળા અને નોંધાણી પાટી કંબોઈ પ્રા.શાળા, માઢીયાપાટી પ્રા. શાળા, વલમાની પાટી પ્રા. શાળા અને ફતેગઢ પ્રા. શાળાઓમાં કાર્યક્રમો યોજાયા હતા અને ધો.૧ના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ બહોળી સંખ્યામાં બાળકોના વાલીઓની હાજરી રહી હતી કાર્યક્રમનું સંચાલન શિક્ષક વિજુભા સોલંકી એ સુંદર રીતે કર્યુ હતું ત્યારે તેમને શાલથી સન્માનિત કર્યા હતા.

# ઢીમામાં નડતરરૂપ થાંભલા હટાવ્યા વગર રોડની કામગીરી કરાતાં રોષ


વર્ધાજી ચૌહાણ

પ્રતિનિધિ ઢીમા

વાવ તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ઢીમા ખાતે આંબેડકરનગરમાં ગઈકાલે આર.સી.સી. રોડની કામગીરી કરવામાં આવી છે પરંતુ રોડ વચ્ચેથી નડતર રૂપ થાંભલા દુર ન કરી રોડ બનાવવામાં આવતા સ્થાનિક લોકોમાં રોષ વ્યાપી ગયો છે. આ બાબતે જી.ઈ.બી.માં લેખિત રજૂઆત કરી થાંભલા હટાવવા માંગ કરાઈ હતી. પરંતુ નડતરરૂપ થાંભલા હટાવવામાં આવ્યા નથી. વચ્ચો વચ્ચ થાંભલા હોવા છતાં આર.સી.સી. રોડ બનાવવામાં આવતા ભવિષ્યમાં મુશ્કેલી ઉદ્ભવી શકે તેમ છે.

## તંત્રી સ્થાનેથી ...

**સાચો માનવી એ જ છે, જે બુરાઉનો બદલો ભલાઈથી આપે છે.**

## સરકારની'આયુષ્યમાન ભારત' નીતિનો'આઈએમએ' કરેલો વિરોધ

કેન્દ્ર સરકાર દ્વારા અત્યાર સુધી એટલે કે ચાર વર્ષના શાસન દરમ્યાન અનેકવિધ યોજનાઓ(નીતિઓ) પ્રસ્તુત કરવામાં આવી છે. પરંતુ તેનો લાભ લોકો કઈ રીતે લઈ શકશે? કેટલાને તેનો લાભ કઈ રીતે મળી શકશે અને દેશના કયા વિસ્તારમાં કઈ યોજના સફળ નિવડશે તે બાબતે વિચારવા જેવુ લાગે છે. કોઈપણ બિલ્ડીંગના પાયા મજબુત ન હોય તો તે ગમે તે ક્ષણે ધરાશાયી થયા વિના રહેશે નહિં. સરકાર દ્વારા જાહેર થતી યોજનાઓનું પણ આવું છે. ક્યારેક એવું પણ બને કે યોજના થોડો સમય ચાલે અને બાદમાં તે યોજનાની ફાઈલો અદ્રશ્ય થઈ જતી હોય છે.

સરકાર દ્વારા મહત્વાકાંક્ષી 'આયુષ્યમાન ભારત' નામની નવી નીતિ ઘડી છે, નાના ક્લિનિક અને નાની હોસ્પિટલ્સની સિસ્ટમને તોડી પાડવા આ નવી નીતિ આયુષ્માન ભારત ઘડી હોવાનો ઈન્ડિયન મેડિકલ એસોસીએશને આક્ષેપ કર્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આયુષ્યમાન ભારત નામની નવી યોજના લાગુ કરવા વિચારી રહી છે. ત્યારે ડૉક્ટર્સ વર્તુળમાંથી અત્યારથી જ તેઓ જબરજસ્ત વિરોધ થઈ રહ્યો છે.

આઈ.એમ.એ. એવો આક્ષેપ કર્યો છે કે સરકારે નીતિ ઘડવામાં ડૉક્ટર્સનો અભિપ્રાય લીધો નથી અને મનઘડત રીતે હોસ્પિટલ સર્વિસને રેટ પણ નક્કી કરી દીધો છે. પરંતુ સરકારે નક્કી કરેલા રેટ મુજબ હાલના તબક્કે એક પણ હોસ્પિટલ સારવાર કરી શકે તેમ નથી. આઈ.એમ.એ.ના ગુજરાત સ્ટેટ બ્રાંચના તબીબોનો આક્ષેપ છે કે ભારત સરકારની મોટાભાગની સરકારી હોસ્પિટલો દર્દીઓને સારવાર આપવામાં નિષ્ફળ જઈ રહી છે. દર વર્ષો હેલ્થ વિભાગ પાછળ અબજો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવતું હોવા છતાં દર્દી સારવારના અભાવે ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવા દોડવું પડે છે. આવી સ્થિતિ છે ત્યારે હવે સરકારે નાના ક્લિનિક અને નાની હોસ્પિટલોને ટાર્ગેટ બનાવ્યા છે.

મુળ હકીકત એવી છે કે સરકાર પોતાની ખામીઓ છુપાવવા સિંગલ ડૉક્ટર હોસ્પિટલ્સ ઉપર દબાણ લાવવા નીતિ અમલમાં મુકવા પ્રયત્નો શરૂ કર્યા છે. આમ આપણે વિચારીએ તો ભારતની કુલ વસ્તીના ૬૨ ટકા લોકો આજેય નાની ક્લિનીક અને હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. નાની હોસ્પિટલોમાં મોટાભાગે આર્થિક રીતે નબળા હોય તેવા દર્દીઓ સારવાર માટે આવતા હોય છે.

આઈ.એમ.એ. ગુજરાતના તબીબો માને છે કે વડાપ્રધાનની આ યોજનાના લાંબા ગાળે બહોળા વર્ગને ફાયદો કરાવશે. પરંતુ હાલ ડૉક્ટર્સ માટે જે નીતિ ઘડી છે. તેના કારણે નાની હોસ્પિટલોનું અસ્તિત્વ જોખમાશે.

વર્તમાન સંજોગોમાં હોસ્પિટલ સ્ટાફ, એડમિનિસ્ટ્રેશન-રિમેમ્બર્સમેન્ટ સહિતની જે ખામી છે.જેને નીતિ લાગુ પડે તે પહેલાં સુધારવાની જરૂરિયાત છે. આ બાબતે સરકારે વિચારવું જોઈએ.

સરકારે નવી નીતિ ઘડવા પશ્ચિમના દેશનું મોડલ અપનાવ્યું છે, જે વર્તમાન સ્થિતિએ ભારતમાં લાગુ કરવું શક્ય નથી. હોસ્પિટલોમાં જે કંઈ ખામીઓ છે. જે સુવિધાઓ નથી તે લાગુ કરવી જોઈએ. સરકારની આ નવી નીતિ નાની હોસ્પિટલ સિસ્ટમને તોડી પાડશે તે બાબત ચોક્કસ છે.

## ગૌચરની રાષ્ટ્રની આર્થિક સમૃદ્ધિનું મૂળ છે

- માલધારીઓ- રબારી- ખેડુત તથા પ્રજાની આર્થિક- સામાજિક વ્યવસ્થાનો- રક્ષાનો મૂલધાર ચરિયાણા છે.

- જે આખા ગામની સુરક્ષાને સુદ્રઢ રાખતું તથા દરેક પરિવારને આર્થિક સમૃદ્ધિની સાથે નિરોગી શરીર બક્ષતું.

- દરેક ગામમાં 'ગૌચર' ની જમીન પશુઓના ધણને ચરવા માટે અલાયદી રાખવામાં આવતી. પશુઓની ચરવાની જગ્યાને 'ચરિયાણ' કહે છે. 'ઘાસની વીડી' કે 'ગૌચર' પણ કહેવાય છે.

- ઈ.સ. ૧૮૬૦ સુધી આપણા દેશના ચરિયાણામાં ઘાસ એટલું ઊંચું અને ઘટાદાર થતું કે ઘોડેસવાર આવતો હોય તો તે ઘાસમાં ઢંકાઈ જાય, દૂરથી જોઈ પણ શકાય નહિં. ૧૯૬૮ માં ચરિયાણા ૩ કરોડ ૩૨ લાખ એકર જમીન પર હતા. ૧૯૭૪ માં માત્ર ૬ વર્ષમાં ૧૦ લાખ એકર ચરિયાણાનું નિકંદન નીકળી ગયું.

- મોટાભાગના 'ચરિયાણા' નદીઓ અને તળાવોના કાંઠે હતા. જેથી પશુઓને ચારો અને પાણી એક જ જગ્યાએ મળી રહેતા. નદી-તળાવ ન હોય તો વાવ હોય અને વાવને અડીને એવડા મોટા હવાડા હોય કે જેથી રેંટ દ્વારા ગોવાળ વાવમાંથી પાણી હવાડામાં ભરે. આ રીતે પશુઓને પાણી મળી રહેતું. નદી કાંઠે ઉપરાંત પર્વતોની ધાર ઉપર પણ પુષ્કળ ઘાસ ઊગતું.

- પશુઓના મોંઢાની લાળમાં એવો ગુણ છે કે તેઓ જ્યારે જમીનમાં ઊગેલું ઘાસ ખાતા હોય ત્યારે તેમના મોંની લાળ તે ઘાસ ઉપર પડે અને જે ઘાસ તેમણે પોતાના મોં વડે (કાપ્યું) ખાધું હોય તેમાં ફરીથી નવા ફણગા ફૂટે. જ્યારે દાતરડા વડે ઘાસ કાપ્યું હોય તો તેમાં નવા ફણગા ન ફૂટે.

-કુદરતની આ અજોડ વ્યવસ્થા સચવાય એમાં જ પશુનું અને માનવીનું હિત છે. ગૌચર રાષ્ટ્રની આર્થિક સમૃદ્ધિનું મૂળ છે.

- સડકો- ઔદ્યોગિકરણ અને બીજા અનેક પ્રોજેક્ટોના કારણે ગૌચર ભૂમિઓ દબાતી ગઈ. પરિણામે 'ચરિયાણાં' ઉજ્જડ અને નકામાં બનતાં ગયાં. આ રીતે ગામેગામના ગોચરો ઘણે અંશે નાશ પામવાથી પશુપાલનને ઘણી મોટી માઠી અસર થઈ.

- 'ગૌચર' નાશના કારણે સામાજિક શાંતિ- સલામતી અને પોષણની અમૂલ્ય વ્યવસ્થા જોખમમાં મૂકાઈ. ગામના ગૌચર ઉપર અતિક્રમણ કરનારાને ગૌહત્યાનું પાપ લાગે તેમ માનવામાં આવતું.

- ક્યાંક જાણવા પ્રમાણે કચ્છના મહારાજાએ હજારો ચો.કિ.નો વિસ્તાર ધરાવતો ખદીર નામનો ટાપુ પશુઓના 'ચરિયાણ' માટે અલગ રાખ્યો હતો.

- ગામની ખરાબાની જમીન પાંજરાપોળો તથા ગૌશાળાઓને ફાળવવી જોઈએ. જેથી તે જમીનને ફળદ્રુપ બનાવી પશુઓની રક્ષા થઈ શકે- સારી સાર- સંભાળ અને કાળજી લઈ શકાય.

- પશુપાલકો અને ખેડુત અગ્રણીઓએ મળી ગામની પડતર-ઉજ્જડ જમીન અને જૂનું ગૌચર નવસાધ્ય કરવું જોઈએ.

- સરકારે આ માટે ગૌચર વિકસાવવામાં સહાય કરવી જોઈએ.

- ૧૦૦ પશુ દીઠ ૪૦ એકર ગૌચરની જમીન હોવી જોઈએ.

- તાજા દૂધ - ઘી- છાશ આરોગવાથી કરોડો દેશવાસીઓનું જીવન સુખદાયી બની જશે.

**સેવંતી મ.સંઘવી (થરાદ)**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# મોદીને દસે દિશાએથી ઘેરવાના ષડ્યંત્ર રચાઈ રહ્યાં છે

**ખ્રિસ્તી પાદરીઓ પણ મોદી વિરોધી 'બેન્ડ'માં જોડાઈ દેશને વિભાજીત કરવાના ખેલમાં સામેલ થયા છે;**

**શું હવે ચર્ચ નક્કી કરશે કે, આ દેશમાં મત કોને આપવો અને કોને નહીં???**

**રાજકારણના રંગ**
**મહેશ દોશી**

એકાદ મહિના પહેલાં દિલ્હીના કેથોલિક ખ્રિસ્તી સમુદાયના મુખ્ય પાદરી અનિલ કૂટોએ પોતાના સમુદાયને એક પત્ર પાઠવીને દેશમાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓ બાદ 'નવી સરકાર' (ભાજપ સિવાયની એમ વાંચો) રચાય એ માટે આખું વર્ષ 'પ્રાર્થના' અને 'ઉપવાસ' કરવાની 'અપીલ' કરી હતી. "દેશમાં શાંતિ, લોકશાહી, સમાનતા, મુક્તપણું અને ભાઈચારો પ્રવર્તે" એ માટે પાદરીએ આવી અપીલ કરી હતી. આનો અર્થ એ છે કે, પાદરીએ ખ્રિસ્તી સમુદાયને મોદી વિરુદ્ધ મતદાન કરવાની હાકલ કરી દીધી છે. હવે ગોવાના મુખ્ય પાદરીએ પણ પોત પ્રકાશ્યી છે.

એવું લાગે છે કે, મોદી અને ભાજપની સરકારને દસે દિશાએથી ઘેરવાના ષડ્યંત્ર રચાઈ રહ્યાં છે. મોદી મુસ્લિમ વિરોધી છે, મોદી દલિત વિરોધી છે, મોદી ખેડૂત વિરોધી છે, મોદી ગામડાં વિરોધી છે, મોદી અદના આદમી વિરોધી છે, મોદી કર્મચારી વિરોધી છે, મોદી યુવાન વિરોધી છે અને હવે મોદી ખ્રિસ્તી વિરોધી છે, વગેરે વગેરે... ટૂંકમાં, આ દેશની તમામે તમામ સમસ્યાઓ મોદીના કારણે જ છે અને મોદી જ તમામ સમસ્યાઓનું મૂળ છે એવું ચિત્ર ઉપસાવવાના પ્રયાસો થઇ રહ્યા છે. તાજેતરમાં, ગોવા અને દમણના મુખ્ય પાદરી નેરી ફેરાઓએ પણ લોકતંત્ર જોખમમાં હોવાનું દર્શાવીને પોતાના સમુદાયને એક પત્ર પાઠવ્યો છે જેમાં લખ્યું છે કે, "આજે ભારતનું બંધારણ ભયમાં છે. મોટાભાગના લોકો પોતાને અસુરક્ષિત અનુભવી રહ્યા છે. આ સંજોગોમાં, આગામી ચૂંટણીઓમાં ખ્રિસ્તી સમુદાયે તેને બચાવવાના પ્રયાસો કરવા પડશે." પાદરીએ વધુમાં લખ્યું છે કે, "આજે માનવ અધિકારોનું હનન થઇ રહ્યું છે. ખાન-પાન અને રહેણીકરણીના 'તોર-તરીકાઓ'માં એકરૂપતા લાગુ કરવાની કોશિશો કરવામાં આવી રહી છે. આ ધાર્મિક આઝાદી છીનવી લેવા અને એકસરખી સંસ્કૃતિ અને પરંપરા થોપવાના પ્રયત્નો કરવા જેવું છે." આ પત્ર ફેરાઓએ પાદરીઓના નવાં વર્ષ નિમિતે લખ્યો છે. પાદરીઓનું નવું વર્ષ ૧ જુનથી શરુ થતું હોય છે.પાદરીઓના ઉપરોક્ત પત્રોમાં લખાયેલા રૂપાળા શબ્દો પાછળ વાસ્તવમાં, ભારતમાં વર્ગવિગ્રહ પેદા કરવાની અને દુનિયાના આ સૌથી મોટા લોકશાહી રાષ્ટ્રની રાજનીતિમાં દખલ દેવાની તેમજ જગત આખામાં ભારતને બદનામ કરવાના કાવતરાંની દુર્ગંધ આવે છે. કેમકે, ખ્રિસ્તી સમુદાયના વૈશ્વિક વડામથક વેટીકન દ્વારા પણ દિલ્હીના પાદરીના પત્રને સમર્થન આપવામાં આવ્યું છે. વેટીકનની વેબસાઈટ પર આ વિષે એક અહેવાલ પણ પ્રગટ કરવામાં આવ્યો છે. જે મુજબ, ધાર્મિક અને વંશીય લઘુમતીઓના હિતોની અવગણના કરીને મોદી સરકાર હિંદુ રાષ્ટ્રની સ્થાપના માટે કાર્યરત હિંદુ જૂથોને મૂક ટેકો આપી રહી છે.

ખ્રિસ્તી જૂથોના જણાવવા પ્રમાણે, મોદી સત્તા પર આવ્યા પછી ખ્રિસ્તીઓ સામેના હુમલાઓમાં વધારો થયો છે. વટાળ પ્રવૃત્તિમાં સંડોવાયેલા ખ્રિસ્તી સંગઠનો મોદી સરકારને લઘુમતી વિરોધી ગણાવી રહ્યાં છે. તેઓ કહે છે કે, ૨૦૧૬માં ખ્રિસ્તીઓ પર ૩૪૮ હુમલા થયા હતા જેની સામે ૨૦૧૭માં ૭૩૬ હુમલા નોંધાયા છે. ભારતમાં અંદાજે આઠ કરોડ લોકો ખ્રિસ્તી ધર્મ પાળે છે. આમાંથી ૭૩૬ એટલે કે, ૦.૦૦૦૯૨ ટકા લોકો પર હુમલા થયાનું જણાવી તેઓ સમગ્ર હિંદુ પ્રજાને દુનિયા આખીમાં બદનામ કરી રહ્યા છે. હુમલાના આંકડાં પણ તેઓએ જ આપ્યા છે તે કેટલા સાચા છે તે તપાસનો વિષય છે. આમાંથી મોટાભાગના કિસ્સા તો અંગત વેરઝેરના હશે જેને ખ્રિસ્તી વિરોધી તરીકે ચગાવાઈ રહ્યા છે.

પાદરી અનિલ કૂટોએ પત્રમાં વધુમાં લખ્યું છે કે, "આપણે આજે દેશમાં એવું અશાંત રાજકીય વાતાવરણ નિહાળી રહ્યા છીએ જેનાથી આપણા રાષ્ટ્રની બિન-સાંપ્રદાયિક સંરચના અને બંધારણમાં સ્થાપિત લોકશાહી સિદ્ધાંતો ભયમાં આવી ગયા છે." તેઓ આગળ લખે છે કે, "દેશમાં સામાન્ય ચૂંટણીઓ આવી રહી છે ત્યારે આ દેશ અને તેના રાજકીય નેતાઓ માટે પ્રાર્થના કરવાની આપણી પવિત્ર ફરજ છે."

રૂપાળા શબ્દોમાં 'પ્રાર્થના'ના ઓઠાં હેઠળ ખ્રિસ્તીઓને ઉશ્કેરવાની, હિન્દુ સમુદાયની ઉપર આરોપો મૂકવાની અને તેને બદનામ કરવાની આ ખતરનાક ચાલ રમાઈ રહી છે. પત્રમાં, રાષ્ટ્ર માટે એક ખાસ રચાયેલી 'પ્રાર્થના' પણ મૂકવામાં આવી છે અને દર શુક્રવારે તે ગાવાની ભલામણ કરવામાં આવી છે. આ કહેવાતી 'પ્રાર્થના'માં એવું પણ જણાવાયું છે કે, "...આજે મુશ્કેલીભર્યો સમય છે જેમાં સત્ય, ન્યાય અને સ્વાતંત્ર્યના પ્રકાશને વાદળો ઘેરી રહ્યા છે." કૂટોના આ પત્રને દેશના કેથોલોક અને ખ્રિસ્તી આગેવાનોએ આવકાર્યો છે. ખ્રિસ્તીઓને ભડકાવીને હિન્દુઓ વિરુદ્ધ સંગઠિત કરવાની આ રમત છે.

વિશ્વ હિંદુ પરિષદે પાદરી કૂટોના પત્રની કડક ટીકા કરતાં કહ્યું છે કે, પાદરીએ ભારતની ધર્મ-નિરપેક્ષતા પર સીધો હુમલો કર્યો છે. પરિષદના આંતર રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ આલોકકુમારે કહ્યું છે કે, આ રોમન કેથોલિક ચર્ચના વડામથક વેટીકનનો આપણા દેશમાં સીધો હસ્તક્ષેપ છે અને ધર્મના આધારે દેશને વિભાજીત કરવાનું ષડયંત્ર છે. કેમકે, આવા મુખ્ય પાદરીઓની નિમણૂક પોપ દ્વારા થાય છે. પાદરીઓ ભારતને નહીં પરંતુ, પોપને જવાબદાર હોય છે. હવે શું આ દેશમાં ચર્ચ નક્કી કરશે કે, મત કોને આપવો અને કોને નહીં?

અહીં એ ઉલ્લેખનીય છે કે, દેશભરના ચર્ચ હિન્દુઓને વટલાવીને ખ્રિસ્તી બનાવવાની વટાળ પ્રવૃત્તિ કરતાં હોવાના આક્ષેપો દાયકાઓથી થાય છે અને આ હકીકત જગજાહેર છે. પરંતુ, હવે તો ચર્ચ દેશના લોકતંત્રમાં પણ દખલ દેવા લાગ્યું છે. આ કોઈ પહેલો કિસ્સો પણ નથી. આ પહેલાં, ગોવાના ખ્રિસ્તી ચર્ચ દ્વારા પ્રગટ કરાયેલી એક પત્રિકામાં એક લેખ છપાયો હતો. જેમાં મોદી સરકારની તુલના નાઝીઓ સાથે કરાઈ હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ વખતે પણ ગાંધીનગરના પાદરીએ ખ્રિસ્તી સમુદાયને "રાષ્ટ્રવાદી તાકાતો" થી દેશને બચાવવાની અપીલ કરાઈ હતી.

આ પાદરીએ એમ પણ કહ્યું હતું કે, "લઘુમતીઓમાં અસુરક્ષાની વધતી ભીતિ વચ્ચે દેશના લોકતાંત્રિક તાણાવાણા દાવ પર છે."પૂર્વોત્તર કે ઈશાની રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ વેળા પણ નાગાલેન્ડના બેપ્ટીસ્ટ ચર્ચે એક ખૂલ્લો પત્ર લખીને જણાવ્યું હતું કે, લોકો ભાજપનો વિરોધ કરે, કેમકે, એ 'આરએસએસ'ની જ એક શાખા છે.

આજે ચર્ચ દ્વારા દેશભરમાં અલગતાવાદ પ્રોત્સાહિત કરાઈ રહ્યો છે પરંતુ, મહાદંભી અને કહેવાતા બિન-સામ્પ્રદાયિકો મોં સીવીને બેસી ગયા છે. તેઓના મોઢાં માત્ર હિન્દુ સમાજની વિરુદ્ધમાં જ ખૂલે છે. આ વિષે દેશ આખામાં તંદુરસ્ત ચર્ચા જગાવવાની જરૂર ઊભી થઈ છે.

પાદરીઓએ તેમના પત્રો અને અપીલોમાં જણાવ્યું છે તેવી સ્થિતિ દેશમાં ક્યાં છે એ તેઓ જણાવતા નથી. આ માત્ર નરી આક્ષેપબાજી છે. મારામારીના, હુમલાના, ખૂનના કે રંજાડના બનાવો આખી દુનિયામાં બને છે પરંતુ, તેને ધર્મ કે સંપ્રદાયના આધારે ગણાવવામાં આવતા નથી.

હિન્દુ સમાજ દુનિયાનો સૌથી સહિષ્ણુ સમાજ છે અને હજારો વર્ષોથી તેણે વિધર્મીઓને આવકાર્યા છે અને પોતાના હૃદયમાં, પોતાના ઘરમાં તેમજ પોતાના દેશમાં સ્થાન આપ્યું છે. દુનિયાનો આ એક માત્ર એવો દેશ છે જેણે ક્યારેય વિસ્તારવાદી મહત્વાકાંક્ષા રાખી નથી અને સામે ચડીને કોઈ દેશ પર આક્રમણ કર્યું નથી.

પોતાના સ્વાર્થ, મહત્વાકાક્ષાઓ અને સ્થાપિત હિતોને પોષવા માટે જ પાદરીઓણે હાથાં બનાવીને દેશને વિભાજીત કરવાના ષડ્યંત્ર રચાઈ રહ્યાંછે અને હિંદુ સમુદાયને બદનામ કરવામાં આવી રહ્યો છે તે હકીકત વધુ એક વખત સિદ્ધ થઇ ગઈ છે.

-મહેશ દોશી, પૂર્વતંત્રી,
'ફૂલછાબ' ઈ-મેઈલ: m-doshi @hotmail.com

**યુવા પિતા અને તેમના પિતા ધરતી બચાવવા માટે સુપરહીરો બની રહ્યા છે**

## મેક્સ ફેશન અને પબ્લિક રિલેશન્સ સોસાયટી ઓફ ઈન્ડિયા-અમદાવાદ ચેપ્ટર મળીને હેપી ફાધર્સ ડે નિમિત્તે સેવ ધ વર્લ્ડ થીમ સાથે ડ્રોઈંગ કેમ્પનું આયોજન કરશે



જૂન મહિનામાં આયોજિત વર્લ્ડ એન્વાયર્નમેન્ટ કેમ્પેઈન્સ અને ૧૭ જૂને રવિવારે 'પાપા કહેતે હૈ' હેપી ફાધર્સ ડેના થીમ સાથે, ભારતની અગ્રણી ફેશન બ્રાન્ડ મેક્સ ફેશન અને પીઆરએસઆઈ અમદાવાદ ચેપ્ટર સાથે મળીને એક દિવસીય ડ્રોઈંગ અને ક્રિએટીવીટી કેમ્પનું આયોજન કર્યું છે કે જેથી નાના બાળકો તેમના વ્હાલા પિતા સાથે મળીને કઈ રીતે ધરતીને બચાવી શકાય એ માટેના તેમના વિચારો રજૂ કરી શકે.આ ડ્રોઈંગ સ્પર્ધા કમ કેમ્પનું આયોજન રવિવારે ૧૭, જૂન, ૨૦૧૮ના રોજ ગુલમહોર પાર્ક મોલ, એટ્રીયમ ખાતે ૪ વાગ્યાથી કરાયું છે. વિવિધ શાળાઓનાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓ અને વિવિધ વયજૂથના બાળકો આ કેમ્પમાં ભારે ઉત્સાહથી સામેલ થશે. મીડિયા, સેન્ટ ઝેવીયર, મિર્ઝાપુર અને ભંવર રાઠોડ ડિઝાઈન ઈન્સ્ટીટ્યુટના ખાસ ડ્રોઈંગ કોચીસ બાળકોને તેમની કલ્પનાઓ અને નવા વિચારોને રજૂ કરવા મદદ કરશે. ફાધર્સ ડેના અનેક ગીતો પણ વગાડાશે કે જેનાથી બાળકો તેમના જીવનમાં તેમના પિતાની ભૂમિકા વિશે ગૌરવ અને સંવેદના અનુભવી શકે છે.જેમાં બે કેટેગરીઝમાં રોમાંચક ઈનામો પણ આપવામાં આવશે. સેલિબ્રિટી ગેસ્ટ જેમકે અભિનય બેન્કર, સોશિયલીટ ફાની ત્રિવેદી કે જેઓ પર્યાવરણવાદી છે અને તુલી બેનરજી કે જેઓ પૂર્વ મીડિયા જર્નાલિસ્ટ છે અને હવે જાણીતા બ્લોગર છે તેમને બાળકોને પુરસ્કારો વિતરીત કરવા અને ધરતીને બચાવવાના તેમના મિશન માટે તેમને પ્રોત્સાહિત કરવા માટે આમંત્રિત કરાયા છે.બાળકો કે જેમણે તેમના પિતાને મનમાં સુપરહીરો તરીકે કલ્પીને ચિત્રો બનાવ્યા હતા અને તેમના પિતા સાથે મળીને કઈ રીતે પર્યાવરણને તેઓ બચાવશે એ જણાવ્યું હતું. આ ઈવેન્ટમાં સામેલ થનારા તમામ બાળકોને સર્ટિફિકેટ્સ પણ આપવામાં આવશે. આ માટેના ઈનામો પણ ડી'ક્લબ-આરાધ્યા રિસોર્ટ અને વીએલસીસી દ્વારા સ્પોન્સર કરાયા છે. ભંવર રાઠોડ ડિઝાઈન ઈન્સ્ટીટ્યુટ અને સેન્ટ. ઝેવિયર્સ, મિર્ઝાપુર દ્વારા પણ આ ઈવેન્ટને સફળ બનાવવા માટે મહત્ત્વની ભૂમિકા અદા કરવામાં આવી હતી.સ્કૂલનાને તથા સ્કૂલ - ઈન્સ્ટીસ્ટીટ્યુટના વિજેતાઓને સંબંધિત વયજૂથની કેટેગરી અંડર-૧૨ અને અબોવ-૧૨માં ક્રમશઃ મેક્સની પાપા કહેતે હૈ સેલિબ્રેશન ૨૦૧૮ ડ્રોઈંગ કોમ્પિટિશન કમ કેમ્પમાં એવોર્ડ આપવામાં આવ્યા હતા.

## યામાહા ફેસિનો મિસ દિવા ૨૦૧૮ માટે ફેશનપ્રેમીઓ તૈયાર થઈ રહયા છે

વિભિન્ન આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે સ્પર્ધકોની પસંદગી માટે દર વર્ષે ભારતમાં યોજાતી રાષ્ટ્રીય સૌદર્ય સ્પર્ધા યામાહા ફેસિનો મિસ દિવા ઝડપથી ભારતની આગામી સૌદર્યની દેવીની શોધ શરૂ કરવા જઈ રહયું છે. ફેશનના વિશ્વમાં નવી પ્રતિભાઓને મંચ પ્રદાન કરનાર ફેસિનો મિસ દિવા ની શરૂઆત ૨૦૧૩માં ઈન્ડીયા યામાહા મોટર (આઈવાઈએમ) પ્રા. લિ. કરી હતી. ૨૦૧૪ થી યામાહા ટાઈટલ સ્પોન્સરના સ્વરૂપે આ સ્પર્ધા સાથે જોડાયલે છે. આ સ્પર્ધા માટે બહુપ્રતીક્ષિત ઓડિશનની શરૂઆત ૨૪ જુન ૨૦૧૮ થી દેશના વિવિધ શહેરોમાં યોજવામાં આવશે. ઓડિશનમાં ફેશન વિશ્વના પ્રતિશિષ્ઠ મહાનુભાવો જજ તરીકે પ્રેઝન્ટેશન, સૌદર્ય અને ફેશનના આધારે પ્રતિભાઓને શોર્ટલિસ્ટ કરશે. શરૂઆતના રાઉન્ડમાં રેમ્પ વોક, પ્રેઝન્ટેશન એન્ડ ગ્રુમિંગ, કોમ્યુનિકેશન સ્કીલ વગેરે જેવા માપદંડોને આધારે સ્પર્ધકોને પરખવામાં આવશે. ઓડિશન અને સિલેકશનનો ફાઈનલ રાઉન્ડ મુંબઈમાં હશે અને ત્યારબાદ પ્રચાર માટે સિટી ટુર (વિવિધ શહેરોનો પ્રવાસ) યોજવામાં આવશે. ફાઈનલમાં પસંદગી પામેલ બધા સ્પધર્કોને પ્રખ્યાત વિશેષજ્ઞો તરફથી ગ્રુમિંગ અને ટ્રેનિંગની તક મળશે.એક વૈશ્વિક બ્રાન્ડ તરીકે યામાહા શાનદાર પ્રોડકટસ અને કોન્સેપ્ટ દ્વારા એકસેપ્શનલ વેલ્યુ અને ડિપ સેટિસ્ફેકશન પ્રદાન કરી લોકોને તેમના સ્વપ્ન સાકાર કરવામાં મદદરૂપ બને છે. યામાહાની ફેસિનો પર્સનલ મોબિલિટીના સ્વપ્નમાં ફેશનને અપનાવવા પર ભાર મૂકે છે.

## આરબીઆઈ દ્વારા હોમ લોનના દરમાં સુધારાથી એમઆઈજી ખરીદદારોમાં ખુશીનો માહોલ

પ્રધાનમંત્રી આવાસ યોજના- અરબન (PMAY-U )હેઠળ અફોર્ડેબલ હાઉસિંગ માટે હોમ લોનની સીમા વધારવા તથા ઘરોની કિંમતમાં સંશોધનના આરબીઆઈના નિર્ણયના પરિણામ સ્વરૂપ પ્રાઈમરી તથા સેકેન્ડરી બંને બજારોમાં સ્ટોકની ઉપલબ્ધતા વધી છે અને આ મધ્યમ આય વર્ગ (એમઆઈજી) શ્રેણીમાં લગભગ બેગણી થઈ ગઈ છે. મેજિકબ્રિક્સના સર્વેક્ષણમાં આ પરિણામ સામે આવ્યાં છે. મેજિકબ્રિક્સના વિશ્લેષણ હેઠળ આના પ્લેટફોર્મ પર વેચાણ તથા પુનઃવેચાણ માટે ઉપસ્થિચ લાખો સંપત્તિઓ પર અભ્યાસ કરવામાં આવ્યો. આમાં એ જાણવાં મળ્યું કે આરબીઆઈના આ નિર્ણયથી શહેરી ક્ષેત્રો પર સીધી અસર પડશે.જેનો લાભ દિલ્લી એનસીઆરમાં ગ્રેટર નોઈડા, ગાજિયાબાદ અને નોઈડા તથા ચેન્નાઈ તથા કોલકાત્તામાં એલઆઈજી અને એમઆઈજી ખરીદદારોને મળશે. સાથે જ મુંબઈ મેટ્રોપોલિયન ક્ષેત્ર (એમએમઆર)ના શહેર- થાણે, નવી મુંબઈ અને મુંબઈમાં આનો લાભ ફક્ત એલઆઈજી સેગમેન્ટને મળશે, કારણકે એમઆઈજી સેગમેન્ટના વધુ ઉપભોક્તાઓને આનાથી કોઈ ફાયદો નહિ થાય.આરબીઆઈના આ સંશોધન બાદ ગ્રેટર નોઈડાને એમઆઈજી કેટેગરીમાં સૌથી વધુ લાભ થશે. કારણકે વેચાણ માટે ઉપલબ્ધ સંપત્તિઓની સંખ્યા ૩૧ ટકાથી વધીને ૫૫ ટકા થઈ ગઈ છે. આ બાદ ગાજિયાબાદ, કોલકાત્તા અને નોઈડા જેવાં શહેરોને આનાથી લાભ મળશે. ચેન્નાઈ. હૈદરાબાદ અને બેંગ્લોરમાં શહેરનો લગભગ ૨૦ ટકા સ્ટોક મધ્યમ આય વર્ગના ગ્રાહક માટે PMAY-ના હેઠળ આવે છે.

## નીતિન ગડકરીએ યસ બેન્કનાં મેનેજિંગ ડાયરેક્ટરરાણા કપૂરની મુલાકાત લીધી




અમદાવાદ

કેન્દ્રનાં સડક પરિવાહન મંત્રી નીતિન ગડકરીએ સંપર્ક સમર્થન અભિયાન અંતર્ગત યસ બેન્કનાં મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ રાણાકપૂરની અને તેમના પત્ની બિન્દુ કપૂરની તેમના નિવાસસ્થાને મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સરકારનાં ચાર વર્ષનાં શાસનકાળ દરમિયાન કરવામાં આવેલા વિકાસના પ્રયાસો વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## "ડાન્સ ક્લાસ જવા હું દરરોજ ૧૯ કિ.મી. ચાલતો" : ગોવિન્દા



કલર્સની નવી પ્રસ્તુતિ ડાન્સ દીવાને એક અનોખો શો છે જયાં તે ૩ પેઢીઓને ડાન્સ માટેની પોતાની ઘેલછા પ્રદર્શિત કરવા એક કોમન મંચ પ્રસ્તુત કરે છે. ત્રણ ફાઈનાલિસ્ટસ, દરેક વર્ગાવલીમાંથી એક, ભારતના અજોડ ડાન્સ દીવાનાનું બિરૂદ પામવા સ્પર્ધા કરે છે. આને જાજરમાન માધુરી દિક્ષિત નેને, ડાયરેકટર શશાંક ખૈતાન અને ખૂબ જ પ્રતિભાશાળી તુષાર કાલિયા દ્વારા જજ કરવામાં આવી રહેલ છે.

તાજેતરના એપિસોડ પર, મંચ ડાન્સિંગ આઈકન ગોવિન્દા અને વાયરલ સેનસેશન, 'ડાન્સિંગ અંકલ' દ્વારા શોભાયમાન કરવામાં આવ્યો હતો. ગોવિન્દા પોતાના જૂના મિત્ર, ફિરોઝ ખાનને પણ મળ્યાં જે હવે પ્રતિસ્પર્ધીઓમાંના એક હતાં અને તેઓ નાના હતાં ત્યારે કેવી રીતે એક જ ડાન્સ ક્લાસમાં મળ્યાં હતાં તે જણાવ્યું.

ડાન્સ માટેની પોતાની ઘેલછા અને દીવાનાપન અંગે એમણે જણાવ્યું અને કહ્યું કે આના માટે પોતે કેટલો પરિશ્રમ કર્યો હતો. "ડાન્સ હંમેશા મારો પ્રથમ પ્રેમ રહ્યો છે. આ મારામાં એક અલગ એનર્જી લઈ આવે છે. જયારે હું બાળક હતો ત્યારે મને હજુ પણ યાદ છે હું દિવસના ૧૯ કિ.મી. ચાલતો, કેમ કે મારા ક્લાસ મારા ઘરથી ખૂબ જ દૂર હતાં. ખાનગી વાહનમાં મુસાફરી કરવાના મારી પાસે પૈસાં નહોતાં, પણ ડાન્સ માટેના મારા પ્રેમે મને જવાનું ચાલું રખાવ્યું. આ ઊંડા આકર્ષણને જોતાં સરોજ ખાન, મારા ગુરુએ મારી પાસેથી એક પૈસો પણ ન લીધો."

વધુ રસપ્રદને ઝડપી પાડવા અને ડાન્સ માટેના પ્રેમ માટે દર શનિવાર અને રવિવાર રાત્રે ૯.૦૦ કલાકે ડાન્સ દીવાને સાથે જોડાયેલા રહો ફક્ત કલર્સ પર

## દેવ ૨નું શૂટિંગ શરૂ થતાં,આશિષ ચૌધરી સુમોના ચર્કવર્તીને યાદ કરે છે



કલર્સની લોકપ્રિય સીરિઝ દેવ ૨ એક વધુ કુતુહલપૂર્ણ સીઝન સાથે પાછી ફરી રહેલ છે. જટિલ પ્લોટસ વાળી શોની બીજી સીઝન જિજ્ઞાસા સિંધ, પૂજા બેનર્જી, અને અમિત દોલાવત પણ અગત્યના પાત્રો તરીકે હોવા સાથે આશિષ ચૌધરીને એક એવી પદવી પર ચમકાવશે. કલર્સ પર ૨૫મી જૂનથી દર સોમવારથી ગુરુવાર રાત્રે ૧૦.૩૦ કલાકે દેવ ૨ શરૂ થશે.દેવ ૨નું શૂટિંગ શરૂ થઈ ગયેલ છે અને અભિનેતા આશિષ ચૌધરી પડદા પર પાછા આવવા બાબતે ખુશ છે બસ એક ખેદ છે – એમને સુમોના ચર્કવર્તી સાથે કામ કરવાનું સાલે છે. "આ સીઝનમાં અન્ય કાસ્ટ જેમની તેમ રહે છે જેમાં મહેક તરીકે પૂજા બેનર્જી, ઈન્સ્પેકટર નરવેકર તરીકે અમિત દોલાવત, ઝોહરા આપા તરીકે જયશ્રી અરોડાનો સમાવેશ થાય છે પણ આ વખતે સુમોના આનો હિસ્સો નથી. સેટ પર અમે સૌ આશ્ચર્યજનક તાલમેલ ધરાવીએ છીએ. અમને સૌને સેટસ પર તેણીની ખોટ સાલે છે અને આશા રાખું છું કે હું તેણીની સાથે ટૂક સમયમાં જ ફરીથી કામ કરી શકીશ. પણ જિજ્ઞાસા સિંધ અમારા પરિવારમાં નવો ઉમેરો છે અને તેણી અમારા સૌની સાથે સાચે જ સારી રીતે ગોઠવાઈ ગયેલ છે. તેણી સાચે જ સરસ છોકરી છે અને અમારા સૌનો સમય સારી રીતે જઈ રહેલ છે."૨૫મી જૂનથી દર સોમવારથી ગુરુવાર રાત્રે ૧૦.૩૦ કલાકે દેવ ૨ શરૂ થશે, ફક્ત કલર્સ પર!

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભકિતને લગતાં સાહિત્યનાં અજવાળાં...

## સુવાકયો

અહિંસા વિના મનુષ્યના જીવનમાં સુખ નથી આવતું.
શ્યામ ઈતના ન દીજીએ, જામે કુટુંબ સમાય, મૈ ભી ભૂખા ન રહું સાધુ ભી ભૂખા ન જાય.
ખોરાક સ્વાદ લેવા માટે નહીં પરંતુ શરીરના પાલન માટે છે.
મૃત્યુ પછી ધર્મ અને કર્મ જ મનુષ્યના સાચા મિત્રો છે.
પરસ્ત્રી, પરધન, પરનિંદા, પરિહાસ અને વડીલો સામે ચંચળતા આ સર્વનો ત્યાગ કરવો જોઈએ.
અહંકાર જીવનનો દુશ્મન છે.
પ્રાર્થના આત્માને સ્વચ્છ કરતી સાવરણી છે.
અત્યાચાર અને ભય પરસ્પર હાથ મિલાવે છે.



**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

# આપણા ઉપર ઉપકાર કરે તેનો આભાર માનતાં શીખીએ

એક જમાનો હતો. રાજા મહારાજાઓની શાહી સવારી નીકળતી હતી. તેમની સાથે હાથી ઘોડા અને શણગારેલા રથ આગળ પાછળ શસ્ત્રધારી સૈનિકો અને છડી પોકારતા છડીદારોનો રસાલો ગામ વચ્ચેથી નીકળે ત્યારે આજુબાજુના રહીશો તથા દુકાનદારો પોતાની પાઘડી ઉતારીને હાથમાં રાખીને નીચામસ્તકે કુરનીશ બજાવતા ઉભા રહેતા. મહારાજાની એક નજર તેમના ઉપર પડે તો ધન્યતા અનુભવતા હતા.

એ જમાનામાં એક મહાવત પોતાના હાથીને ગામના પાદરે આવેલા તળાવમાં પાણી પાવા અને નહાવા લઈ જતો. રસ્તામાં આવતી દુકાનોના માલિક હાથીને ખાવા માટે કાંઈકને કાંઈક આપતા. નાના બાળકો હાથીને જોઈને રાજી થતા. શેરીના નાકે એક દરજીની દુકાન હતી. ઘર દુર હોવાથી તેની પત્ની તેના માટે ટીફીન લઈ આવતી. આ દરજીને જમવાના સમયે જ હાથી અહીંથી નીકળતો. દરજી જમતાં જમતાં એક રોટલી હાથીને આપતો. હાથી સુંઢ લાંબી કરીને રોટલી લઈ લેતો અને પોતાના મોટા જડબાવાળા મોંઢામાં મુકીને સુંઢ હલાવતો આનંદ વ્યકત કરતો હતો. રોજનો આ ક્રમ જાણે નિયમ બની ગયો હતો.

એક દિવસ દરજી વહેલો જમી રહ્યો હતો. તેથી પોતાની સોય વડે દાંત ખોતરતો હતો. તે વખતે હાથી પસાર થયો. રોજના નિયમ મુજબ આજે પણ તેણે દરજીની દુકાન સામે આવીને સુંઢ લાંબી કરી. દરજીને મજાક સુજી. રોટલી આપવાના બદલે તેણે તેના હાથમાં રહેલી સોય હાથીની સુંઢ તરફ કરી. સુંઢનો આગળનો ભાગ મુલાયમ હોવાથી તે સોય ભોંકાવાનું તેને મામુલી દર્દ થયું. હાથી વિફર્યો. તે તળાવના કીનારે પાણી પીવા ગયો ત્યાંથી ગંદુ પાણી સુંઢમાં ભરી લાવ્યો અને વળતી વખતે તેણે તે પાણી દરજીની દુકાનમાં ફેંકયું. દુકાનમાં ઘરાકોનાં કિંમતી કપડાં લટકતાં હતાં. તે બધાં જ ગંદા થઈ ગયાં અને દુકાનમાં પાણી જ પાણી થઈ ગયું.

આટલી નાનકડી ઘટના આપણને ઘણું બધું શીખવી જાય છે.૧.લાંબા સમયથી દરજી હાથીને રોટલી ખવડાવતો હતો. તે વાત ભુલીને હાથીએ દરજીની સામાન્ય મજાકનો ખરાબ રીતે બદલો આપ્યો.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# સહજં કર્મ કૌન્તેય સદોષમપિ ન ત્યજેત્ ।
# સર્વારમ્ભા હિ દોષેણ ધૂમેનગ્નિરિવાવૃત્તાઃ ।।

ગીતાકારે 'કર્મ કરવું પ્રત્યેકને અનિવાર્ય છે' એ વૈશ્વિક સત્ય સમજાવ્યું છે. પોત પોતાના સ્વભાવ અને સ્વધર્મ પ્રમાણે દરેક મનુષ્યને સાધના કરવાની છે. સ્વભાવ અને સ્વધર્મનો આ સિદ્ધાંત વિશ્વમાં સર્વત્ર કાર્ય કરતો જણાય છે. સ્વભાવ નિયત કર્મ કરનાર મનુષ્ય દોષને પામતો નથી તેથી દોષયુકત હોય તો પણ સ્વકર્મનો ત્યાગ ન કરવાનું જણાવતાં ભગવાન કહે છે કે :

**સહજં કર્મ કૌન્તેય સદોષમપિ ન ત્યજેત્ ।**
**સર્વારમ્ભા હિ દોષેણ ધૂમેનગ્નિરિવાવૃત્તાઃ ।।૧૮-૪૮ ।।**

'હે કુંતીપુત્ર અર્જુન (કાન્તૈય) સ્વાભાવિક સહજ કર્મ (સહજમ્ કર્મ) દોષવાળા દોષયુકત (સદોષમ્) હોવા છતાં, હોય છતાં પણ (અપિ) ત્યજવું નહીં, છોડવું નહીં, (ન ત્યજેત્) કેમ કે કારણ કે (હિ) ધુમાડાથી (ધુમેન) અગ્નિની પેઠે, અગ્નિની જેમ (અગ્નિ ઈવ) સઘળાં કર્મો-બધી જ પ્રવૃત્તિઓ (સર્વારમ્ભા) દોષથી (દોષેણ) યુકત છે-ઢંકાયેલ છે, વીંટળાયેલી છે. (આવૃત્તાઃ)'

આ શ્લોકમાં સ્વકર્મ સ્વાભાવિક કર્મ પર ભાર મુકવામાં આવ્યો છે. ભગવાન કહે છે કે જેવી રીતે અગ્નિ ધુમાડાથી આવૃત્ત (ઢંકાયેલો) હોય છે તેવી રીતે દરેક કર્મ કોઈને કોઈ દોષથી આવૃત્ત (ઢંકાયેલ) હોય છે. તેથી હે અર્જુન! માણસ માત્રે સ્વભાવજન્ય કર્મોનો ત્યાગ કરવો જોઈએ નહીં. ભલે તે દોષોથી ભરેલ હોય એટલે કે માણસનું સ્વાભાવિક કર્મ દોષવાળું હોય તો પણ ત્યજવા યોગ્ય નથી. પ્રકૃતિ અનુસાર શાસ્ત્રવિધિથી નિયત કરવામાં આવેલા જે વર્ણાશ્રમના ધર્મરૂપ સ્વાભાવિક કર્મ છે.

તેને જ ભગવદ ગીતા અહીં સહજકર્મ સ્વકર્મ, સ્વધર્મ, નિયત કર્મ, સ્વભાવજ કર્મ અને સ્વભાવ નિયત કર્મ વગેરે નામોથી ઓળખાવે છે. 'સહજ કર્મ' નો અર્થ શ્રી શંકરાચાર્ય 'જન્મ સાથે જ ઉત્પન્ન' શ્રી મધુસુદન સ્વભાવજ અને શ્રી શંકરાનંદ તેનો અર્થ 'સ્વભાવવિહીત કર્મ' એવો કરે છે.

ગીતાકારે શ્લોક દ્વારા આપેલ અગ્નિ અને ધુમાડાનું ઉદાહરણ સુસંગત છે.અગ્નિ પવિત્ર છે છતાં તેમાં ધુમાડો હોય છે પરંતુ ધુમાડો અગ્નિને અપવિત્ર બનાવી શકતો નથી તેમ સર્વ કર્મો ત્રિગુણાત્મક હોવાથી ધુમાડારૂપ અગ્નિની જેમ સામાન્ય દોષ વડે ઢંકાયેલા હોય છે. આથી વર્ણાનુસાર દરેક વ્યક્તિએ સ્વકર્મ કરવું જોઈએ. કદી પણ અકર્મી બનવું જોઈએ નહીં કારણ કે તેનાથી પ્રમાદ, આળસ વગેરે દોષો પેદા થાય છે. એ વાત નિશ્ચિત છે કે ધુમાડાથી વીંટળાયેલા અગ્નિની માફક બધા કર્મો કોઈને કોઈ દોષથી વીંટળાયેલા હોય છે. તેથી સ્વધર્મનો ત્યાગ કરી પરધર્મરૂપ કર્મ અંગીકાર કરવાથી દોષમુકત થવાતું નથી.

જન્મતાંની સાથે ઉત્પન્ન થયેલ કર્મ અર્થાત સ્વભાવ જન્ય કર્મ દોષવાળું હોય તો પણ તેનો ત્યાગ કરવો નહીં. કારણ કે અશુધ્ધ અંતઃકરણવાળો મનુષ્ય, સર્વ કર્મોનો ત્યાગ કરવા સમર્થ નથી.

સર્વ કર્મો સત્વ, રજસ અને તમસ એમ ત્રિગુણાત્મક હોવાથી ધુમાડાથી યુકત અગ્નિની જેમ સામાન્ય દોષ વડે ઢંકાયેલા છે. 'સર્વારમ્ભા એટલે સર્વ કર્મો બધાં જ કર્મો' બધ્ધ જીવનમાં સર્વ કર્મો ભૌતિક પ્રકૃતિના ગુણોથી દુષિત થયેલાં હોય છે. તેથી દોષયુકત હોય તો પણ મનુષ્યે પોતાનાં નિયત કર્મો કરતાં રહેવું જોઈએ. કારણ કે તે સ્વભાવજન્ય હોવાથી દોષ પ્રાપ્ત થતો નથી.

કોઈપણ મનુષ્ય એક ક્ષણ પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી તેથી દોષથી યુકત હોય તો પણ સ્વકર્મનો ત્યાગ ન કરવા વિશે ગીતાકાર કહે છે. ભૌતિક જગતમાં પ્રકૃતિના સંસર્ગ દોષમાંથી કોઈપણ મનુષ્ય સંપૂર્ણપણે મુકત હોઈ શકે નહીં. જ્યારે કોઈપણ વ્યવસાયિક કર્મ પ્રભુ પ્રીત્યર્થે કરવામાં આવે છે

ત્યારે તે વિશિષ્ટ વ્યવસાયમાંના સર્વ દોષોની શુધ્ધિ થઈ જાય છે. આમ થવાથી મનુષ્ય પોતાની અંદર આત્મદર્શન આત્મસાક્ષાત્કાર કરી શકે છે.

અહીં ભગવાન અર્જુનને એમ કહેવા માગે છે કે તું જે યુદ્ધરૂપી કર્મને ઘોર કર્મ માની રહ્યો છે તે તારો ધર્મ છે. કારણ કે ન્યાયથી પ્રબળ થયેલા યુદ્ધને કરવું એ ક્ષત્રિયનો ધર્મ છે. આના સિવાય ક્ષત્રિય માટે બીજું કોઈ શ્રેયનું સાધન નથી.

**અધ્યાત્મ** — ૬૧૫ પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** — ભગવાનદાસ બંધુ

# પોતાની આગવી ગાયકી અને હાર્મોનીયમ દ્વારા અનેક લોકોને આનંદ-પરમાનંદ-નિજાનંદ કરાવતા માડકા (વાવ) ના કલાકાર કનુભાઈ બારોટ

પરમાત્માએ પોતાના દુતો તરીકે આ પૃથ્વી ઉપર કલાકારોને મોકલેલા છે. ગાયકો, સાહિત્યકારો, સાજીંદાઓ, નૃત્યકારો, ફિલ્મી અભિનેતા-અભિનેત્રીઓ, જાદુગરો, સંગીતકારો થકી લોકોનાં દુઃખ હળવાં થાય છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાના કરતાં થોડીક વધારે સારી વિશિષ્ઠ શક્તિ ધરાવતી વ્યક્તિના સંપર્કમાં આવે ત્યારે તેને આનંદ આવે છે અને તેનું દુઃખ હળવું થાય છે. પિતા ઈશ્વરભાઈ વનાજી બારોટ અને માતા શ્રીમતી નર્મદાબેનના પરિવારમાં જન્મેલા સરહદી તાલુકા વાવના માડકા ગામના વતની કનુભાઈ બારોટ એક ખુબ જ સારા ગાયકની સાથે સાથે ઉચ્ચ કક્ષાના હાર્મોનિયમ વાદક પણ છે.

તેમણે પ્રાથમિક શિક્ષણ માડકા ખાતે લીધું બાદ માધ્યમિક શિક્ષણ પણ માડકા ખાતે લઈ કોલેજ કક્ષાએ એસ.વાય.બી.એ.સુધીનો અભ્યાસ થરા ખાતે કર્યો. તેમની જન્મ તારીખ ૫-૪-૧૯૮૦ અને જન્મસ્થળ મોસાળ ગામ ઈન્દ્રમાણા (કાંકરેજ) છે.ગાવું, ગવડાવવું, કથા, રાસગરબા, ભજનો તેમજ કલાસીકલ સુગમ સંગીત થકી મોજ કરવી અને સૌને મોજ કરાવવી એ તેમનો મુખ્ય વિષય અને વ્યવસાય છે. તેમના તમામ કાર્યોમાં તેમનાં પત્ની શ્રીમતી રત્નાબેન, પુત્ર સાગર, પુત્રીઓ માધવી અને આરાધના સહિત સમગ્ર પરિવારનો સહકાર હોય છે. તેમને અભિનંદન આપવા તેમનો મો.નં.૭૨૦૩૮૨૧૩૭૮ અને ૯૨૬૫૫૯૯૬૩૧ છે.

નાની ઉંમરથી જ પ્રાથમિક શાળામાં પ્રાર્થના કે ભજન ગવડાવવામાં કે ધુન બોલાવવામાં તેઓ અગ્રેસર રહેતા અને શાળા કક્ષાએ જ ગાયકીની અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ ધીરે ધીરે તેઓ આગળ વધ્યા. પુત્રનાં લક્ષણ પારણામાં એ નાતે જીવનની શરૂઆતથી જ તેમનામાં રહેલો ગાયકીનો શોખ આગળ વધતાં વ્યવસાય કે રોજીરોટીનો આશરો પણ બન્યો. કોલેજ કક્ષાએ પણ તેઓ કોલેજમાં ગોઠવાતી ટેલેન્ટ ઈવનીંગમાં ખુબ ભાગ લેતા અને આમ કરતાં કરતાં સંગીત પ્રત્યેની તેમની ઋચિ અને રસમાં દિન-પ્રતિદિન વધારો થતો રહેતો. જાણીતા કથાકાર પૂજય યશવંતશાસ્ત્રીજી મહારાજ (સુખદેવ)ની ભાગવત કથામાં મારે અવાર નવાર તેમની મુલાકાત થતી અને હું પણ સતત તેમની ગાયકી સાંભળતો સાથે સાથે તેમની હાર્મોનીયમ વગાડવાની અતિ અદ્ભૂત શક્તિને માણતો ત્યારે મને પણ મોજ આવતી અને આવા કલાકારો વિશે કંઈક લખવાની પણ પ્રેરણા થતી. હું વારંવાર કહું છું કે કોઈપણ કલાકાર એ પરમાત્માનો સીધેસીધો દુત કે વારસદાર છે. આ પૃથ્વી પર માણસના માનસિક ભાર, કુવિચારો કે દુઃખને દુર કરવામાં કલાકારની ખુબ જ મોટી ભૂમિકા હોય છે અને તેથી આ પૃથ્વી ઉપરના કલાકારો હરહંમેશા વંદનીય અને અભિનંદનીય છે.

કનુભાઈ બારોટ જન્માષ્ટમી મહોત્સવ, રામનવમી મહોત્સવ જેવા કાર્યક્રમોમાં પણ જતા તેમજ ગાઈને સૌને રાજી કરતા. નવરાત્રિ દરમ્યાન રાસ ગરબાના કાર્યક્રમ હોય તો તેમાં પણ તેઓ ગાવા અને હાર્મોનીયમ વગાડવા જતા.જન્મતિથિ, લગ્નતિથિ, પુણ્યતિથિ કે અન્ય કોઈ શુભ પ્રસંગે ગોઠવાતા કાર્યક્રમોમાં પણ આયોજકો તેમને બોલાવતા. લોકગીતો, ભજનો, ગરબા, દેશભક્તિગીતો, જૈન ધર્મના કાર્યક્રમો, સુગમ ગાયકી, કલાસીકલ ગીતો, રાજસ્થાની ગીતો, ગુજરાત બહારની વિવિધ ભાષાઓમાં ભજનો, ફિલ્મી ગીતો વિગેરે ગાવામાં તેમની આગવી માસ્ટરી છે.

બનાસકાંઠા, ગુજરાત, ઉત્તર ગુજરાત અને ગુજરાત બહારનાં રાજયોમાં પણ તેઓ અનેક કાર્યક્રમો આપી ચુકયા છે. કલકત્તા ખાતે એક રાસગરબાના કાર્યક્રમમાં તેમણે પોતાની ગાયકી થકી પ્રેક્ષકો અને શ્રોતાઓને મોજ કરાવી હતી. મુંબઈમાં પણ તેઓ કાર્યક્રમો કરી ચુકયા છે. હરિદ્વાર, શુકતાલ, સેતુબંધ રામેશ્વરમ ખાતે કથાકારો તેમજ આયોજકો દ્વારા ગોઠવવામાં આવેલી કથાઓમાં તેઓએ હાજરી આપી પોતાની ગાયકી અને હાર્મોનીયમ વગાડવાની ઉચ્ચ કક્ષાની પદ્ધતિથી ધર્મપ્રેમી ભાઈ બહેનોને મોજ કરાવેલ છે. તેઓ સૂરસાધના મ્યુઝીકલ ગ્રુપના બેનર હેઠળ માડકા તાલુકો વાવ ખાતે કામ કરે છે. વિવિધ કથાઓમાં પણ તેમનું સંગીતનું ગ્રુપ હાજર હોય છે જેમાં ઓર્ગન, પેડ, તબલા, ઢોલક, વાયોલીન, સીતાર વગાડનાર કલાકારો હોય છે. તેઓ તેમના ઓરકેસ્ટ્રા ગ્રુપ થકી પ્રોફેશનલ કામગીરી પણ કરતા રહે છે. તેમના જીવનનો મુખ્ય વિષય જ ગાયકી છે. ભાગવતકથામાં તેઓ ગાતા હોય ત્યારે અનેકને મંત્રમુગ્ધ કરી દે છે. કોઈપણ કથાકારને સાજીંદા ગ્રુપ અને સાઉન્ડ એ બે બાબતો સારી હોવી જરૂરી છે. જે કથાકારની સાથે સારો ગાયક, સારો તબલચી, સારો હાર્મોનીયમ વાદક કે સારો ઓર્ગનવાદક હોય તેની કથા અવશ્ય સફળ થાય છે.

છેલ્લા પંદર વર્ષથી સંગીતના શોખને પોતાનો વ્યવસાય બનાવીને નિજાનંદથી જીવતા કનુભાઈ બારોટ અનેક શ્રોતાઓને પરમાનંદ-નિત્યાનંદ કરાવીને પોતે પણ ખુબ જ રાજી થાય છે. ડીસાના વતની પૂજય યશવંતશાસ્ત્રીજી મહારાજની કથાઓમાં જયારે જ્યારે પણ હાજરી આપવાનું થાય ત્યારે કનુભાઈ બારોટની હાજરી અવશ્ય હોય છે અને તેમની ગાયકી સાંભળીને ખુબ જ આનંદ આવે છે. પૂજ્ય સાધુ સંતો, મહંતો, ભુદેવો, કથાકારો અને સંગીતકારોના પણ કનુભાઈ બારોટને આશીર્વાદ મળેલ છે. વાવ તાલુકાના માડકા જેવા એક નાનકડા ગામમાંથી આગળ આવી ગાયકીના ક્ષેત્રમાં જમાવટ કરવી એ પણ એક વંદનીય, અભિનંદનીય અને ગૌરવશાળી બાબત છે. આ લેખના વાંચકોને પણ નમ્ર વિનંતી છે કે એક ખુબ જ સારા ગાયક કનુભાઈ બારોટને એક ફોન કરી અભિનંદન આપી તેમને અવશ્ય પ્રોત્સાહન આપશો જેથી અમને પણ ખાત્રી થાય કે દુધ દોણામાં જઈ રહેલ છે. આ લેખના વાંચકોને પણ ખુબ ખુબ અભિનંદન સાથે સાથે કનુભાઈ બારોટને ફોન કરી અભિનંદન આપનાર સૌ કોઈને તેમજ ખુબ જ સારા ગાયક કનુભાઈ બારોટને પણ ખુબ ખુબ ખુબ અભિનંદન અને અઢળક શુભેચ્છાઓ.

**ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

# કબ તક કેવલ ગુંગા રાજા, અબ અંધા બહરા ભી હૈ ! હોઠ સીલ દિયે હૈ જનતા કે, કાનો પર પહરા ભી હૈ !!

**ચિંતન** — યશપાલસીહ ટી.વાઘેલા

આધ્યાત્મિક દ્રષ્ટી-વિચાર ચિંતન, મનન માનવ હૃદય મનને તનાવમુકત રાખે છે. આધ્યાત્મિક ગુરૂ તો ભટકેલા, વ્યથિત માનવ જીવનને પ્રફુલ્લિત રાખવાનું કામ કરે છે પરંતુ ગત મંગળવારે આધ્યાત્મિક ગુરૂ ભૈયાજી જેઓ વિશ્વને તનાવમુકત રાખવાની સલાહ આપતા હતા તે તનાવગ્રસ્ત બની પોતાના લમણે ગોળી મારી આત્મહત્યા કરી અને આશારામ, રામ રહીમ બાદ શનિશ્ચર બાબા દાતિ પર તેની શિષ્યાએ દુષ્કર્મનો આરોપ સાથે ફરીયાદ નોંધાવીને ત્રીજી ઘટના તાજમહેલનું નામ બદલી હવે રામ કે કૃષ્ણ મહેલ કરવું નથી તેવી ડહાપણ ભરી ઉત્તરપ્રદેશના ધારાસભ્યની વાત આ ત્રણ ઘટનાઓને સાંકળીને આજની ચિંતન રત્નકણિકાને ઓપ આપવાનું નક્કી કર્યુ. હવે તો થાકયા છીએ કયાં સુધી ઈંટ નાણાં ઉઘરાવ્યા છતાં રામમંદીર અયોધ્યામાં ના બન્યું. અમદાવાદનું નામ બદલવા અનેક વચનો મળતાં હતા પણ ૨૦૧૮ નું અડધું વર્ષ પુરૂં થયું ને ૨૦૧૯ ની લોકસભા ચૂંટણી માટેની મથામણ શરૂ થઈ ચુકી હોવા છતાં અમદાવાદ કર્ણાવતી બન્યું નહીં. અયોધ્યાનો મુદો કોર્ટમાં હોઈ ચુકાદો આવશે એટલે અયોધ્યામાં રામમંદીર ભવિષ્ય આનજે નહીં તો આવતા પચાસ સો વર્ષમાં બની જશે તેવી આશા સાથે જયશ્રીરામ બોલી ચુપ થઈ જઈએ. ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણી નજીક આવી જ રહી છે તો ૨૦૧૪ ના વચનો તો લોકો ભુલી ગયા છે. તો કોઈ બોલતા નેતાના મુખેથી કયાંક વિચાર પ્રગટ કરી જ નાખીએ. તો ને રાજકારણમાં આવા મુદા કયાંક ઉછળે ને પ્રજાને કુદાવે પણ ખરા ? કઈ પ્રજાને કઈ માનસિકતા કુદાવે છે તે બાબતે નેતાઓ સિવાય બીજા કોઈ જાતની ચર્ચા કરવી નહી. હવે અમારા મનમાં એક વિચાર પ્રગટયો છે કે વાહ.. તાજ.. વાહ.. એટલે આપણી ઐતિહાસિક ધરોહર શિલ્પ સ્થાપત્યનો અદભુત નમુનો, પ્રેમનું પ્રતિક 'તાજમહેલ' હિંદુ મુસ્લિમ, શીખ, ઈસાઈ, જૈન, પારસી, યહુદી કે બીજા અહીં ઉલ્લેખ ન કરેલા સંપ્રદાય કે માનવ સમુદાય માટે દર્શનીય સ્થળ છે. વર્ષો પછી તેને વાદ વિવાદનું સ્વરૂપ બનાવીને તેની કલા સ્થાપત્યનું જ નહીં રાષ્ટ્રનું અપમાન કર્યા બરાબર છે. એમાં કોઈ હિંદુ, મુસ્લિમ કે બીજા સંપ્રદાયની વાત જ ન હોવી જોઈએ પરંતુ હવે જાતિ ધર્મના નામે ખુલ્લું રાજકારણ રમાઈ રહ્યું છે. જે ભારત જેવા બિનસંપ્રદાયિક લોકશાહી રાષ્ટ્ર માટે ખરાબ બાબત જ છે. ઉત્તરપ્રદેશના એ ધારાસભ્ય સુરેન્દ્રસિંહની માનસિકતા પોતાને બીજાની વિશેષ રાષ્ટ્ર ભકત બતાવીને કંઈક વધુ પ્રાપ્ત કરવા સિવાય બીજું કંઈ વધુ નથી. આવા વીવાદાસ્પદ નિવેદનો આવા રાજનેતાઓ કરીને પ્રજા વિસ્તારમાં ભાગલા પાડવાની પોતાની ચેષ્ટાને ઉજાગર કરવા સિવાય શું હોઈ શકે ? ખરેખર કોઈપણ પક્ષ સમુદાયનો હોય, આવા નિવેદન કરે તો તેનો વિરોધ સામુહિક રીતે જ કરવો જોઈએ કે જેથી બીજો કોઈ આવી વિકૃત માનસિકતા સાથે નિવેદનો કરે નહીંને રાજય દેશની કાયમી રાખવામાં સહયોગી બને. ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા છે. ધર્મગુરૂ ગ્રંથો, સ્થળો ને પ્રતિકો કોઈ વાદવિવાદનું સ્વરૂપ કયારેય બની જ ન શકે તેની નજીક જાઓ તો અનોખી સુખ શાંતિ નવચેતનાનો સંચાર થવો જોઈએ. હિંસક જંગલી પ્રાણી પણ બહુ નમ્રતાથી અહીં વિહરતો હોય છે તેવો તેનો પ્રભાવ જ હોય છે પરંતુ જ્યારે એમાં કયાંક આશારામ, કેશવાનંદ રામરહીમ, રાધેમા ને હમણાં ચર્ચાસ્પદ રહેલા શનિશ્ચર બાબા દાતિ મહારાજ કે જેમના પર તેમની શિષ્યાએ દુષ્કર્મનો આક્ષેપ કર્યો છે. આશારામ રામરહીમ પર તો સાબિત થઈ ચુકયો છે તે આજે કારાવાસ ભોગવે છે ત્યારે એક વિચાર ચોક્કસ થાય કે આટલી ઉચ્ચ કક્ષાએ પહોંચેલા 'માનવ જીવ' હાડ ચામના મોહમાં ફસાવીને આટલી નીચ કક્ષાએ પહોંચે તેમાં ખરેખર જનસમુદાયનો વાંક હોઈ શકે છે. આ અગાઉ હું અનેક વાર કહી ચુકયો છું ને જ્યારે આવા કિસ્સા ધ્યાનમાં આપે છે ત્યારે કલમ ઉગ્ર બનીને લખવા પ્રેરાયા છે. આશારામ, રામ રહીમ, કેશવાનંદ ભલે કારાવાસમાં હોય પણ તેમની પુજા કરવાવાળો સમુદાય આજે મોટી સંખ્યામાં છે. આ માનવ સમુદાયને તમે સાચી વાત કહેશો તો પણ તેઓ સ્વીકારવા તૈયાર નહીં થાય. બસ એ જ લગની લાગી તારા નામથી વાચક મિત્રો સોશીયલ મીડીયામાં આવી અંધભક્તિમાં યેનકેન ભટકતા એવા જોવા મળે છે કે તમે સાચું કંઈ જ બોલી કે લખી ન શકો. સાચું લખતાં બોલતા હોય તે રાષ્ટ્રવિરોધી તત્વો કહેવાય. આવા ભકતોની સંખ્યા કંઈ નાની મોટી નથી. ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણી આવે છે. એટલે તો હવે અંધભકતો બહુ ઝડપભેર વિડીયો કોમેન્ટ કરતા થયા છે. જેમાં એમનો કર્તા પણ યોગ કસરત કરતા વીડીયો ટવીટ કહે તો વાહ.. વાહ..

અનુસંધાન પાના નં.૬ ઉપર

# પળનો ચમત્કાર

**શ્રદ્ધા અને સંસ્કાર**

**ગતાંકથી ચાલુ**

ખરેખર મોટાઓ જ્યારે પોતાની મોટાઈ ચુકે છે ત્યારે જ નાનાઓ મર્યાદાની લક્ષ્મણ રેખાનું ઉલ્લંઘન કરે છે.

બંને પક્ષે યુદ્ધની જોરદાર તૈયારીઓ ચાલવા લાગી. બંને મહાસત્તાઓ જ્યારે સમરાંગણમાં સામ સામે આવવાની છે આથી મહાભયાનક હત્યાકાંડ સર્જાશે તેવી સંભાવનાથી સમસ્ત લોકો થરથર કાંપવા લાગ્યા. સાધુ સંતો સુધી પણ આ સમાચાર પહોંચી ગયા.

સાધ્વી પદ્માવતી પણ આ સમાચારને સાંભળતાં કંપી ગયાં. પિતા પુત્ર વચ્ચે જો યુદ્ધ સર્જાયું તો ઈતિહાસના ચોપડે કલંકિત ઈતિહાસ લેખાશે. આજ સુધી ગુપ્ત રાખેલી વાત અથથી લઈને ઈતિ સુધી સંભળાવી દીધી. 'ગુરૂણી ! આપ મને સંમતિ આપો તો હું સમરભૂમિમાં જઈને યુદ્ધની ભયાનક હોનારતને અટકાવું.'

સાધ્વીજીએ સંમતિ આપતાં પદ્માવતી સાધ્વીજી યુદ્ધભૂમિમાં જઈ પહોંચ્યા.બંને સેનાઓ શસ્ત્રોને સજીને તૈયાર થઈ ગઈ હતી. શત્રુઓને ઠંડે કલેજે હણી દેવા ક્રુર બન્યા હતા. બસ સતત ચાલતી યુદ્ધકથા જ કહી બતાવતી હતી કે કેટલી ભેંકાર હોનારત સર્જાવવાની પળ આવી ચુકી છે.

સાધ્વીજી મહારાજનો યુદ્ધભૂમિમાં પ્રવેશ થતાં બંને સેનાઓ વિચારમાં પડી ગઈ. યુદ્ધની રણભેરી જ્યાં વાગવાની તૈયારી છે, ત્યાં શાંતિના દુત સમા આ શ્રમણી શ્રેષ્ઠ પાછા એકાંકી અને તે પણ ઉતાવળાભેર શા માટે આ યુદ્ધની ભોમકામાં ધસી રહ્યાં છે. ખુબ જ શાંત મુદ્રા, તેજસ્વી કપાળ, નેત્રો ભૂમિમાં જ મંડાયેલા અને સંયમની લાક્ષણિક અદા ધરાવતાં આ શ્રમણીને નીરખનારા પણ એક અનુપમ શાંતિને અનુભવી રહ્યા હતા. સાધ્વીજીના પ્રવેશથી યુદ્ધભૂમિમાં નીરવ શાંતિ પથરાઈ ગઈ. જેમ પ્રભુના જન્માદિ કલ્યાણકોમાં ચારે બાજુ આનંદ, આનંદ પ્રસરી જાય છે તેમ સાધ્વીજીના આગમને સહુ યુદ્ધ કથા ભુલી ગયા.

સાધ્વીજી મહારાજ તો આગળને આગળ ધપે જાય છે. શાંતિના અવતાર આજે કંઈક અદભુત ક્રાંતિ કરવા આગેકુચ કરી રહ્યાં છે. પક્ષી પણ ઘુસી ન શકે એવા ચોકી પહેરામાં પણ સાધ્વીજીને કોઈ જ રોકટોક નથી કરતું. વળી કયાં જવું છે ? તે કોઈ તેમને પુછતાં પણ નથી. સૈન્યના સમગ્ર વ્યુહના જાણકાર ના હોય તેમ બધા જ વ્યુહોને ભેદીને બંન પિતા-પુત્ર જ્યાં આમને સામને ગોઠવાયેલા હતા ત્યાં જ પહોંચી ગયા. રાજા દધિવાહન તથા રાજા કરકંડુ પણ અહીં સાધ્વીજી મહારાજને દેખીને આશ્ચર્યમાં પડી ગયા.

ઘોર હિંસાની જ્યાં ઉજાણી થતી હોય છે એવી ભૂમિમાં અહિંસાના આ ઉપાસિકા શા માટે એકલાં આવ્યાં હશે ? એવી વિચારણામાં જ્યાં તેઓ પડેલા છે ત્યાં જ સાધ્વીજી મહારાજે ફરમાવ્યું : 'ઓ અહિંસાદેવીના ઉપાસકો ! રખેને તમે દુશ્મન બનીને એકબીજાને હણવા માટે કમર કસતા નહીં...તમે બંને પિતા પુત્ર છો..

અનુસંધાન પાના નં.૬ ઉપર

# તનાવનો સામનો કરો

તનાવનાં કારણો

ભવિષ્યની ચિંતા, પારિવારિક સમસ્યા ફેમીલી પ્રોબ્લેમ, સામાજીક સમસ્યાઓ, સોશીયલ પ્રોબ્લેમ, જવાબદારી, ઈચ્છાઓ, બિમારી, પ્રોપર્ટી પ્રોબલેમ, અસફળતા, મૃત્યુનો ભય, જનરેશન ગેપ, અસુરક્ષા, સોશ્યલ સ્ટેટસ, અચાનક મહેમાન આવી જાય. ટ્રેન ચુકી જવાય. પ્લાન મુજબ કામ ન થાય. વગેરે કારણોસર તનાવ ઉત્પન્ન થાય છે.

તનાવનું નિવારણ

- એક કાગળ પર તનાવ ક્યારે આવ્યો તેની નોંધ લો.
- બીજા કાગળ પર તનાવનું કારણ નોંધ.
- ત્રીજા કાગળ પર તનાવ સમયની સ્થિતિ નોંધ.

તનાવ થાય એટલે ટ્રાફિક આઈલેન્ડ રચો.

ભીડ વચ્ચે પણ શાન્તિથી ઉંડા શ્વાસ લેવા. રેલ્વેનું ફાટક બંધ હોય ત્યારે સમયનો સદ્ઉપયોગ કરી મનને શુભ વિચારોના માર્ગે દોરવું. થયેલી ક્ષતિઓ માટે ઈશ્વર પાસે ક્ષમા માગી હળવાશ અનુભવવી. હળવાશ અનુભવવાનો શ્રેષ્ઠ ઉપાય હાથમાં લીધેલા કે સ્વીકારેલા કામ ને પુરી નિષ્ઠા, શ્રધ્ધાથી ન્યાય આપો. રુદિયાના રંગ વગરનું કામ પતે જરૂર છે. પરંતુ રંગીન કે સંગીન બનતું નથી. અધુરપની કૂખેથી કદરુપાં પરિણામો જન્મતાં હોય છે.

તનાવ મુક્ત રહેવાના નિયમો

- પોતાની જાતને એવા ન માનો જેના ખભા પર આખી દુનિયાનો ભાર લદાયેલો છે.
- કામની પસંદગી કરો બોઝથી નહી આનંદથી કરો.
- કામનું આયોજન કરો.
- કામોને એક સાથે કરવાની કોશિશ ન કરો. આ એક કામ હું પહેલાં સારી રીતે પુરું કરીશ. એવી બાઈબલની સલાહ યાદ રાખો.
- કામ પ્રત્યેનું વલણ બદલો.
- વધુ પડતી કોશિશ કરી તનાવમાં ન આવો. વસ્તુને વિશ્વાસથી સ્વીકારો.
- જાતને એક એવી શિસ્ત શીખવો કે જે કામ આજે કરવાનું છે તેને કાલ પર ન ટાળો.
- ઈશ્વર તમારો અદશ્ય

અનુસંધાન પાના નં.૬ ઉપર

**સૌરભ** — બી.કે.નીતાબેન

## પાલનપુરની ...

**પાના નં.૧ ચાલુ**

નાના મોટા તમામ બિલ્ડરોને તંત્ર બચાવી રહ્યું છે. પાલનપુર હાઈવે પર આવેલી મંડોરા નર્સરી સામે કલેક્ટરના આદેશ છતાં ગેરકાયદેસર બાંધકામ અટકતું ન હોવાની કાગારોળ વચ્ચે તંત્રના એક મોટા અધિકારી શંકાના દાયરામાં આવી ગયા છે. જ્યારે પાલનપુરનો જ સીમાડો છે અને જે બ્રાઈડ ટુ લિપ્સ સ્કૂલ છે ત્યાં તંત્રએ માર્કિંગ કરી અને દબાણની નોટિસ આપી પરંતુ સામે જ બનાવેલી મસમોટી મેડી પોલીસને નોટિસ ન આપતા આખરે તંત્રનો ભ્રષ્ટાચાર બહાર આવી રહ્યો હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે. મેડી પોલીસના માલિકોએ લડબી નદીના પટમાં ગેરકાયદેસર દિવાલ બનાવી દીધી છે. જેના દબાણ પર નગરપાલિકાએ પણ માર્કિંગ કર્યું છે. ત્યારે આ દબાણ હટાવવા નોટિસ પણ નથી અપાઈ ત્યારે પાલનપુરની લડબી નદીના પટમાં અનેક મોટા માથાઓના ગેરકાયદેસર દબાણો છે. સામે ચોમાસુ આવી રહ્યું છે. ગયા વર્ષ જેવી પરિસ્થિતિ પાલનપુરમાં ન સર્જાય લોકોના જીવ ન જાય લોકોને જાનમાલનું નુકસાન ન થાય તે માટે વહેલી તકે આ દબાણો હટાવી અને લડબી ના વહેણને ખુલ્લુ કરવું જોઈએ તેવી લોક લાગણી પ્રવર્તી રહી છે. પાલનપુર નગરપાલિકા ભ્રષ્ટાચાર આદરવામાં તો પાછી પાની કરી જ નથી. તાજેતરમાં જ ભ્રષ્ટાચાર આદરીને હેતુફેર કર્યા વિના પાલનપુરનું જ્યાં ગંદું પાણી ઠાલવવાનું હતું એ જગ્યાએ રાજીવ આવાસ ઉભા કરી દેતા આખરે કલેક્ટરે આ જમીનને શ્રી સરકાર કરી છે અને પાલિકાના સત્તાધીશો મુસીબતમાં મુકાયા છે. આખરે ભાજપના પદાધિકારીઓ પાલિકામાં છે. પરંતુ સમગ્ર શાસન જાણે પાલનપુર નગરપાલિકાના ચીફ ઓફિસર જ કરતા હોય તેવું વર્તાઈ રહ્યું છે. જો કે ભૂતકાળમાં પણ આણંદમાં ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવી ચૂકેલા પંકજ બારોટ આણંદમાં પણ વિવાદમાં સપડાયા હતા અને જેની તપાસ પણ ચાલી રહી છે ત્યારે પાલનપુરમાં પણ લડબી નદીમાં ગેરકાયદેસર દબાણોમાં ભ્રષ્ટાચારની એક મોટી રાવ ઉઠી છે ત્યારે ચીફ ઓફિસર સામે કાયદાકીય પગલાં કેમ નથી લેવાઈ રહ્યા એ એક મોટો સવાલ ઉઠ્યો છે.

જોકે હવે ચોમાસુ આવી રહ્યું છે અને લોકોની સુખાકારી માટે લડબી ના દબાણ નહીં હટાવાય તો ઉગ્ર જન આંદોલન થવાના પણ એંધાણ વર્તાઈ રહ્યા છે.

## ધાનેરા ફાયરીંગ...

**પાના નં.૧ ચાલુ**

જે વખતે સોમાભાઈ માળીએ ફાયરિંગ કરતા હરેશભાઈ પટેલને ગંભીર ઈજા થઈ હતી. આ ઘટનામાં સોમાભાઈ માળી તેમજ સુરેશ માળી ઉપર પણ હુમલો થતા આ બન્ને જણને પણ ગંભીર ઈજાઓ થઈ હતી.આ ઘટનાની જાણ થતાં ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડા સહિત જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ રવિવારે સાંજે ધાનેરા દોડી આવ્યા હતા.અને ગુનાવાળી જગ્યાનું નિરીક્ષણ કરી બનાવની વિગતો મેળવી હતી.

આ ચકચારી ઘટના સંદર્ભે રવિવારે મોડી રાત્રે ધાનેરા પોલીસ સ્ટેશનમાં દઝાભાઈ નારણભાઈ પટેલે સોમાભાઈ માળી,સુરેશભાઈ બાબુભાઈ માળી,બાબુજી દેવાજી માળી અને ગણેશ બાબુભાઈ માળી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસની તજવીજ હાથ ધરી છે.આ મામલે આજે એફએસએલ ટીમના અધિકારી કે.કે.મોઢ તેમજ ધાનેરાના પી.આઈ.આર.કે. પાઠકે ગુનાની જગ્યાનું નિરીક્ષણ કરી લોહીના નમૂના તેમજ ફાયરીંગને લગતા પુરાવા મેળવ્યા હતા.આ ઘટનામાં ઘવાયેલા સોમાભાઈ માળી અને હરેશ પટેલ હાલ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

## પાલનપુરમાં...

**પાના નં.૧ ચાલુ**

આપવામાં આવતાં અનેક લોકોએ આવી કંપનીઓમાં રોકાણ કર્યુ હતુ. જોકે, મોટાભાગની કંપનીઓ ઉઠી જતાં લોકોના નાણાં સલવાઈ ગયા છે. જેમાં શહેરના ગુરૂ આર્શિવાદ કોમ્પ્લેક્ષમાં આઠ વર્ષ અગાઉ ચાલતી પીયર્સ ઈન્ડિયા લીમીટેડ કંપની, નેક્સઝેન કિશન પ્રા. લી. અને મનીષા મોટર્સ એન્ડ જનરલ ફાયનાન્સ કંપનીમાં લોકોએ રીકરીંગ તેમજ ફિક્સ ડિપોઝીટ કરાવી હતી. જોકે, તે બાદ વર્ષ ૨૦૧૬માં આ કંપનીની ઓફિસ બંધ થઈ જતાં ગ્રાહ-કોના રૂપિયા ત્રણ કરોડ સલવાઈ ગયા છે. આ અંગે પાલનપુરના જસલેણીના મહિલા એજન્ટ રમીલાબેન કાંતિભાઈ મકવાણાએ કંપનીના દસ વ્યક્તિઓ સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી છે.

## વિઠલાપુરમાં...

**પાના નં.૧ ચાલુ**

ચુકવવામાં આવશે. હાલમાં ફરીયાદને પોલીસ રક્ષણ પુરૂ પાડવામાં આવ્યું છે.

આ ગુના સંબંધે બે આરોપીઓની અગાઉ અટકાયત કરી વધુ તપાસ માટે ચાર દિવસના રીમાન્ડ મેળવવામાં આવ્યા હતા. આ ગુનાની તપાસ મહેસાણા એસ.સી. એસ.ટી. સેલના ડી.વાય.એસ.પી. જે.આર.સોલંકી ચલાવી રહ્યા છે. આરોપીઓને ઝડપી લેવા પોલીસને ૧૪ ટીમો કામે લગાડવામાં આવી હતી. મળેલ બાતમીને આધારે આ ગુનાનો એક સગીર આરોપી જે પાલનપુરના નાની ભટામલથી પકડી પાડ્યો હતો. વિડીયો વાઈરલ કરનાર આ સગીરના મોબાઈલ અને વિડીયો વાઈરલ કરવા અંગેની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આરોપી સગીર હોઈ તેને જુવેનિયલ કોર્ટમાં રજુ કરાશે તેમ પોલીસે જણાવ્યું હતું. નાસતા ફરતા વધુ એક આરોપીને પકડી પાડવા પોલીસ સઘન તપાસ હાથ ધરી છે. દલિત પરના વધી રહેલા અત્યારથી રાજકારણ ગરમાવાની સાથે આ ઘટનાથી સમગ્ર બેચરાજી પંથકમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

## પોલીસે હદના...

**પાના નં.૮ ચાલુ**

પણ ધારાસભ્યએ જાણ કરી પરંતુ હદ નક્કી કરવા બાબતે કોઈએ જવાબદારી ન સ્વીકારતા મૃતક યુવાનની લાશ ત્રણ કલાક ભાભર સી.એચ.સી.ના મેદાનમાં રઝળતી જોઈ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર દવાખાને દોડી આવીને પોલીસની ફરજ બેદર-કારીથી રોષે ભરાઈને લાશ આગળ મૃતકના સ્વજનો સાથે ધરણાં ઉપર બેસી ગયા હતા. આ ઘટના બાબતે અને ભાભર પોલીસની બેદરકારીથી લાશનું પી.એમ.ન થતુ હોવાના મુદ્દે ઉચ્ચ પોલીસ અધિકારીઓનું ધ્યાન દોરતા સ્થાનિક પોલીસ દોડતી થઈ હતી. ધારાસભ્ય ધરણાં ઉપર બેસતા મામલો વધુ ગૂંચવાયો હતો. અન્ય જવાબદાર અધિકારીઓનો કાફલો ભાભર સી.એચ.સી. ખાતે દોડી આવીને ફરિયાદ લેવાનું કહેતા ધારાસભ્ય અને મૃતકના સ્વજનો પી.એમ. નથી કરાવવું. લાશ અહીંથી ન ઉઠાવી તેવી જીદ્દે ચડતા મામલો વધુ ગૂંચવાતાં પોલીસ તંત્રની ઊંઘ હરામ થઈ ગઈ હતી. મોડી સાંજે ધરણાં ઉપર બેઠેલા ધારાસભ્યને સમજાવતા મામલો શાંત પડ્યો હતો. ભાભર સી.એચ.સી. માં લાશ હોવાથી ભાભર પોલીસે જીરો નંબરથી ફરિયાદ નોંધી હતી. મૃતકની લાશનું પી.એમ. રાત્રે ૯:૦૦ કલાકે હાથ ધરતા મૃતકની લાશ ભાભર પોલીસની ફરજ નિષ્ઠા અને બેદરકારીથી ભાભર સી.એચ.સી.ના મેદાનમાં આઠ- આઠ કલાક રઝળી હતી. જેના કારણે ભાભર પોલીસ સામે રોષ ફેલાયો છે. પી.એમ. બાદ લાશ વાલી- વારસોને સોંપી હતી.

## ડીસા તાલુકાના...

**પાના નં.૮ ચાલુ**

હતી. ભરતભાઈને જાણ થતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા ડીસા નગરપાલિકાના ફાયર ફાઈટરને જાણ કરતા ડીસા નગરપાલિકાનું ફાયર ફાઈટર ઘટના સ્થળે દોડી આવ્યું હતું અને આગ પર કાબુ મેળવ્યું હતો ઘાસમાં આગ લાગવાથી ભરતભાઈને હજારોનું નુકશાન થયું હતું.

## સૂઈગામ તાલુકા...

**પાના નં.૮ ચાલુ**

અનુચ્છેદ અન્વયે મહિલાઓને ૩૩ ટકા અનામત મળી છે. પરંતુ કેટલીક મહિલાઓને હજુ વહીવટ કરવાની આઝાદી મળી નથી. જેનો પુરાવો સુઈગામ તાલુકા પંચાયતના મહિલા પ્રમુખનો છે. તાજેતરમાં સુઈગામ તાલુકા પંચાયતની યોજાયેલી ચૂંટણીમાં ભાજપનો વિજય થયો અને મહિલા પ્રમુખની સીટ અનામત હોઈ મહિલા પ્રમુખના ઉમેદવાર તરીકે ભરડવા સીટના મહિલા પટેલ ઉમેદવારે તાલુકા પંચાયતના પ્રમુખ પદેનો કાર્યભાર સંભાળ્યો હતો પરંતુ સુઈગામ તાલુકા પંચાયતના વહીવટ વિકાસ અને આયોજનના તમામ કામોમાં મહિલા પ્રમુખના સસરા વહીવટ કરી રહ્યા છે. પુત્ર વધૂ મહિલા પ્રમુખ માત્ર રબર સ્ટેમ્પ સાબિત થઈ રહ્યા છે. જે બાબતની ૧ માસ અગાઉ મીડીયાએ નોંધ લેતા ભારે ખળભળાટ મચી ગયો હતો અને ગરમાવો આવ્યા બાદ શાંત થઈ ગયો છે. જો કે આ બાબતે કેન્દ્ર સરકારે નવો પ્રસ્તાવ રજુ કરી આ બાબતની સર્વ સત્તા જિ.કલેક્ટરને જે સુપ્રત કરી છે. ત્યારે જિલ્લા કલેક્ટર સુઈગામ તાલુકા પંચાયતના મહિલા પ્રમુખનો કાર્યભાર સંભાળતા તેમના સસરાની શાન ઠેકાણે લાવે તેવું સમગ્ર સરહદી પંથકમાં ચર્ચાસ્પદ બન્યું છે.

## અંબાજીમાં લવ...

**પાના નં.૧ ચાલુ**

આપી ન્યાયની ગુહાર લગાવવામાં આવી હતી.

અંબાજીમાં રિક્ષા ચલાવી ત્રણ દીકરી, બે પુત્રો અને પત્નીનું ગુજરાન ચલાવતાં ગૃહસ્થે દોઢ વર્ષ અગાઉ ગામના જ એક શખ્સ પાસેથી બોલેરો ગાડી વેચાતી લીધી હતી. જેના રૂપિયા વીસ હજાર બાકી હોવાથી આ શખ્સનો નાનો ભાઈ તેમના ઘરે ઉઘરાણી આવતો હતો. જે દરમિયાન આ રિક્ષા ચાલકની પુત્રીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. આ અંગે તેમણે અંબાજી પોલીસ મથક સહિત ઉચ્ચ અધિકારીઓ ને લેખિત અરજી દ્વારા જાણ કરી પોતાની પુત્રીને આ શખ્સની ચુંગાલમાંથી છોડાવવા માટે જાણ કરી હતી. પરંતુ પોલીસ દ્વારા તેમની ફરિયાદ લેવામાં આવી ન હોઈ ચાર માસના સમય બાદ યુવતીના માતા-પિતાએ હિંદુ સંગઠનો પાસે મદદ માટે હાથ લંબાવ્યો હતો.

જે અંતર્ગત ગૌ રક્ષા કમાન્ડો ફોર્સ સહિતના સંગઠનોના અગ્રણીઓ દ્વારા ગતરોજ જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. જેમાં જો ત્રણ દિવસમાં યુવતી પરત નહી આવે તો ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.

## પાક વીમા...

**પાના નં.૮ ચાલુ**

નાણા ખેડુતો ની લૉન માંથી કાપી નાખેલ બાદ મા જ્યારે પાક નિષ્ફળ. ગયુ તો ખેડૂતોને એક પાઈ ની રકમ ચુંકવાઈ નથી જે બાદ મા પાલનપૂર નાં ધારાસભ્ય મહેશ પટેલ એ વિધાનસભા મા અને મુખ્યમંત્રી ને રૂબરૂ મળી ખેડૂતોને નુકશાનનું વળતર મળે તે માટે રજુઆત કરી હતી છતા પણ વીમા કંપની દ્વારા ખેડુતોને વળતર ચુંકવાયૂ નથી. જેથી ખેડુતો દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી સહાય ચુકવવાની માંગણી કરી હતી છતાં કોઈ પગલાં લેવામાં નહિ આવ્યા ત્યારે આજે ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં ખેડુતો વડાપ્રધાન મોદીને પોસ્ટકાર્ડ લખી રજુઆત કરવામાં આવી અને ડીસા નાયબ કલેક્ટરને આવેદન પત્ર આયુ હતું અને તેમ છતાં પણ વીમા ની રકમ નહી મળે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. છતાં પણ કોઈ પગલાં લેવામાં નહિ આવે તો ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણીમાં ખેડૂતો ઉગ્ર વિરોધ કરશે.

## કાંકરેજ તાલુકાના...

**પાના નં.૮ ચાલુ**

હતી. આ બાબતની જાણ થરા ૧૦૮ ને થતા ઘટના સ્થળે પાઈલોટ તેમજ ઈ.એમ.ટી., દોડી આવી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે થરા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડયા હતા થરા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી હતી તેમજ ઈજાગ્રસ્તોને વધુ સારવાર મળી રહે તે માટે પાટણ ખસેડાયા હોવાનું જાણવા મળેલ છે.

## વાવ તાલુકા...

**પાના નં.૮ ચાલુ**

લેખિત અને મૌખિક રજુઆત (આવેદનપત્ર આપી માંગણી) કરેલ છે. કલેક્ટરે પણ વિમા કંપનીને નોટીસ આપેલ છે. ખેતીવાડી ખાતાએ પણ અગાઉ તેમના થકી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. પરંતુ વિમા કંપનીએ આજદિન સુધી ખેડુતોને વળતર આપેલ નથી. જે મુદ્દે બનાસકાંઠા જિલ્લા ભારતીય કિસાન સંઘે આંદોલન છેડ્યું છે. જે સંદર્ભે વાવ તાલુકાના ખેડુતોએ પણ કિસાન સંઘના નેજા હેઠળ મામલતદારને આવેદનપત્ર આપી ન્યાય અપાવવા અરજ ગુજારી હતી. તેમ છતાં ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં ન છુટકે ખેડુત હિતમાં આનાથી પણ ઉગ્ર આંદોલન, જલદ કાર્યક્રમ આપવાની ભા.કિ. સંઘ બનાસકાંઠા જિલ્લાને ફરજ પડશે તેવી ચીમકી પણ આપી હતી.

## ઉજ્જવલા યોજના...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત માંગરોળ તાલુકાની ૩૪૭૪ ઉજ્જવલાની મહિલા લાભાર્થીઓને નિઃશુલ્ક નવા ગેસ કનેકશન અને ગેસ ચૂલાઓનું વિતરણ કરાયું હતું.

વનમંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, જ્યાં નારીઓનો આદર થાય છે, ત્યાં દેવતાઓનો વાસ હોય છે. જે રાજ્ય-દેશમાં મહિલાઓને સમાન દરજ્જો અને સમાન હકો આપ્યા છે ત્યાં સર્વાધિક વિકાસ થયો છે. શહેરના શિક્ષિત સમાજમાં દીકરીઓની સંખ્યા ઘટતી જાય છે ત્યારે આદિજાતિ વિસ્તારમાં દિકરા-દિકરીની સંખ્યામાં સંતુલન જળવાયું છે. જે ખૂબ ગર્વની બાબત હોવાનું તેમણે કહ્યું હતું. 'નારી તું નારાયણી' કહેવાય છે ત્યારે કન્યા કેળવણી પર વિશેષ ભાર મૂકીને આ સરકારે શાળા પ્રવેશોત્સવની સાથોસાથ દીકરીઓના ભણતરની દરકાર કરી છે. દિકરીઓ પણ દીકરાઓથી જરા પણ વામણી ન રહે એના પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ સરકારે મહિલાઓને દરેક ક્ષેત્રમાં પૂરતું પ્રતિનિધિત્વ આપ્યું છે. વળી, અગાઉ મહિલાઓ માટે માત્ર ૨૦૦ કરોડનું બજેટ હતું, જેના સ્થાને આજે રાજ્ય સરકારે ૫ હજાર કરોડની ફાળવણી માત્ર મહિલાઓ માટે જ કરી હોવાનું ગર્વભેર જણાવ્યું હતું. તેમણે ઉજ્જવલા યોજનાની વિશેષતા પર વિસ્તૃત જાણકારી આપી હતી. આ પ્રસંગે રાજ્ય મહિલા આયોગના ચેરમેન શ્રીમતી લીલાબેન અંકોલીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિથી તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં મહિલા અને બાળ વિભાગની શરૂઆત કરી હતી. મહિલા આયોગ મહિલાના ઉત્થાન અને નારી સશક્તિકરણ માટે સતત પ્રયત્નશીલ હોવાનું જણાવી તેમણે આયોગ દ્વારા કાયદાકીય સેમિનારોમાં એક લાખથી વધુ મહિલાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાની અને ૨૭૦ તાલુકામાં આયોજિત નારી સંમેલનમાં અઢી લાખ મહિલાઓ જોડાઈ હોવાની વિગતો આપી હતી.

શ્રીમતિ અંકોલીયાએ કહ્યું કે, ૧૮૧ અભયમ હેલ્પલાઈન આજે મહિલાઓના સંકટ સમયની સાથી સાબિત થઈ છે, જેના થકી આજદિન સુધીમાં ૪૫ લાખ મહિલાઓ ૧૮૧ ની ત્વરિત મદદ મેળવી ચૂકી છે. આદિવાસી સમાજની દીકરીને ડોક્ટર બનવા માટે અભ્યાસ અર્થે સરકાર દ્વારા તમામ નાણાંકીય સહાય નિઃશુલ્ક કરવામાં આવે છે. મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના પ્રયાસોના કારણે ઉમરપાડા અને માંગરોળના અંતરિયાળ આદિજાતિ વિસ્તારોમાં શૈક્ષણિક જાગૃતિ આવી છે, ઉપરાંત આ વિસ્તારને અનેક વિકાસકાર્યોની ભેટ મળી છે એમ તેમણે ઉમેર્યું હતું.

મિશન મંગલમ યોજના હેઠળ તાલુકાના સખીમંડળોને રૂ.૧૦,૦૦૦ ની સહાય, કસ્તુરબા પોષણ સહાય, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના હેઠળ સહાયના ચેકોનું મહાનુભાવોના હસ્તે વિતરણ કરાયું હતું. આ ઉપરાંત તાલુકાની તેજસ્વી વિદ્યાર્થીનીઓ અને પ્રગતિશીલ મહિલા પશુપાલકોને શિલ્ડ એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા.

એલ.પી.જી શ્રી ગણેશ ગેસ એજન્સી,માંડવી અને શ્રી બંસીવાલ ઈન્ડેન ગેસ એજન્સી દ્વારા ગેસ વપરાશ અને સુરક્ષાની બાબતો અંગેની સમજણ આપવામાં આવી હતી. અને લાભાર્થી મહિલાઓના ઘરે ગેસ કીટ પહોંચાડવામાં આવી હતી.

આ પ્રસંગે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, અધિક કલેકટર વીણાબેન પટેલ, માંગરોળ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી ચંદનબેન ગામીત, મામલતદારશ્રી જી.આર. પ્રજાપતિ, સુમુલ ડેરીના ચેરમેનશ્રી રાજુભાઈ પાઠક, વાઈસ ચેરમેનશ્રી રિતેશભાઈ વસાવા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી દિલીપસિંહ રાઠોડ સહિત મોટી સંખ્યામાં ઉજ્જવલા યોજનાના મહિલા લાભાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## થરાદના કરબુણ ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

નાકાબંધી કરી વોચ ગોઠવી હતી. આ વખતે મોડીરાત્રે ઉપરોક્ત નંબરની સ્કોર્પિયો જીપ આવતાં તેને રોકવા માટે ખાનગી ગાડી આડી કરતાં જીપના ચાલકે પોતાની ગાડી પૂરઝડપે ભગાડી દીધી હતી. આથી પોલીસે તેનો ફિલ્મી ઢબે પીછો કરતા થરાદ નજીકના બુઢણપુર ગામમાં પડતર ઘરો પાસે બાવળોની ઝાડીમાં મૂકીને નાસી છૂટ્યો હતો. જોકે પોલીસે બેટરીના અજવાળે તેની શોધખોળ કરવા છતાં પણ હાથમાં આવ્યો ન હતો. બીજીબાજુ ગાડીમાં તપાસ કરતા કિંમત રૂપિયા ૬૦ હજારનો ૬૦૦ બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૨ લાખની ગાડી સહિત ૨.૬૦ લાખનો મુદ્દામાલ કબજે લઈ નાસી છૂટેલા ચાલક સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## ધાનેરાની કુવારલા...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તંત્રના બહેરા કાને કોઈ સાંભળનાર નથી એવુ જ બીજુ ૨૦૧૫ થી શાળાનું બ્લોક બીલ્ડીગ ઉભુ કરવામાં આવેલ છે. તે પણ ગુણવત્તા વગરનું બાંધકામ છે અને હાલમાં કામ અધુરૂ છે જે બાબતે મે.મારા લેટરપેડ ઉપર લેખીત તથા વારંવાર મૌખીક તાલુકાથી જિલ્લા સુધીના અધિકારીઓને રજૂઆત કરવા છતાં કોઈએ ગંભીરતાથી લીધુ નથી કોઈ ગંભીર પરિણામ આવે અને આવી ઘટનાનું પુનરાવર્તન થાય તે પહેલાં તંત્ર જાગે તેવી માંગ પણ કરી હતી.

## પાલનપુરમાં ઓબીસી,...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ ગુજરાત સરકારમાં ૨૭૦૦ થી વધુગામડાઓ ગૌચર વિહોણા બન્યા છે. ત્યારે હક્ક અને અધિકારની ગૌચર જમીન સુરક્ષિત રહે તે માટે સરકાર પોતાની નીતિ સ્પષ્ટ કરવી પડશે. અમારી માંગણી સ્પષ્ટ છે કે, રાજ્ય સરકાર દ્વારા જે ઓછા મા ઓછા ૨ રૂપિયા અને વધુમા વધુ ૨૫ રૂપિયા જેવા પાણીના ભાવે અદાણી જેવા ઉધોગપતિ નેજમીન આપી છે. તેના સો ગણા ભાવે ઓબીસી, એસટી, એસસી વર્ગના લોકો ખરીદવા તૈયાર છે. તેમના બાળકોના ઉજ્વળ ભવિષ્ય માટે શાળા અને છાત્રાલય માટે પણ જમીન ફાળવી મંજૂરી આપે નહિતર આગામી સમયમા સરકાર તેના કપરા પરિણામ ભોગવવા તૈયાર રહે.

ઓ.બી.સી. એસ.સી. એસ.ટી એકતા મંચ અને ખેડૂત આ જમીનના આ ભાવ કરતા ૧૦૦ ગણા ભાવ આપવા તૈયાર છીએ. અને તેના બદલામાં માત્ર ૮૫ ટકા નહીં પણ ૧૦૦ ટકા રોજગાર આપવા તૈયાર છીએ. આ ધરણાં કાર્યક્રમમાં ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ ખજાનચી ચકાજી ઠાકોર, પાલનપુર તાલુકા પ્રમુખ પ્રવીણજી ઠાકોર, ઓ.એસ.એસ.એકતા મંચના જિલ્લા પ્રમુખ સાગરભાઈ દેસાઈ, માલધારી સમાજના આગેવાન લીલાભાઈ દેસાઈ, નરસિંહભાઈ દેસાઈ, ધુળાભાઈ દેસાઈ, મોતીભાઈ દેસાઈ, નાગજીભાઈ દેસાઈ, કેસરજી ઠાકોર, સવદાનજી ઠાકોર, નરસિંહભાઈ ઓડ, બનાસકાંઠા દલિત સંગઠન પ્રમુખ દલપતભાઈ ભાટિયા સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસાના વસતા...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

નીકાળે છે. આ શોભાયાત્રામાં હજ્જારોની સંખ્યામાં ઠાકોર સમાજના લોકો જોડાય છે. સમાજ માં કુરિવાજો દૂર થાય અને સમાજના લોકોમાં એકતા વધે તે આશય થી યોજાતી આ શોભાયાત્રાનું પ્રશ્થાન ડીસા શહેરમાં આવેલા ઓગડવાસ થી કરવામાં આવે છે. અને ત્યારબાદ આ શોભાયાત્રા શહેરના મુખ્યમાર્ગો પર ફરે છે અને જ્યાંથી જ્યાંથી આ શોભાયાત્રા પસાર થાય છે ત્યાં ત્યાં ઠાકોર સમાજ સહીત અન્ય સમાજના લોકો પણ તેના દર્શન કરવા ઉમટી પડે છે.. લગભગ ૩૦૦ વર્ષથી શોભાયાત્રાની ચાલી આવતી આ પરંપરા આજે પણ અકબંધ છે અને વિશાલ સંખ્યામાં ભાવિક ભક્તો આ શોભાયાત્રામાં જોડાય છે.

ઠાકોર સમાજ દ્વારા ૩૦૦ વર્ષથી નીકાળવામાં આવતી આ શોભાયાત્રાની અન્ય એક વિશેષતા એ પણ છે કે ઠાકોર સમાજના પુરુષો જોગમાયા પ્રત્યે તેમની આશ્થા પ્રગટ કરવા માટે તેમના શરીર પર ચાબુક ના કોરડા ઝીલે છે. પરંતુ માતાજી પ્રત્યેની તેમની આ આસ્થાને લઈ તેમણે કોઈ પણ પ્રકારની ઈજા થતી નથી. આ વર્ષે ડીસા ખાતે ઠાકોર સમાજ દ્વારા યોજાયેલા જોગમાયાની શોભાયાત્રામાં ડીસાના ધારાસભ્યં શશિકાન્તભાઈ પંડ્યા , ડીસા નગરપાલિકાના પ્રમુખ શિલ્પાબેન માળીના પતિ દેવેન્દ્રભાઈ માળી, ઉપપ્રમુખ કાંતિલાલ સોની, રાજુભાઈ ઠાકોર , રાજુભાઈ ઠક્કર સહીત અન્ય આગેવાનો પણ જોડાયા હતા.

## આરાધના

### અનુસંધાન ૫ નું ચાલુ

આપણે પણ આ રીતે આપણા ઉપર નાના મોટા ઉપકાર કરનારાઓની નાની મોટી હરકતો સહન કરી લેતાં શીખવું જોઈએ તેથી કહેવત પડી છેઃ દુધાર ગાય કી લાત ભલી.

૨. કોઈની મજાક કરતાં કાળજી રાખવી કે આવી મજાકથી તેને શારીરિક કે આર્થિક વધારે હાની તો નહીં પહોંચેને ? કારણ કે દરેકની સહનશક્તિ સરખી હોતી નથી.

ખરેખર તો મજાક કરવાનો તેને જ અધિકાર છે જે બીજાની મજાક સહન કરી શકે.

૩. મજાક મશ્કરી સરખી સમજવાળા મિત્રો સાથે આર્થિક, સામાજીક કે શારીરિક નુકશાન ન થાય તેની કાળજી રાખીને કરવી.

જો હાથીમાં સમજદારી હોત તો દરજીની દુકાનનાં કપડાં ગંદા કરવાની હરત ન કરત. તે રીતે આપણે પણ.. આપણી કોઈ મજાક કરે ત્યારે થોડું નુકશાન સહન કરતાં શીખવું જોઈએ.. આપણા ઉપર ઉપકાર કરનારનો ગુણ કયારેય ભુલવો નહીં તેનો આભાર માનતાં શીખવું જોઈએ. હસતાં, રમતાં, મજાક મસ્તી કરતાં જીવન જીવવું એ પણ એક કલા છે. **નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

## ચિંતન...

### અનુસંધાન ૫ નું ચાલું

કરીને ભકતો ચીચીયારીઓ પાડી ઉઠે છે. વ્યક્તિ બાદ કરતાં રાષ્ટ્ર ભક્તિ મહાન હોવી જોઈએ પણ આજકાલ આવું જોવા મળતું નથી.. આધ્યાત્મિક ગુરૂ ભૈયાજી તનાવમુક્તિના પાઠ શીખવતા શીખવતા પોતે જ તનાવગ્રસ્ત બનીને ચાલ્યા ગયા.. કયાંક કંઈક પાઠશાળામાં ચોક્કસ ખામી છે. તે નક્કી છે. વૃદ્ધાવસ્થામાં ને દિવ્યાત્મા વર્તુળના મુખ્ય પોઈન્ટ સ્વરૂપે સ્થાપિત થયા પછી દુષ્કર્મના કેસમાં દોષિત ઠરીને કારાવાસ ભોગવવો એ પછી પણ સત્યનો સ્વીકાર નહીં કરવો. કેટલી નીચ માનસીકતા બતાવે છે. આજની ચિંતન રત્નકણીકામાં હૃદયસ્પર્શી સ્પર્શી ત્રણ બનાવોને સ્થાન આપી કલમને બોલવાની તક આપી છે. જેનો ગુઢાર્થ, માર્મિક અર્થ પણ તમે સમજ્યા હશો. સંતો, મહંતો પૂજનીય છે. તેમની પવિત્રતા ગરીમા જળવાય એ રીતે તેમને જીવવા દો તેમને આદર્શ બનાવો પરંતુ સંસારીથી અધિક માયાજાળમાં ન ફસાયો જે દિવ્યાત્માએ સંસારનો ત્યાગ કરીને જીવ માત્રને ઉમદા સંદેશ આપતા અલખને માર્ગે નીકળ્યો છે તેનો પથ વાસના, મદ, મોહ, લોભ, લાલચ જેવા દુષણોના કંટકોમય બનાવવાના બદલે સુપથ બનાવેલ છે. તેના પર ચાલવા દઈ એ પથ પર ચાલવા પ્રયત્ન કરો. અંતમાં ભારત રત્ન પૂર્વ વડાપ્રધાન અટલબિહારી બાજપાઈજીની હૃદય વ્યથા વ્યકત કરતી કેટલીક પંક્તિથી ચિંતનની ચીનગારીથી દિવ્ય જયોત પ્રગટાવવા પ્રયત્ન કરીએ.

**ઉઠો, દ્રૌપદી વસ્ત્ર સંભાલો, અબ ગોવિંદ ન આયેગે,**
**કબ તક આસ લગાઓગી તુમ બીકે હુએ અખબારોં સે...**
**કૈસી રક્ષા માંગ રહી હો, દુઃશાસન.. દરબારોં સે !**
**સ્વયં જો લજ્જાહીન પડે હૈ યે કયા લાજ બચાયેંગે..!**
**ઉઠો દ્રૌપદી વસ્ત્ર સંભાલો, અબ ગોવિંદ ન આયેંગે..**
**કલ તક કેવલ અંધારાજા અબ ગુંગા.. બહરા ભી હૈ**
**હોઠ સીલ દિયે હૈ જનતા કે કાનો પર પહરા ભી હૈ,**
**તુમ્હી કહો યે અશ્રુ તુમ્હારે કીસકો કયા સમજાયેંગે**
**ઉઠો દ્રૌપદી વસ્ત્ર સંભાલો, અબ ગોવિંદ ન આયેગે**
**છોડો મહેંદી ભુજા સંભાલો ખુદ હી અપના ચીર બચા લો**
**ધૃત બિછાયે બેઠે શકુનિ મસ્તક સબ બીક જાયેંગે**
**ઉઠો દ્રૌપદી વસ્ત્ર સંભાલો અબ ગોવિંદ ન આયેગા..**

અંતમાં ક્રિકેટર વિરાટ કોહલીએ આપેલી ચેલેન્જ મોદીજીએ કસરત કરતો વિડીયો વાઈરલ કરીને પુરી કરી ત્યાં પાંચ વર્ષ પહેલાં પ્રજાને આપેલા વચનો, મોંઘવારી, ભ્રષ્ટાચાર, ભેળસેળ, સટ્ટા, સંગ્રાહખોરી બંધ કરવાની એ ચેલેન્જ કયારે પુરી કરશે ? નવા વચનો કયાં આપશો ? નેતાઓ પ્રજા ચિંતન કરે બાકી તો બધું જયશ્રીરામ... ભારત માતા કી જય..

**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

## શ્રધા અને સંસ્કાર...

### અનુસંધાન ૫ નું ચાલુ

આટલું પહેલાં તમે જાણી લો. સાધ્વીજીના આટલા જ શબ્દોએ બંને મહારાજાએ પોતાના શસ્ત્રો મ્યાન કરી લીધા. છાવણીમાં જઈને સાધ્વીજીના મુખે પોતાનું આખું વૃત્તાંત સાંભળતા પિતા તથા પુત્ર બંને હીબકા ભરતા રહ્યા. ખુબ જ ગમગીન વાતાવરણ વચ્ચે પણ અતિ સ્વસ્થ ચિત્તે પોતાની જીવન ઘટમાળને વર્ણવતા પદ્માવતી સાધ્વીજીને એ કહેવાની જરૂર ન હતી કે હું મહારાણી પદમાવતી છું.

ખાલી જીવનની ખોખલી કથા જ ન કીધી પણ જીવન પરિવર્તન થઈ જાય તેવી ધર્મદેશના પણ સાથે વણી જ લીધી. મહારાજા દધિવાહનનો આત્મા વૈરાગ્યના પંથે ચાલવા માટે સજ્જ બની ગયો. સંસારની કરમ કહાણી ઉપર ધિક્કાર વછૂટી ગયો. મોહરાજાને હવે જીતી લેવા રાજા તત્પર બન્યા. તુરંત નિર્ણય કરી રાજાએ અંગદેશના રાજા તરીકે કરકંડુનો રાજયાભિષેક કરી લીધો. કરકંડુ અંગ તથા કલીંગ બંને દેશના મહારાજા બની ગયા. જ્યારે દધિવાહન સંસારને સલામ ભરી મુનિરાજ બની ગયા.

રાજા કરકંડુ બંને દેશનું ન્યાય નીતીપુર્વક પાલન કરી રહ્યો છે.રાજાને પ્રાણીઓ પર ખુબ જ પ્રેમ હતો. પોતાની વિશાળ ગોશાળામાં ઘણીવાર જતો.એક દિવસ તેને અત્યંત સફેદ વાછરડો ખુબ જ ગમી ગયો. ગોપાલકને કહી દીધું કે, આ મનભાવના વાછરડાનું વિશેષ તકેદારીપુર્વક પાલન કરજો. તેને એક અલગ જ સુંદર સ્થાનમાં રાખીને તેની સંભાળ લેજો. તેને વિશેષ સુંદર ખોરાક આપતા રહેજો અને જ્યારે હું આવું ત્યારે મને જરૂરથી તે બતાવજો.

પછી તો મહારાજા જયારે પણ ગોશાળામાં આવે ત્યારે તે વાછરડાની પાસે અચુક જાય.વાછરડું પણ યોગ્ય સેવા સુશ્રુષાથી ખુબ જ હૃષ્ટપુષ્ટ બન્યું. કરકંડુ રાજાને આ વાછરડું જીવથી પણ પ્યારૂં થઈ ગયું.રાજાને દેખતાં તે ખુબ જ ગેલમાં આવી જતું. પિતા પુત્રની જેમ એ બંને એકબીજાને લાડ બહુ કરતા. કુદકા મારતા આ પ્રાણીનો પ્રેમ રાજા મુકી શકતો ન હતો. વારંવાર રાજકાજને બાજુમાં મુકી વાછરડા પાસે આવતો રહેતો. પશુને પણ પ્રેમ વ્હાલો હોય છે. પ્રેમ આપો તોપશુ પણ વશવર્તી બની જાય છે.

વાછરડું વય વધતાની મોટો બળદ બની ગયો. મોટો બનતા તે ગોશાળામાં મસ્તીથી ફરવા લાગ્યો. રાજા પણ વાછરડું મોટા બળદ જેવો થઈ ગયો હોવાથી હવે થોડા થોડા ઓછા આવતા હતા. ઘણા વર્ષો વીત્યાં.એક દિવસ રાજા ગોશાળામાં જઈ ચઢયા. પ્રથમ પુછપરછ પોતાના પ્રીય બળદના વિષયમાં કરી ત્યારે રાજાને અધિકારીને તેના સ્થાને લઈ ગયા અને બળદને બતાવ્યો. તેના શરીરની બધી જ શોભા ચાલી ગઈ હતી. માત્ર હાડકાં જ શેષ દેખાતા હતા.મૂત્ર અને વિષ્ટાથીતેનું શરીર ખરડાયેલું હતું. ઉભા થવાની પણ તાકાત તેનામાં ન હતી. માખીઓના ઝુંડ તેના શરીર ઉપર બણબણી રહ્યાં હતાં. માખીઓના ત્રાસથી મુકત થવા માટે તે મોંઢું હલાવી શકે એવી શક્તિ પણ ધરાવતો ન હતો. અધિકારીએ તેને બતાવ્યો એટલે ખ્યાલ આવ્યો કે આ તે જ બળદ છે, બાકી તો ઓળખી શકાય તેવો ન હતો.રાજા કરકંડુને આ દ્રશ્ય અદ્રશ્ય વૈરાગ્યની પ્રબળ ધારામાં ખેંચી ગયું. રાજા વિચારમાં પડયા. સૌંદર્ય બાહ્ય વસ્તુકે વ્યક્તિમાં દેખાવા જઈશું તો તે ક્ષણભંગુર છે.

મનમોહક પદાર્થો શોભાનો વિનાશ થતાં મનદાહક પણ બની શકે છે. મારૂં યૌવન કે મારા ભોગ સુખો મને વિશ્વાસઘાત ન કરે તે પુર્વે જ મારે મારા આંતરિક સૌંદર્યને શાશ્વતરૂપ આપવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ.

રાજા કરકંડુ પોતાના જીવનમાં આવેલી સોનેરી પળને ગુમાવવા તૈયાર ન હતા. રાજમહેલમાં જઈને તેમને પોતાનો નિર્ણય જણાવી દીધો. સમસ્ત રાજ પરિવારે રાજાને ઘેરી વળીને સમજાવવા બહુ જ પ્રયત્ન કર્યો પણ અફર નિર્ણયના ધારક રાજા નિશ્ચય રહ્યા. વૈરાગ્યની ઉપદેશધાર વર્ષાવીને સહુના મોહપાશને હટાવીને તેઓ સંયમી બન્યા. પ્રત્યેક બુદ્ધ બનેલ આ મહાત્મા કરકંડુ સાધનાની અજાણી વાટે આગળને આગળ વધતાં રહ્યાં. અજાણી વાટે એક દિવસ તેઓ ખુબ જ જાણીતા એવા સિદ્ધત્વ પદને પામી ગયા.

પળને પામી પ્રત્યેક બુદ્ધ બની પરમપદને પામેલા એ મહાત્માને પરમ વંદન. **પં.રાજપદ્મ વિજયજી**

# કડીના રંગપુરડા નજીક કેનાલમાંથી આધેડની લાશ મળી

મહેસાણા

કડી તાલુકાના માલ્લી ગામના મુળ વતની અને ધંધાર્થે અમદાવાદમાં સ્થાયી થયેલ સેનમા બાબુભાઈ છગનભાઈ ગુરૂવારે સવારે ઘરેથી કહ્યા વિના નીકળી ગયેલ. દરમ્યાન તેમની શોધખોળ કરતા ગત શુક્રવારે સવારે કડીના રંગપુરડા નજીક પસાર થતી નર્મદા કેનાલમાંથી તેમની લાશ મળી આવતા પોલીસે લાશનું પી.એમ. કરાવી લાશ પરિવારને સોંપી અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોન્ટ્રાક્ટરની બેદરકારીથી પાટણમાં હેરીટેઝ રોડ પર વોટર પાઈપની કુંડીઓ ડામરથી પુરાઈ ગઈ

પાટણ

પાટણમાં રાણકી વાવને જોડતો ડીસા અને હારીજ હાઈવેને જોડતો રોડ માર્ગ- મકાન વિભાગ દ્વારા ૮ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો હતો. આ રોડ પર વરસાદી પાણી ન ભરાય અને તેનો નિકાલ થાય તે માટે સ્ટોન વોટર પાઈપ લાઈન નાંખવામાં આવી છે. અને તેની ચેમ્બરો પર ઢાંકણા નાંખવામાં આવ્યા છે. આવી ચેમ્બરો પૈકી રાણકી વાવ જવાના રોડે નવા ઢાંકણ મંદિરની બાજુમાં નાંખવામાં આવ્યા છે. તેની પાસેની કુંડીઓ ડામરથી પુરાઈ ગઈ છે. જેથી કોન્ટ્રાક્ટરની બેદરકારી છતી થઈ છે. પાટણ પાલિકા દ્વારા ચોમાસા પહેલા શહેરના સ્ટ્રોન વોટર પાઈપ લાઈન અને તેની ચેમ્બરો (કુડીઓ) ની સફાઈ કરીને પાણી જવાના માર્ગ ખુલ્લા કરવામાં આવી રહ્યા છે. આખી કુંડીઓ ચક્કાજામ થઈ ચુકી છે. અને તે ડામર- કપચીથી ભરાયેલી જોવા મળે છે. જેથી કર્મચારીઓ તપાસ કરતા ચોંકી ઉઠ્યા હતા. આ કુંડીઓમાંથી ડામર કાઢવા માટેની કામગીરી હાથ ધરતા અધમણ કપચી બહાર કાઢવામાં આવી હતી. રોડ કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે કુંડીઓ પર ડામર પાથરી દેવામાં આવ્યા હતા. આ બાબતે વધુ તપાસ ચાલી રહી છે.

# ઈન્દ્રાડની પરિણીતાની હત્યા કરાયેલી લાશ ઈરાણા ગામની સીમમાંથી મળી

કડી

કડી તાલુકાના ઈન્દ્રાડ ગામની પરિણીતાનું ગળું દબાવી હત્યા કરાયેલી હાલતમાં લાશ ઈરાણા ગામની સીમમાં બાવળોની ઝાડીમાંથી સોમવારે મળી આવી હતી. મહિલાની હત્યા કોણે અને કયા કારણોસર કરી તેને લઈ સર્જાયેલા રહસ્ય વચ્ચે નંદાસણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ત્યારે પોલીસે મહિલાની પતિની સઘન પુછપરછ હાથ ધરાઈ હતી.કડીના ઈન્દ્રાડ ગામના વણકર મુકેશભાઈ શંકરલાલ ગામમાં જ ભંગારીયાને ત્યાં મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. સોમવારે સવારે તેની પત્ની રેખાબેન ઉર્ફે રીનાબેનની ગળુ દબાવીને હત્યા કરાયેલી લાશ પાસેના ઈરાણા ગામની સીમમાં બાવળોની ઝાડીઓમાંથી મળી આવી હતી. બનાવને પગલે ડીવાયએસપી મંજીતા વણઝારા, નંદાસણ પીઆઈ એ.બી.ગોહિલ સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી ડૉગ સ્કવૉડ અને એફએસએલની મદદથી હત્યારાનું પગેરું શોધવા પ્રયાસો હાથ ધર્યા હતા. ઘટના અંગે નંદાસણ પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો છે. બીજીતરફ મૃતક મહિલા રેખાબેનનો પતિ મુકેશભાઈ વણકર પોલીસે સોમવારે રાત્રે પુછપરછ હાથ ધરી પીઆઈ એ.બી.ગોહિલે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# વિવિધ બજાર ભાવ

| | | | | |
|---|---|---|---|---|
| | ડીસા | | બાજરી | ૨૩૮-૨૬૩ |
| ઘઉં | ૩૨૩-૩૨૫ | | જુવાર | ૫૮૦-૮૩૫ |
| બાજરી | ૨૩૭-૨૬૨ | | રજકો | ૧૭૦૦-૨૨૭૫ |
| રાજગરો | ૧૦૦૦-૧૦૭૫ | | | સિધ્ધપુર |
| મગફળી | ૭૦૦-૮૧૧ | | જીરૂ | ૨૫૦૦ |
| એરંડા | ૭૭૫-૭૮૩ | | વરીયાળી | ૧૨૯૬ |
| રાયડો | ૭૧૧-૭૨૬ | | રાયડો | ૭૦૦-૭૨૯ |
| | ભીલડી | | એરંડા | ૭૫૦-૭૮૭ |
| એરંડા | ૭૭૫-૭૮૫ | | મેથી | ૪૯૭ |
| રાયડો | ૭૧૫ | | ગવાર | ૫૭૪-૬૬૦ |
| બાજરી | ૨૩૫-૨૪૫ | | ઘઉં | ૩૦૫-૩૭૪ |
| ઘઉં | ૩૧૦-૩૨૧ | | જુવાર | ૪૯૬-૮૨૬ |
| ગવાર | ૭૧૫ | | બાજરી | ૧૫૦-૨૬૧ |
| જુવાર | ૬૪૦ | | સવા | ૯૪૯ |
| મગફળી | ૭૦૭-૭૭૦ | | | પાટણ |
| | પાંથાવાડા | | જીરૂ | ૧૮૨૧-૩૦૧૧ |
| બાજરી - | ૨૩૨/- | ૨૪૦/- | વરીયાળી | ૯૫૦-૧૯૧૪ |
| ગવાર - | ૭૦૦/- | ૭૦૦/- | મેથી | ૪૨૧-૫૩૬ |
| સરસવ - | ૭૫૦/- | ૭૫૦/- | સુવા | ૭૭૨-૯૩૨ |
| રાજગરો- | ૧૦૫૦/- | ૧૦૫૦/- | રાયડો | ૬૭૦-૭૫૮ |
| એરંડા- | ૭૬૫/- | ૭૯૧/- | એરંડા | ૭૬૦-૭૯૦ |
| રાયડો - | ૭૨૦/- | ૭૨૫/- | ઈસ. | ૧૦૫૨-૧૧૫૦ |
| મગફળી - | ૭૦૦/- | ૮૧૨/- | અજમો | ૭૭૪-૯૫૧ |
| | ધાનેરા | | ઘઉં | ૩૨૨-૩૭૮ |
| ઘઉં | ૩૧૪-૩૫૨ | | બાજરી | ૨૨૮-૨૫૫ |
| બાજરી | ૨૩૮-૨૬૮ | | રજકા બા. | ૩૦૦-૪૫૦ |
| જુવાર | ૬૬૫ | | ગવાર | ૭૧૦-૭૨૩ |
| ગવાર | ૬૭૫-૭૨૧ | | જુવાર | ૫૯૧-૬૨૦ |
| રાયડો | ૬૩૦-૭૩૭ | | રજકો | ૧૭૦૦-૨૫૩૨ |
| એરંડા | ૭૬૦-૭૮૧ | | ચીકુડી | ૧૦૦૦-૧૫૪૮ |
| મેથી | ૬૧૧ | | | થરાદ |
| રજકો | ૧૫૧૫-૨૦૧૧ | | રાયડો | ૭૩૦-૭૫૭ |
| સુવા | ૮૨૫-૯૩૪ | | એરંડા | ૭૬૦-૭૮૫ |
| વરી. | ૧૨૯૯-૧૩૦૦ | | બાજરી | ૨૪૫-૨૫૭ |
| ઈસ. | ૧૧૦૦-૧૩૫૮ | | ચિકુડી | ૧૦૦૦-૧૫૦૧ |
| જીરૂ | ૨૮૨૯-૨૯૯૪ | | ગવાર | -૬૫૦-૬૮૫ |
| રાજગરો | ૧૦૦૦-૧૦૮૦ | | મેથી | ૪૯૦-૭૫૧ |
| અજમો | ૭૫૫-૧૩૫૦ | | વરીયાળી | ૧૧૦૦-૧૨૫૩ |
| અસાળીયો | ૧૪૮૧-૧૫૭૧ | | જીરુ | ૨૫૦૦-૩૧૫૦ |
| ચીકુડી | ૮૦૧ | | અજમો | ૧૦૦૦-૧૭૦૦ |
| ૨.બાજરી | ૩૮૧-૪૧૧ | | ઈસબગુલ | ૧૧૦૦-૧૪૭૧ |
| | થરા | | | રાહ |
| જીરૂ | ૨૩૦૦-૩૩૧૦ | | રાયડો | ૭૧૫-૭૩૦ |
| એરંડા | ૭૭૦-૭૯૬ | | એરંડા | ૭૭૦-૭૮૦ |
| રાયડો | ૬૭૦-૭૨૫ | | બાજરી | ૨૪૦-૨૬૦ |
| ઘઉં | ૩૨૧-૩૫૫ | | ચિકુડી | ૧૪૦૦-૧૫૪૦ |

# મોઢેરાના જર્જરીત સુવિધા વિનાના બસસ્ટેન્ડથી મુસાફરો ત્રાહીમામ

## લાઈટ- પાણી કે પંખાની કોઈ વ્યવસ્થા નથી



ચાણસ્મા

યાત્રાધામ મોઢેરા ખાતે એસ.ટી. તંત્ર દ્વારા વર્ષો અગાઉ બનાવવામાં આવેલું બસસ્ટેન્ડ પ્રવાસીઓ માટે કોઈપણ પ્રકારની સુવિધા ન હોવાના કારણે આજે આ બસસ્ટેન્ડ સ્મશાન વત ભાસી રહ્યું છે. વારંવારની રજુઆત છતાં એસટી તંત્ર દ્વારા લોકોની માગણી ન સંતોષવામાં આવતાં તંત્રની ઉદાસીનતા સામે ફીટકારની લાગણી ફેલાઈ છે.

મોઢેરા ગામની જનસંખ્યા આશરે ૭ હજાર કરતાં વધારે છે. અહીં શિલ્પ સ્થાપત્ય કલાના અજોડ નમૂનારૂપ સૂર્યમંદિર આવેલું છે. જ્યાં રોજબરોજ દેશ- વિદેશના પર્યટકો દર્શન માટે આવે છે. પરંતુ મોઢેરા બસસ્ટેન્ડ વર્ષોથી ખંડિયાર હાલતમાં પડ્યું છે. એસ.ટી. કેન્ટીન બંધ છે. લાઈટ પાણી કે બેઠક વ્યવસ્થા, પંખાની કોઈ સગવડ નથી. જાહેર મુતરડી અને શૌચાલય બનાવેલ છે. પરંતુ સફાઈ ન થવાના કારણે તેને પણ તાળાં લાગી ગયાં છે. અહીંથી રોજબરોજ ૧૦૦ કરતાં પણ વધારે બસોનું સંચાલન થતું હોવા છતાં પ્રાથમિક સુવિધાના અભાવે મુસાફરો ત્રાહીમામ છે. એસ.ટીનું સમયપત્રક પણ મુકવામાં આવતું નથી. બસસ્ટેન્ડમાં કંટ્રોલ પોઈન્ટ શરૂ કરી પાસ અને પાર્સલ સુવિધા આપવામાં આવે તો આ વિસ્તારના ૧૫ કરતાં પણ વધારે ગામલોકોને તેનો લાભ મળી શકે તેમ છે. પરંતુ નબળી નેતાગીરીના કારણે વર્ષો જૂની આ રજુઆત વહીવટીતંત્રના બહેરાશ કાને સંભળાતી નથી.

ડેપોની હદમાં બિનઅધિકૃત દબાણો અને રખડતાં ઢોરોના ત્રાસના કારણે વાહનોની આવનજાવન માટે પણ તકલીફ પડે છે. મોઢેરાથી પરત જતી એકપણ બસ સૂર્યમંદિર જતી નથી. પરિણામે પ્રવાસીઓને સૂર્યમંદિર જવા ખાનગી સાધનોનો ઉપયોગ કરવો પડે છે. સૂર્યમંદિરે પણ પીકઅપ સ્ટેન્ડની કોઈપણ સગવડ નથી. દિવસ આથમતાં હાલનું આ બસસ્ટેન્ડ સુવિધા વિના સ્મશાન જેવું ભાસે છે.

# ચાણસ્મા તાલુકામાં ચાલતી આંગણવાડીઓમાં બાળકોની મોટી હાજરી દર્શાવવાની ચાલતી ગેરરીતી

ચાણસ્મા

ચાણસ્મા તાલુકામાં ચાલતા આશરે ૧૦૦ જેટલા આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને પાંખી હાજરી વચ્ચે ખોટી હાજરી દર્શાવી મોટાભાગના કેન્દ્રોમાં અનિયમિતતા હોવાનું વાલીઓ જણાવી રહ્યા છે.

ચાણસ્મા તાલુકાના આશરે ૬૦ કરતાં પણ વધારે ગામોમાં ૧૦૦ જેટલા આંગણવાડી કેન્દ્રો હાલમાં ચાલી રહ્યા છે. જેમાં ૦ થી ૬ વર્ષની ઉંમરના ભૂલકાંઓને પ્રવેશ આપવામાં આવે છે. બાળકોમાં પાયાના ગુણોનું સિંચન થાય અને પૌષ્ટિક આહાર આપી સ્વાસ્થ્યમાં વધારો થાય તેવા આશય સાથે રાજ્ય સરકાર દ્વારા આવા આંગણવાડી કેન્દ્રોનું સંચાલન કરાય છે.

ચાણસ્મા તાલુકાનાં મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતા આંગણવાડી કેન્દ્રોમાં બાળકોની ખોટી હાજરી દર્શાવી તેમની પાછળ પૌષ્ટિક આહાર પૂરો પાડવાના ખર્ચના બજેટને ઉંચુ બતાવી સંચાલકો દ્વારા ગેર-રીતિ થતી હોવાથી બૂમરાડ ઉઠી છે. કેટલાક કેન્દ્રો તેના નિર્ધારીત ટાઈમટેબલ પ્રમાણે ચાલુ રાખવામાં આવતા નથી અને પૂરતા સમય માટે આંગણવાડી કેન્દ્રો ક્યારેક ખોલવામાં પણ આવતા નથી. કેન્દ્રમાં ફરજ બજાવતા તેડાગર અને આંગણવાડી કાર્યકરોની હાજરી પણ અનિયમિત હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મનફાવે ત્યારે કેન્દ્ર ખોલવામાં આવે છે અને હાજર બાળકોની સંખ્યા ઓછી હોવા છતાં હાજરી પત્રકમાં ૧૦૦ ટકા હાજરી બતાવી દેવામાં આવે છે.

તાલુકામાં આંગણવાડી કેન્દ્રોમાં ચાલતી લાલિયાવાડી સામે નિયમિત આંગણવાડીની સરપ્રાઈઝ વિઝિટ કરવામાં આવે તો સત્ય બહાર આવી શકે તેમ છે. બાળકોના પાયાનું ઘડતર, પૌષ્ટિક આહાર આપવાની યોજના આ તાલુકામાં બેઅસરકારક રીતે ચાલી રહી છે.

# મોઢેરામાં શ્રી મહાકાલી માતાનો ત્રિદિવસીય મહોત્સવ યોજાયો



ચાણસ્મા

બહુચરાજી તાલુકાના મોઢેરા ગામે સૂર્યમંદિર રોડ ઉપર આજથી ૨૫ વર્ષ પહેલાં બાંધવામાં આવેલ શ્રી મહાકાલી માતાજીના રજતજયંતિ પ્રસંગે ત્રિદિવસીય પાટોત્સવ તા.૧૬ થી ૧૮ દરમિયાન ભારે ધામધુમથી યોજવામાં આવ્યો હતો.

પાટોત્સવના આજે બીજા દિવસે સવારે મહાકાલી માતાજીની શોભાયાત્રા નીજમંદિરેથી નીકળી ગામની પ્રદક્ષિણા કરી બપોરે પરત ફરી હતી. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્ત સમુદાય ઉમટી પડ્યો હતો. ધાર્મિક નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.'બોલ મારી મહાકાલી જય જય મહાકાલી" ના નારા સાથે શોભાયાત્રાની પુર્ણાહુતિ કરવામાં આવી હતી. પ્રતિષ્ઠાના અંતિમ દિવસે આવતી-કાલે યમદેવ, વરૂણદેવ અને કુબેરદેવનો પ્રાણ પ્રતિષ્ઠા યજ્ઞ યોજાશે. અને નવચંડી યજ્ઞનો પ્રારંભ સવારે ૮ વાગે થશે અને બપોરે ૧૨-૩૯ કલાકે ધજા ચડાવાશે. સાંજે ૫/૦૦ વાગે શ્રીફળ હોમબાદ મહાઆરતી થશે અને રાત્રિના સમયે આજુબાજુના ગામમાંથી તેમજ મોઢેરા ગામના સમસ્ત ગ્રામજનો માનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવશે.

# હિંમતનગરમાં પ્રમુખસ્વામી મહારાજ માર્ગનું નામકરણ




હિંમતનગર

બીએપીએસ સંસ્થાના વર્ષ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિમાં માં આજરોજ નગરપાલિકા દ્વારા બે મહત્વના માર્ગોને પ્રમુખસ્વામી મહારાજ માર્ગ નામ આપવામાં આવ્યું. જેમાં સહકારી જીન ચાર રસ્તા થી હડીયોલ પુલ છાપરીયા હનુમાનજી મંદિર સુધીના માર્ગને પ્રમુખસ્વામી મહારાજ માર્ગ નામ આપવામાં આવ્યું .જેના બોર્ડની અનાવરણવિધિ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના કોઠારી પૂજય મંગળ પુરુષ સ્વામી, પૂજય કૌશલ મુનીદાસ સ્વામી, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા ,નગરપાલિકાના પ્રમુખ અનિરૂધ્ધભાઈ સોરઠીયા અને નગરપાલિકાના ચીફ ઓફિસર પૈચાભાઈ માળી, નગર પાલિકાના પૂર્વ પ્રમુખ નીલાબેન પટેલ અને ચૂંટાયેલા સભ્યો તથા શહેરના અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવો હાજરીમાં કરવામાં આવી. આ સાથે મહાવીર નગરમાં કાંકરોલ રોડ પર આવેલા મહાકાળી મંદિરથી કાંકરોલ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર સુધીના માર્ગને પણ પ્રમુખસ્વામી મહારાજ માર્ગ નામાભિધાન કરવામાં આવી .જેમાં બોર્ડ અનાવરણવિધિ કાંકરોલ સરપંચ બીરેનભાઈ પટેલ ,પૂજય સંત તથા શહેરના પ્રતિષ્ઠિત મહાનુભાવોની હાજરીમાં કરવામાં આવી ત્યારબાદ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે મહાનુભાવોની હાજરીમાં સભાનું આયોજન કરવામાં આવેલ હતું ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મની વિજય પતાકા અને દેશ-વિદેશમાં ફેલાવનાર વિશ્વવંદનીય મહાસંતનું નામ નગરના માર્ગો સાથે જોડતા શહેરની જનતામાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી તેમજ નગરપાલિકાના આ નિર્ણયને સૌએ સહર્ષ વધાવી લીધો હતો.

# ગાંગલાસણ અને ગણેશપુરા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો







સિધ્ધપુર

રાજ્ય સરકારના અભિગમ મુજબ દરેક બાળક શાળામા અભ્યાસ કરી શિક્ષણ મેળવી પોતાની કારકદી ઉજ્જવળ બનાવે તેવો રહ્યો છે અને આવાજ કારણોથી છેલ્લા કેટલાક વર્ષોથી વેકેશન બાદ શાળાઓ ખુલે ત્યારે તેનો ઉત્સવ બનાવી પ્રવેશોત્સવ કાર્યક્રમ રાખવામા આવે છે. આવા કાર્યક્રમમાં રાજયકક્ષાના મહાનુભાવોની ઉપસ્થિત ઉત્સાહ અપાવે છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ચેરમેન બલવંતસિંહ રાજપૂતે સરસ્વતી તાલુકાના વાગડોદ અને કોઈટા ગામે તેમજ સિધ્ધપુર તાલુકાના ગાંગલાસણ અને ગણેશપુરા ગામે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૮ અંતર્ગત આંગણવાડીમાં પ્રવેશતા બાળકોને રમકડાંની કીટ, ધોરણ ૧ અને ધોરણ ૯ પ્રવેશતા બાળકોને પુસ્તકો, કન્યાઓને સાયકલ, તેજસ્વી વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કર્યું હતું. તે ઉપરાંત ચારે ગામમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં સિધ્ધપુર તાલુકા પંચાયતના પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર, મનરેગા ડાયરેક્ટર શંભુભાઈ દેસાઈ, તાલુકા ડેલીગેટ અંતરબા ઠાકોર અને કલાવતીબેન પટેલ રમીલાબેન ગાંધી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સી. એસ. પાબુવંસી, એચ. કે.વ્યાસ તાલુકાના આગેવાનો, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉંઝા તાલુકા મામલતદાર કચેરીમાં ચાલતી ગેરરીતિ : સરકારી બાબુઓને જલસા

ઉંઝા

ઉંઝા ખાતે આવેલ તાલુકા મામલતદાર કચેરીમાં છેલ્લા કેટલાક વખતથી ભ્રષ્ટાચારના મહારાક્ષસે માથું ઉંચક્યું હોવાની લોક ફરિયાદો ઉઠવા પામી છે

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઉંઝા મામલતદાર કચેરીની ઈધરા, સબરજીસ્ટ્રાર, મહેસૂલ શાખાઓમાં કામકાજ અર્થે આવતા નાગરિકો પાસેથી કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ વ્યાપકપણે કટકી કરતા હોવાનું સરેઆમ ચર્ચાય છે. ઈધરા તથા જમીન મહેસૂલને લગતા કામકાજમાં આ કચેરીના સરકારી બાબુઓને જ્યાં સુધી નૈવેધ ન ધરાવાય ત્યાં સુધી તેઓ રીઝતા નથી અને નાગરિકોને ખોટી રીતે ધક્કા ખવડાવી કામમાં વિલંબ થાય તેવી કુટનીતિ અપનાવતા હોય છે. આ કચેરીમાં કામકાજ અર્થે આવતા લોકો પાસેથી ગેરકાયદે નાણાં માગવામાં સરકારી બાબુએ લેશમાત્ર શરમ અનુભવતા નથી. અને જાણે એક શિરસ્તો હોય તેમ આ કચેરીમાં કામ મંજુર કરાવવા રૂપિયા માંગી લેવાય છે. આવા ભ્રષ્ટાચારના કિસ્સાના કેટલાયે લોકો ભોગ બન્યા છે. પરંતુ કોણ જાણે કેમ તેઓની મજબૂરી અણઆવડત યા સક્ષમ ન હોવાથી ફરિયાદો થઈ શકતી નથી. પરિણામે ભ્રષ્ટાચારી તત્વોને ફાવટ આવી ગઈ છે.

આ કચેરીની જુદી જુદી શાખાઓમાં ગેરરીતિઓ થતી હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. આ અંગે ઉચ્ચકક્ષાએથી ઝીણવટભરી તપાસ હાથ ધરાય તો ઘણી ચોંકાવનારી હકીકતો બહાર આવે તેમ છે. તેવું લોકોમાં બોલાય છે. કચેરીમાં કામકાજ અર્થે આવતા નાગરિકોને વ્યવસ્થિત યોગ્ય માર્ગદર્શન મળતું નથી. ઉલ્ટાનું તોછડાઈ ભર્યુ વર્તન કરીને હેરાન પરેશાન કરવાની પ્રવૃત્તિ કરાય છે. જમીનને લગતી નોંધો, પ્રાંત અધિકારીના હૂકમોના અમલમાં ખાસ્સો વિલંબ કરાય છે.

આ કચેરીમાં મોટાભાગે ગરીબ વર્ગ, ખેડૂતવર્ગ અને જરૂરીયાત વાળા માણસો કામકાજ અર્થે આવે છે. જે પૈકી જેઓને કુદરતે થપાટ મારી છે. તેવા માણસોને પણ આ કચેરીના બાબુઓ થપાટ મારવાનું ચૂકતા નથી. જ્યારે રાજકરણીઓ, રાજકીય વગ ધરાવતા આર્થિક રીતે શક્તિશાળી તેમજ ગેરકાયદે વ્યવહારમાં સમજતા લોકોના કામો ઝડપથી થાય છે. કહે છે કે, આ કચેરીમાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓ અને કથિત એજન્ટોની ટોળકી સાથે મળી સંઘબળથી ભ્રષ્ટાચાર કરે છે. અને અંદરોઅંદર હોદા પ્રમાણે ભાગ બટાઈ થતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

કહે છે કે, મામલતદાર કચેરીમાં કેટલાક સ્ટેમ્પ વેન્ડરો અને તેમના માણસો લોકોના કામકાજમાં વચેટીયા તરીકેની ભૂમિકા અદા કરીને લોકો પાસેથી તગડી રકમ પડાવતા હોવાનું લોકજીભે ચર્ચાય છે. કેટલાક સ્ટેમ્પ વેન્ડરો એટલા રીઢા બની ગયા છે કે, નાગરિકોને ૨૦ રૂપિયાના સ્ટેમ્પ આપવામાં અખાડા કરતા હોય છે.

નવાઈની વતા તો એ છે કે, ઉંઝા તિજોરી કચેરીના અધિકારી પણ સ્ટેમ્પ વેન્ડરો સામે પગલાં ભરવામાં પાછી પાની કરી રહ્યા છે. ઉપરોક્ત બાબતે ઉચ્ચ કક્ષાએથી નિષ્ઠાવાન અધિકારી દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરાય તો ઘણી ચોંકાવનારી હકીકત બહાર આવે તેમ છે.

# બહુચરાજીના ધારાસભ્યે મારૂતી-સુઝુકી કંપનીમાં સ્થાનિક બેરોજગારની ભરતી કરવાના મુદે આપેલ ૩૦ દિવસના અલ્ટીમેટમનું સૂરસુરિયુ

ચાણસ્મા

મારૂતિ-સુઝુકી કંપનીમાં સ્થાનિક બેરોજગાાર યુવાનોને રોજગારી આપવાના મુદે બહુચરાજીના ધારાસભ્ય ભરતજી ઠાકોરે કંપનીને ૩૦ દિવસમાં યોગ્ય નિર્ણય કરવાનું અલ્ટીમેટમ આપ્યું હતું. આ ચેતવણીની મર્યાદા ૧૧ જુનના રોજ પુરી થતાં ધારાસભ્યના સુર બદલાવા લાગ્યાં છે. તેઓ કહે છે કે શાળાઓ ખુલવાથી કોઈ વિદ્યાર્થીને એડમીશન લેવામાં તકલીફ પડે નહી તે માટે ૧૨ મી જૂનના રોજ કંપનીના કન્ટેનરો રોકવાનો કાર્યક્રમ મોકુફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ધારાસભ્યની જાહેરાતના પગલે બહુચરાજી પંથકમાં આ મુદે રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. અનેક જાતના તર્કવિર્તકો થવા લાગ્યા છે. રાજકીય વિશ્લેશકોનું માનવું છે કે સ્થાનિક યુવાનો અને સ્થાનિક કોંગ્રેસ કાર્યકરોનો મોળો પ્રતિસાદ મળતાં કાર્યક્રમ નિષ્ફળ જવાના ભયથી વિદ્યાર્થીઓનું કારણ આગળ કરી કાર્યક્રમ મોકુફ રખાયો છે. બેરોજગાર યુવાનો કહે છે ધારાસભ્ય જાહેરસભાઓમાં ગાજ્યા એવા વરસ્યાં નહી. ૧૦ હજારથી વધુ યુવાનો સાથે સડક પર ઉતરી પડીશું અને કંપનીના કન્ટેનરોના ટાયરો રોડ પર થંભાવી દઈશું. જેવી મંચ પરથી કરવામાં આવેલી જાહેરાત પોકળ સાબિત થઈ છે. બહુચરાજી ધારસભ્યે ૧૨ મી મેના રોજ મારૂતિ-સુઝુકીમાં પત્ર લખી ૩૦ દિવસમાં સ્થાનિક બેરોજગાર યુવાનોને રોજગારી આપવા અંગે યોગ્ય નિર્ણય કરવાનું અલ્ટીએમ આપ્યું હતું. અને તેના અનુસંધાને ૨૨ મી મેના રોજ બહુચરાજીની ઉમિયાવાડીમાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ૮૦૦ થી વધુ બેરોજગાર યુવાનો અને આગેવાનો હાજર રહ્યાં હતાં. આ બેઠકમાં ધારાસભ્યે રણશિંગુ ફુંકતાં જણાવ્યું હતું કે જો કંપની આપણી માંગણી સંતોષવાના ક્ષેત્રે આડોડાઈ કરશે તો સૌ પ્રથમ જનઆંદોલન કરીશું ૧૦ હજારથી વધુ યુવાનો સાથે સડક પર ઉતરી પડીશું અને કંપનીના કન્ટનરોને રોડ પર થંભાવી દઈશું. જરૂરપડશે તો અલ્પેશ ઠાકોર, હાર્દિક પટેલ અને જિજ્ઞેશ મેવાણીને બોલાવીશું. ધારાસભ્યની આક્રમક જાહેરાતને લોકોએ તાળીઓ સાથે સંહર્ષ સ્વીકારી લીધી હતી. યુવાનામોં આશાના કિરણની ઝલક જોવા મળી હતી. પરંતુ ધારાસભ્ય વિદ્યાર્થીઓનું કારણ આગળ ધરી કાર્યક્રમ મોકુફ કરવાની જાહેરાત કરતાં બેરોજગાર યુવાનોમાં જન્મેલું આશાનું કિરણ ખીલે તે પહેલાં મુરઝાઈ ગયું હોય તેવી સ્થિતનું નિર્માણ થવા પામ્યું છે.

## વિદ્યાર્થીના હિતમાં કાર્યક્રમ મોકુફ રાખ્યો છે : ધારાસભ્ય

૧૨ જુનના રોજ ૧૦ હજાર યુવાનો સાથે સડક પર ઉતરી કંપનીના કન્ટેનરોને રોડ પર થંભાવી દેવાની કરવામાં આવેલી જાહેરાત અંગે ધારાસભ્યે જાહેર અપીલ કરતાં જણાવ્યું છે કે શાળાઓ ખુલવાથી કોઈ વિદ્યાર્થીને એડમીશન લેવામાં તકલીફ પડે નહી તે માટે ૧૨ મી જૂનના રોજ કંપનીના કન્ટેનરો રોકવાનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવે છે. બીજી તારીખ નક્કી કરી સહુને જાણ કરવામાં આવશે

**ભાભર પોલીસે મોતનો મલાજો ન જાળવતા હોબાળો**

# પોલીસે હદના નામે ફરીયાદ ન લેતાં યુવાનની લાશ ૮ કલાક સી.એચ.સી. મેદાનમાં રઝળી

**પી.એમ. ન થતાં ધારાસભ્ય `ગેનીબેન ઠાકોર લાશ આગળ ધરણાં ઉપર બેસી ગયા**


(વનરાજસિંહ રાઠોડ)

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર પોલીસ મોતનો મલાજો ન જાળવતા ભાભર સી.એચ.સી. ખાતે લાશના પી.એમ.ને લઈ ધારાસભ્ય ગેનીબેન ઠાકોરને ધરણાં ઉપર બેઠેલા જોઈ મૃતકના સ્વજનો અને ઠાકોર સમાજ મોટી સંખ્યામાં દવાખાને એકઠો થઈ પોલીસ સામે આક્રોશ વ્યક્ત કરતા મોટો હોબાળો મચી ગયો હતો. જોરાવર ગઢ પાટીયા પાસે ઠાકોર વિક્રમભાઈ છગનજી ઉ.વ.૧૬ વાળાનુ માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયુ હતું. ૧૦૮ વાન દ્વારા મૃતકની લાશને ભાભર સી.એચ.સી. ખાતે લવાઈ હતી. ભાભર પી.એસ.આઈ. રાણેને ધારાસભ્યે ફોન દ્વારા ફરિયાદ નોંધવા જાણ કરતા ભાભર પી.એસ.આઈ. એ કહેલ કે અકસ્માત સુઈગામની હદમાં થયો છે. તમે સુઈગામ પોલીસને જાણ કરો. સુઈગામ પોલીસ અને વાવ પોલીસને

અનુસંધાન પાના નં.૬

# મજાદરની સગીરાને લગ્નની લાલચ આપી પરપ્રાંતીય યુવક ભગાડી જતાં ફરિયાદ

**બે દિવસ બાદ સગીરાએ લગ્ન કરી લીધાની ફોન દ્વારા પરિવારને જાણ કરી**

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના મજાદર ગામે એક સગીરાને રેલવે માં મજૂરીકામ કરતા યુવકે લગ્નની લાલચ આપી દુષ્કર્મના ઈરાદે લલચાવી ફોસલાવીને ભગાડી જતા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી યુવક ઉત્તરપ્રદેશનો હોવાનું જાણવા મળે છે. વડગામ તાલુકાના મજાદર ગામે રેલવે ઓવરબ્રિજનો કામ ચાલી રહ્યું છે જેમાં એક પરપ્રાંતીય યુવક મજૂરી કામ કરતો હતો તેને મજાદર ગામની એક ૧૪ વર્ષીય સગીરાને પોતાના પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી દુષ્કર્મના ઈરાદે શુક્રવારે બપોરે તેને ભગાડી ગયો હતો.

જેથી પરિવારે બે દિવસ શોધખોળ કર્યા બાદ સગીરા ન મળતાં સગીરાના પરિવારે આ કામના આરોપી ગોવિંદરામ ગુડુરામ ધોબી( રહે મુંડાધામુ જિલ્લો તાલુકો લખિમપુર ખીરી ઉત્તર પ્રદેશ વાળા સામે પોસ્કો એક્ટ મુજબ ગુનો નોંધાવ્યો હતો. જોકે સગીરાએ તેના પરિવારને યુવક સાથે લગ્ન કરી લીધા હોવાની મોબાઈલ ઉપર જાણ કરી હોવાનું પોલીસને જણાવ્યું હતું.

# ડીસામાં બસ અને બાઈક વચ્ચે અકસ્માત : બાઈકચાલકને ઇજા


(ભરત સુંદેશા)

ડીસા

ડીસા શહેરમાં સોમવારે બપોરે સર્જાયેલા અકસ્માતમાં એક વ્યક્તિનો આબાદ બચાવ થયો છે.આ ઘટનાના પગલે રોડ પર ટ્રાફિક જામ થઈ ગયું હતું.

ડીસા શહેરમાં રહેતા અને ફેરિયાનો વ્યવસાય કરતો મહેશભાઈ રમેશભાઈ પરમાર નામનો યુવક ગતરોજ બપોરે તેના મોટર સાયકલ પર ખાખરા વેચવા માટે નીકળ્યો હતો. મહેશ પરમાર ડીસાના સાઈબાબા મંદિરથી જલારામ મંદિર તરફ જઈ રહ્યો હતો તે દરમ્યાન સરકારી વસાહત નજીક ડીસાથી બાડમેર રૂટની બસના ચાલકે પાછળથી બાઈકને ટક્કર મારતા મહેશ પરમારને ગંભીર ઈજાઓ થઈ હતી. આ અકસ્માતના પગલે ઘટનાસ્થળે લોકોનું ટોળું જમા થઈ ગયું હતું અને ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે ડીસાની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.આ ઘટના બન્યા બાદ જલારામ મંદિરથી સાઈબાબા મંદિર સુધીના માર્ગ પર ટ્રાફિકજામ સર્જાઈ ગયો હતો.જોકે સદ્ ભાગ્યે આ અકસ્માતમાં મોટર સાયકલ ચાલકનો જીવ બચી ગયો હતો.

# સૂઈગામ તાલુકા પંચાયતમાં 'મહિલા પ્રમુખ' નો વહીવટ તેમના 'સસરા' ના હાથમાં

**સરહદી પંથકમાં મહિલા અનામતના ધજાગરા**


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

તાલુકા પંચાયતમાં અથવા સરપંચ પદે જો મહિલા સીટ હોય અને તેનો વહીવટ તેનો પુત્ર- પતિ કે સસરા કે પછી પૌત્ર કરતો હોય છે જે બદીને દૂર કરવા કેન્દ્ર સરકારે એક નવો પ્રસ્તાવ અમલમાં મુક્યો છે. જેમાં ડખલગીરી થશે તો મહિલા પ્રમુખ કે પછી મહિલા સરપંચનું સભ્ય પદ રદ થઈ જશે અને તેની સમગ્ર જવાબદારી જિ.કલેક્ટરને સોંપાય છે. વધુમાં બેકસીટ ઉપર બેસી વહીવટ કરતા પુરૂષોની વ્યાપક ફરિયાદ અને હોદ્દાના દુરૂપયોગના મુદ્દે કેન્દ્રના મહિલા બાળ વિકાસ મંત્રાલયે સુચનો પણ મંગાવ્યા છે. બંધારણના ૭૩ માં

અનુસંધાન પાના નં.૬

# ડીસા તાલુકાના યાવરપુરા ગામે ઘાસમાં આગ લાગી

ડીસા

બનાસકાંઠામાં કાળ જાળ ગરમીતિ લોકો ત્રાહિમામ થઈ ગયા છે અને ગરમીથી આગ લાગવાના બનાવો પણ સામે આવે છે ત્યારે આજે ડીસા તાલુકાના યાવરપુરા ગામમાં એક ખેડૂતના ખેતરમાં ઘાસમાં આગ લાગી અને મોટું નુકસાન થવા પામ્યું હતું

ડીસા તાલુકાના યાવરપુરા ગામે રહેતા સુથાર ભરતભાઈના ખેતરમાં અગમ્ય કારણોસર પડેલ બે હજાર ઘાસ પૂળામાં અચાનક આગ લાગી

અનુસંધાન પાના નં.૬

**૨૦૧૭ પાક વિમાના મુદ્દે**

# વાવ તાલુકા કિસાન સંઘે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

પ્રધાનમંત્રી પાક વિમા યોજના થકી બનાસકાંઠા જિલ્લાના ખેડુતો પાક ધિરાણમાંથી બેન્કો દ્વારા વીમા પ્રિમિયમ ખાતામાંથી કાપી લઈ એસ.બી.આઈ. ઈન્સ્યુરન્સ કંપનીમાં જમા થઈ ગયેલ છે. ૨૦૧૭ માં પુર હોનારતના કારણે ખેડુતનો પાક સાવ નિષ્ફળ ગયેલ. પાક વિમાના પૈસા ખેડુતોએ વિમા કંપનીને આપી દીધેલ છે. ખેડુત વિમા વળતરના હકદાર છે. જિલ્લામાં અંદાજે ૬૮૦૦૦ (અડસઠ હજાર) ખેડુતોનું ત્રણસો કરોડ જેટલુ ધિરાણ સાથે લગભગ આઠ કરોડ જેટલુ વિમા પ્રીમીયમ ભરેલ છે. જિલ્લામાં દોઢ લાખ જેટલા હેક્ટરમાં વાવેતર કરેલ હતું. પરંતુ આજદિન સુધી વિમા કંપની દ્વારા ખેડુતને વળતર ચુકવવામાં આવેલ નથી. ભા.કિ.સંઘ દ્વારા વારંવાર

અનુસંધાન પાના નં.૬

# અંબાજી નજીક રાજસ્થાન રોડવેજની બસ અને જીપ વચ્ચે અકસ્માત : બેનાં મોત



અંબાજી

આજે બપોર બાદ યાત્રાધામ અંબાજી નજીક શિતળામાતા ની ઘાટી માં રાજસ્થાન રોડ-વેજ ની એસ.ટી બસ અને જીપ ધડાકાભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં જીપ ચાલકનું ઘટના સ્થળે જ મોંત નિપજ્યુ છે. જ્યારે જીમાં સવાર અન્ય ૧૪ જેટલાં મુસાફરો ને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામને અંબાજીની કોટેજ હોસ્પીટલમાં ખસેડાયા છે. જોકે અંબાજીથી રોંગ સાઈડમાં જઈ રહેલી રાજસ્થાન રોડ વેજ ની એસ.ટી બસ સામેથી આવી રહેલી કમાન્ડર જીપ ને ધડાકા ભેર અથડાઈ હતી. જોકે આ ઘટના બનતાં રાજસ્થાન રોડવેઝ બસનો ચાલક ફરાર થઈ ગયો હતો. એટલુંજ નહીં પ્રત્યકદક્ષી સાગર શાહનું માનવું છે કે રાજસ્થાન રોડ વેઝ બસનો ચાલક નશામાં હોવાનું જણાવી રહ્યા છે.જોકે આ અકસ્માતમાં મોતના આં-કડાની સંખ્યા વધીને કુલ ત્રણ થવા પામી છે.

# થરા હાઇવે પર એક્ટિવા ટ્રેક્ટર નીચે ઘુસી જતાં ત્રણને ઈજાઓ


યશપાલસિંહ વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના થરા -શિહોરી હાઈવે પર કર્ણાવતી સોસાયટી નજીક ગઈકાલે બપોરના સુમારે શિહોરી તરફથી વિરામજી ઠાકોર (રહે.કાટેડીયા, ઉંમર આ.૩૦) તથા સુપ્રિયાબેન ગાંડાજી ઠાકોર, નરેશજી ગાંડાજી ઠાકોર બન્ને રહેવાસી થરા વાળા એક્ટિવા જી.જે.૨૪.એ. બી.૭૧૧૧ નંબરનું લઈને થરા તરફ આવી રહ્યા હતા. આ સમય દરમિયાન કર્ણાવતી સોસાયટી નજીક શક્તિ પેલેસ હોટેલ ની સામે નેશનલ હાઈવે પર આવી રહેલ ટ્રેક્ટરની અંદર એક્ટિવા ઘુસી જતા એક્ટિવામાં સવાર ત્રણેય જાણાને ગંભીર ઈજાઓ થઈ અનુસંધાન પાના નં.૬

# પાક વીમા માટે બનાસકાંઠાના ખેડૂતોએ વડાપ્રધાનને પોસ્ટકાર્ડ લખ્યા


ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠામાં ખેડુતોનાં પાક નિષ્ફળ બાદ પાક વીમાની સહાય ન મળતાં આખરે ખેડુતો પી.એમ.ને બનાસકાંઠા જિલ્લામાં ૧૦,૦૦૦ થી વધુ પોસ્ટકાર્ડ લખ્યા અને ડીસા નાયબ કલેકટરને આવેદનપત્ર આયુ હતું

બનાસકાંઠામાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭ માં પૂર આવવાના કારણે ખેડુતોનાં પાક નિષ્ફળ થયાં હતાં જે પાક નિષ્ફળ થતા ખેડુતો એ પાક વીમા માટે રજુઆત કરી હતી જેમાં બનાસકાંઠા નાં ૬૮ હજાર ખેડુતો નાં ૧.૫૦ લાખ હેક્ટર જમીનમાં પાક નિષ્ફળ ગયો હતો અને ખેડુતો દ્વારા વર્ષે ૩૫૦ કરોડની લો સામે એબીઆઈ વીમા કંપની એ ૩.૭ કરોડ વીમાનાં અનુસંધાન પાના નં.૬


